અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

અનુષ્કા અને વિરાટ હનુમાન અંશની સિકવલમાં કેમિયો કરે તેવી ચર્ચા





પેજ-09

મેસીના શાનદાર ગોલથી મિયામી મેચ બચાવી શક્યું....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 28.00 | 26.00 |


પેજ 5




લિક્વિડિટી પાછી ખેંચવા રિઝર્વ બેન્ક હવે બોન્ડ બહાર પાડશે


14 SEPTEMBER-2026 MONDAY


ભારતમાં નાગરિકતા માટેના નિયમો પર ઈલોન મસ્કની ટિપ્પણી ચર્ચામાં




પેજ 10


**.....સુવિચાર.....**

આ યાદશક્તિ પણ ગજબ છે
કોઈ કહે તો યાદ ન રહે,
અને કોઈ કહી જાય તો ભુલાતું નથી...


વર્ષ-15 । અંક-300 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## અમારું ગઠબંધન "ગોવા ફર્સ્ટ" કહેવાશે, જે ભાજપ-કોંગ્રેસનો મજબૂત વિકલ્પ બનશે- કેજરીવાલ

# કેજરીવાલે ગોવામાં આમ આદમી પાર્ટી અને ગોવા ફોરવર્ડ પાર્ટી વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી

(એજન્સી) ગોવા | તા.13

કોંગ્રેસ અને ભાજપથી વારંવાર છેતરાઈ રહેલી ગોવાની જનતાને રવિવારે ત્રીજો મજબૂત વિકલ્પ ''ગોવા ફર્સ્ટ'' ગઠબંધનના રૂપમાં મળી ગયો. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગોવા ફોરવર્ડ પાર્ટી (જીએફપી)ના પ્રમુખ વિજય સરદેસાઈની હાજરીમાં ગોવા વિધાનસભા ચૂંટણી પહેલાં ગઠબંધનની મોટી જાહેરાત કરી. અરવિંદ કેજરીવાલે કહ્યું કે ''આપ'' અને જીએફપીનું 'ગોવા ફર્સ્ટ' ગઠબંધન ગોવામાં ભાજપ અને કોંગ્રેસનો મજબૂત વિકલ્પ બનશે. ગણેશ ચતુર્થીના દિવસે અમે ગોવાની રાજનીતિમાં આ નવી શરૂઆત કરી રહ્યા છીએ. ગોવામાં આગામી સરકાર 'ગોવા ફર્સ્ટ' ગઠબંધનની બનશે. ત્રીજો વિકલ્પ ન હોવાના કારણે ભાજપ અને કોંગ્રેસે મળીને ગોવાને બરબાદ કરી નાખ્યું. બે વખત ભાજપ અને કોંગ્રેસથી છેતરાઈ ચૂકેલી ગોવાની જનતા ત્રીજી વખત છેતરાવાના મૂડમાં નથી.રવિવારે ગોવાના અબોલિમ હોલમાં ગોવા ફોરવર્ડ પાર્ટીના વિજય સરદેસાઈ સાથે સંયુક્ત પ્રેસવાર્તા કરીને અરવિંદ કેજરીવાલે કહ્યું કે એવું કહેવાય છે કે શુભ કાર્ય ગણેશજીનું નામ લઈને કરવું જોઈએ. તેથી ગણેશ ચતુર્થીથી વધુ સારો કોઈ અવસર હોઈ શકે નહીં. આજે અમે ગોવામાં ગોવા ફોરવર્ડ પાર્ટી અને આમ આદમી પાર્ટીના ગઠબંધનની જાહેરાત કરી રહ્યા છીએ, જેનું નામ ગોવા ફર્સ્ટ ગઠબંધન છે. આ ગઠબંધન બનાવવાની જરૂર એટલા માટે પડી કારણ કે



છેલ્લા ઘણા વર્ષોથી ગોવાના લોકો જોઈ રહ્યા છે કે તેમની પાસે કોઈ વિકલ્પ નથી. તેઓ કાં તો કોંગ્રેસને મત આપીને જીતાડે છે અથવા ભાજપને મત આપે છે અને બંને પાર્ટીઓ વચ્ચે એક ગઠબંધન ચાલી રહ્યું છે. 2017માં લોકોએ ભાજપથી પરેશાન થઈને કોંગ્રેસને મત આપ્યો અને કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને વેચીને ભાજપની સરકાર બનાવડાવી. 2022માં ફરીથી લોકોએ ભાજપ વિરુદ્ધ મત આપ્યો, પરંતુ ફરીથી કોંગ્રેસે ભાજપને આંકડા આપ્યા અને ભાજપની સરકાર બનાવી.અરવિંદ કેજરીવાલે કહ્યું કે લોકો બે વખત છેતરાઈ ચૂક્યા છે અને હવે ત્રીજી વખત છેતરાવાના મૂડમાં નથી. લોકોને વિકલ્પ જોઈએ છે. એક તરફ કોંગ્રેસ, તો બીજી તરફ ભાજપ લોકોને છેતરી રહી છે. ચૂંટણી દરમિયાન ભાજપવાળા કોંગ્રેસને ખૂબ ગાળો આપે છે અને ત્યારબાદ એ જ કોંગ્રેસવાળાને લઈને સરકાર બનાવી લે છે. આજે ભાજપની સરકાર છે, પરંતુ તેમાં અડધાથી વધુ કોંગ્રેસીઓ છે. આ બંને પાર્ટીઓ એક રીતે મળીને છેતરપિંડી કરી રહી છે. અંદરખાને બંને વચ્ચે પ્રેમ-મોહબ્બત, સેટિંગ અને ડીલ છે. ગોવાના લોકો દુઃખી છે.અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ સરકારની કોઈ વિચારધારા નથી. આ ન તો ભાજપની સરકાર છે અને ન તો કોંગ્રેસની સરકાર છે. આ માત્ર પૈસાની સરકાર છે અને માફિયા રાજ છે. તેમના માટે માત્ર પોકેટ ફર્સ્ટ છે, જ્યારે અમારું ગઠબંધન ગોવા ફર્સ્ટ છે. આજે ગોવાના દરેક ક્ષેત્રમાં માફિયા રાજ છે, બિલ્ડર અને કોન્ટ્રાક્ટરો ગોવા પર રાજ કરી રહ્યા છે. આજે જો કોઈ ભાજપના લોકો સાથે વાત કરે, તો તેમને પાક્કી ખબર છે કે તેમની સરકાર આવવાની નથી અને તેમને બહુમતી મળવાની નથી. પરંતુ ભાજપવાળા બેશરમીથી ખુલ્લેઆમ કહે છે કે અમારી છ સીટ પણ આવી ગઈ, તો પણ સરકાર તો અમારી જ બનશે, કારણ કે કોંગ્રેસ છે ને.અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભાજપ અને કોંગ્રેસ બંને મળીને ભાજપની સરકાર બનાવવા અંગે ખૂબ જ કોન્ફિડન્ટ છે. લોકો આ બદલવા માંગે છે. અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસને છોડીને લોકો પાસે કોઈ વિકલ્પ નહોતો. આજે પહેલીવાર ''ગોવા ફર્સ્ટ''ના રૂપમાં એક મજબૂત વિકલ્પ આવ્યો છે, જે એક બિન-ભાજપ અને બિન-કોંગ્રેસ ગઠબંધન છે.









# ભાજપનો 'ખાતો નથી, ખાવા દેતો નથી' નો દાવો પોકળ: ગુજરાતમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ હોવાનો મનોજ સોરઠીયાનો આક્ષેપ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા એવું કહે છે કે 'ખાતો નથી અને ખાવા દેતો નથી'. પણ હકીકત એ છે કે વ્યવસ્થામાં બેઠેલા તમામ લોકો, નેતાઓ અને સરકારી કર્મચારીઓ ભ્રષ્ટાચારમાં લિપ્ત છે. ભારતીય જનતા પાર્ટીના રાજમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો છે. આજે પંચાયત રાજ સમિતિનો એક અહેવાલ આવ્યો છે, જેમાં કરોડો રૂપિયા બેફામ વપરાઈ ગયાનો કોઈ હિસાબ નથી. પંચાયત રાજ સમિતિએ જણાવ્યું કે વર્ષો પહેલાં જે બેફામ વપરાયેલા પૈસા છે, તે વસૂલ કરવા માટેના ઓર્ડર થયા હોવા છતાં એક પણ રૂપિયો પાછો વસૂલ થયો



નથી. મતલબ કે આખી સિસ્ટમ જ લીક છે. તમામ ઓડિટ રિપોર્ટમાં ચોરી થઈ છે તે સાબિત થયું છે અને પૈસા ખોટા વપરાયા છે તેની સાબિતી પણ સરકારને સોંપવામાં આવી છે, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આખી વ્યવસ્થામાં માત્ર એક જ નારો છે 'લૂંટો, જેટલું બને એટલું લૂંટો'. આ જ ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી નીતિ છે. એટલા માટે જ આજે ગુજરાતની પંચાયતો, ગામડાંઓ કે ગુજરાતના તમામ વિસ્તારોમાં ચારેય તરફ ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભ્રષ્ટાચારને લીધે રોડ-રસ્તા ખરાબ થઈ જાય છે, ટાંકીઓ, સળિયાં અને સિમેન્ટ ખવાઈ જાય છે, પણ કોઈ સામે કાર્યવાહી નહીં કે કોઈ ભ્રષ્ટાચારીને સજા નહીં! આ ભાજપની નીતિના કારણે આજે આપણી હાલત ખરાબ છે. હવે જાગવાનો સમય છે અને ભાજપની આ લૂંટનો હિસાબ માગવાનો સમય છે.

# દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે હેમંત ખવાએ સરકારને ચીમકી ઉચ્ચારી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપણને તમામ લોકોને આશા હતી કે વિધાનસભાના સત્રમાં ખેડૂતો અને પશુપાલકો માટે યોગ્ય સહાયની જાહેરાત કરવામાં આવશે. આ બેહરી મૂંગી સરકારને જગાડવા માટે આમ આદમી પાર્ટી દ્વારા અનેક રચનાત્મક કાર્યક્રમો કરવામાં આવ્યા. વિધાનસભામાં ચર્ચાઓ કરવામાં આવી કે સૌરાષ્ટ્રમાં છેલ્લા 40 દિવસથી વરસાદ પડ્યો નથી, તેના કારણે ખેડૂતોનો પાક સુકાઈ ગયો છે અને સૌરાષ્ટ્રના માલધારીઓ, પશુપાલકોએ પાણી અને ઘાસચારાના અભાવના કારણે હિજરત કરીને આણંદ કે સુરત તરફ જવું પડ્યું છે, તો અમારી માંગ છે કે વહેલામાં વહેલી તકે અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને પશુપાલકોને પૂરતો ઘાસચારો આપવામાં આવે.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત



ખવાએ જણાવ્યું હતું કે, આપણી કમનસીબી છે કે સરકારના પ્રવક્તા મંત્રી દ્વારા એવું આશ્વાસન આપવામાં આવ્યું કે "હજુ ચોમાસું ચાલુ છે અને આગામી દિવસોમાં સારો વરસાદ પડવાની સંભાવના છે" તો હું આ મંત્રીને કહેવા માગું છું કે પાછલા 40 દિવસમાં એક પણ ટીપું વરસાદ ન પડવાના કારણે ખેડૂતોનો ખૂબ જ નુકસાન થયું છે અને હવે ગમે તેટલું આ પાકને પાણી આપવાથી પણ તે પાક લીલો થઈ જશે તેની શક્યતા નહીવત છે., અને જે પાક લીલો થશે એમાં યોગ્ય માત્રામાં માલ આવવો જોઈએ એની શક્યતા પણ નહિવત છે. દુષ્કાળ મેન્યુઅલ પ્રમાણે 28 દિવસ સુધી વરસાદ ન પડે ત્યારે દુષ્કાળ જાહેર કરવામાં આવતો હોય છે અને દુષ્કાળ અંતર્ગત ખેડૂતોને લાભો આપવામાં આવતા હોય છે, તો ખેડૂતો, માલધારીઓ અને ખેતમજૂરો માટે સરકાર જલ્દીમાં જલ્દી નિર્ણય લે, અન્યથા આવનારા સમયમાં ખેડૂતોની સાથે રાખી ઉગ્રથી ઉગ્ર કાર્યક્રમ કરવાની ફરજ પડશે.

# News Brief

## સેટેલાઇટમાં ₹4.20 લાખના દાગીનાની ચીલ ઝડપ : વાનમાં બેસીને કૂતરાને ખવડાવતા વૃદ્ધાનાં ગળામાંથી સોનાની ચેઈન-પેન્ડલ લૂંટી એક્ટિવાચાલકો ફરાર




અમદાવાદ | અમદાવાદના પોશ સેટેલાઇટ વિસ્તારમાં વહેલી સવારે એક વૃદ્ધ મહિલા સાથે ચેન સ્નેચિંગની સનસનાટીભરી ઘટના સામે આવી છે. 76 વર્ષીય વૃદ્ધા પોતાની મારુતિ વાનમાં બેસીને કૂતરાઓને બિસ્કિટ ખવડાવી રહ્યા હતા, ત્યારે એક્ટિવા પર આવેલા અજાણ્યા શખ્સે ગળામાંથી રૂ. 4.20 લાખની કિંમતની સોનાની ચેન અને પેન્ડલ ખેંચીને ફરાર થઈ ગયો હતો. સેટેલાઇટ વિસ્તારમાં રહેતા 76 વર્ષીય મીતાબેન ઓઝા 6 સપ્ટેમ્બરના રોજ સવારે પોતાની મારુતિ વાન લઈને શેરીના કૂતરાઓને ખવડાવવા નીકળ્યા હતા. રણુજાનગર પાસે એક બંગલા બહાર વાન ઊભી રાખીને તેઓ કૂતરાઓને બોલાવી રહ્યા હતા. એ દરમિયાન એક્ટિવા પર આવેલા એક શખ્સે વાનની ડ્રાઈવર સાઇડની બારીમાંથી હાથ નાખીને મીતાબેનના ગળામાંથી સોનાની ચેન અને પેન્ડલ ખેંચી લીધું હતું. ગળામાંથી સોનું આંચકીને નાસી રહેલા એક્ટિવા ચાલકનો મીતાબેને હિંમત દાખવીને પોતાની વાન દ્વારા સેટેલાઇટ ટાવરથી પ્રેમચંદ નગર રોડ સુધી પીછો કર્યો હતો. જોકે, ઝડપથી એક્ટિવા ભગાવીને લૂંટારૂ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ અંગે મીતાબેને સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

# સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત 'આપ'ના રાજા ગણેશ ઉત્સવ અંતર્ગત શ્રી ગણેશજીની ભવ્ય આગમન યાત્રાનું આયોજન

સુરત | સુરત ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત અને દેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના સાથે 'આપ'ના રાજા ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગણેશ ઉત્સવ અંતર્ગત શ્રી ગણેશજીની ભવ્ય આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 'આપ'ના રાજાની આ ભવ્ય આગમન યાત્રા ઢોલ નગારા સાથે આવતીકાલે 14 સપ્ટેમ્બર, સોમવારના રોજ રાત્રે 8:00 કલાકે બરોડા પ્રિસ્ટેજ ખાતેથી પ્રસ્થાન કરશે અને હીરાબાગ સર્કલ ખાતે




પહોંચશે.આ પાવન પ્રસંગે આમ આદમી પાર્ટી દ્વારા સુરતની જાહેર જનતા, ભાવિક ભક્તો, આમ આદમી પાર્ટીના તમામ પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને સાથી મિત્રોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા સૌને પરિવાર, મિત્રો અને સાથી કાર્યકર્તાઓ સાથે ઉપસ્થિત રહી શ્રી ગણેશજીની ભવ્ય આગમન યાત્રાને ભક્તિમય અને ઐતિહાસિક બનાવવામાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. 'આપ'ના રાજાના ભવ્ય સ્વાગત સાથે સૌ સાથે મળીને ગણરાયાનું સ્વાગત કરશે.

# મનોજ સોરઠીયાની ઉપસ્થિતિમાં 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ સભા', દુષ્કાળ સહાય અરજીઓ તૈયાર કરવામાં આવી

અમદાવાદ | આજે દુષ્કાળના લીધે દુ:ખી ખેડૂતોના અધિકાર માટે જામનગર જિલ્લાના નાની વાવડી ગામે "દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ સભા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખેડૂતો પાસેથી દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથેની અરજીઓ તૈયાર કરવામાં આવી. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ ખેડૂતોની વ્યથા સાંભળીને જણાવ્યું કે, ભાજપ સરકારના રાજમાં માત્ર તેમના કોન્ટ્રાક્ટરો અને નેતાઓ જ સુખી છે, જ્યારે સામાન્ય ખેડૂતોની ચિંતા કરવાવાળું કોઈ નથી. ઈસુદાન ગઢવીએ પણ દુષ્કાળ જાહેર કરવાની માંગ કરી છે. સરકારના ૨૦૧૬ના પોતાના જ મેન્યુઅલ મુજબ જો ૪ અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો દુષ્કાળ જાહેર કરવો પડે. અહીં તો ૬ અઠવાડિયા વીતી ગયા છતાં સરકાર સર્વેના બહાના હેઠળ જવાબદારીમાંથી ભાગી રહી છે. આથી 'આપ' દ્વારા દરેક ગામમાંથી ખેડૂતોની અરજીઓ તૈયાર કરાવીને



૨જી ઓક્ટોબરે ગાંધી જયંતીના દિવસે ગાંધીનગરમાં મુખ્યમંત્રી કચેરીએ સુપરત કરવાનો નિર્ણય લેવાયો છે.મનોજ સોરઠીયાએ વધુમાં ઉમેર્યું કે, જ્યારે લોકશાહીમાં સરકાર જનતા માટે કામ કરતી બંધ થઈ જાય ત્યારે જાગૃત નાગરિકોએ નવા આગેવાનો તૈયાર કરવા પડે છે. આમ આદમી પાર્ટી ખેડૂતોની આ લડાઈમાં તેમની સાથે છે. ગુજરાતમાં આજે દરેક વર્ગ અને ખેડૂત પરિવાર ભારે ચિંતામાં છે, પરંતુ સરકારને કોઈ પરવા નથી. ગુજરાત વિધાનસભાનું ગૃહ પણ લાઈવ પ્રસારિત કરવામાં આવતું નથી, જેથી સરકાર પોતાની ખામીઓ અને સાચા આંકડાઓ છુપાવી શકે. ખેડૂતોની સ્થિતિ એટલી દયનીય બની છે કે દેવાના બોજ હેઠળ લોકો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે. હવે સમય આવી ગયો છે કે ખેડૂતો, ખેતમજૂરો અને તમામ વર્ગો એક થઈને પોતાના હક માટે અવાજ ઉઠાવે અને આ ખેડૂતવિરોધી સરકાર સામે મજબૂત લડત આપે.

## વૃદ્ધ સાથે રોકાણના નામે ₹12 લાખની ઠગાઈ:18 લાખના રોકાણ સામે ₹32 લાખનો નફો બતાવ્યો

અમદાવાદ | અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા વૃદ્ધ સાથે સાયબર ગઠિયાઓએ રોકાણના નામે 12 લાખની ઠગાઈ કરી છે. વૃદ્ધને ગઠિયાએ એકાઉન્ટ ઈક્વિટી હોલ્ડર કંપનીમાં પાર્ટનર તરીકે ઓળખ આપીને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી 18 લાખનું રોકાણ કરાવ્યું, જેની સામે 32 લાખ નફો બતાવતા હતા.

યુવકને માત્ર 6 લાખ ઉપાડવા દીધા જ્યારે બાકીની રકમ ન ઉપડતા યુવકે સાયબર ઠગાઈની જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ચાંદખેડા વિસ્તારમાં રહેતા 64 વર્ષીય વૃદ્ધ નિવૃત્ત જીવન ગુજારે છે. વૃદ્ધને એક અજાણ્યા નંબર પરથી એક વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેમાં ફોન કરનારે ખાનગી કંપનીમાં એકાઉન્ટ ઈક્વિટી હોલ્ડર પાર્ટનર તરીકેની ઓળખ આપી હતી. વૃદ્ધે શરૂઆતમાં તપાસ કરી બાદમાં વિશ્વાસ આવતા અજાણ્યા વ્યક્તિના કહ્યા મુજબ એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. વૃદ્ધે એપ્લીકેશનમાં ટુકડે-ટુકડે 18 લાખનું રોકાણ કર્યું હતું, જેમાં રોજ 5થી 6 ટકા નફો બતાવતા હતા. વૃદ્ધે પૈસા ઉપાડવાનો પ્રયત્ન કરતા માત્ર 6 લાખ રૂપિયા ઉપડ્યા હતા. વૃદ્ધે વધુ પૈસા ઉપાડવા જતા પૈસા ઉપડતા ન્હોતા. વૃદ્ધને પૈસા ઉપાડવા વધુ 20 લાખનું રોકાણ કરવા જણાવ્યું હતું. વૃદ્ધે તપાસ કરતા તેમના સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થઈ હતી, જેથી વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# એકતાનગર ખાતે નારી શક્તિ સાથે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનો પ્રેરણાદાયી સંવાદ



રાજપીપલા | એકતાનગર ખાતે નારી શક્તિના આત્મનિર્ભરતા તરફના સંકલ્પ અને સાહસને પ્રોત્સાહન આપતા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પિંક ઈ-રિક્ષા ચલાવી આત્મનિર્ભર બની રહેલી મહિલા ચાલક બહેનો સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ બહેનોના અનુભવો, તેમની રોજગારી તથા પરિવારના જીવનમાં આવેલા પરિવર્તન અંગે રસપૂર્વક જાણકારી મેળવી હતી.આ પ્રસંગે મંત્રીશ્રીએ મહિલાઓના આત્મનિર્ભરતા તરફના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, "નારી સશક્ત તો સમાજ સશક્ત અને સમાજ સશક્ત તો દેશ સશક્ત." તેમણે જણાવ્યું કે, મહિલાઓ જ્યારે પોતે પગભર બનીને પરિવારની જવાબદારી નિભાવે છે ત્યારે તે માત્ર પોતાના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને નવી દિશા આપે છે. મંત્રીશ્રીએ પિંક ઈ-રિક્ષા ચલાવી રહેલી બહેનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ કામ નાનું નથી હોતું. જીવનમાં કરવામાં આવતું દરેક કામ મહેનત, હિંમત અને આત્મવિશ્વાસથી કરવામાં આવે તો તે ગૌરવપૂર્ણ બની જાય છે. દરેક વ્યક્તિએ પોતાના કામને શ્રેષ્ઠ રીતે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ હિંમત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે ત્યારે સમાજ પણ તેની નોંધ લે છે. આજે દેશના વિવિધ વિસ્તારોમાંથી લોકો એકતાનગર ખાતે પિંક ઈ-રિક્ષાના આ મોડલનો અભ્યાસ કરવા આવી રહ્યા છે, જે આ પહેલની સફળતા અને તેની પ્રેરણાદાયી અસર દર્શાવે છે. પિંક ઈ-રિક્ષા ચલાવીને રોજગારી મેળવી રહેલી બહેનોને સંબોધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમે રિક્ષા ચલાવો છો તે માત્ર રોજગાર નથી, પરંતુ તમારા બાળકો માટે પણ એક મોટી પ્રેરણા છે. માતાને મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા જોઈને બાળકોમાં પણ જીવનમાં આગળ વધવાની અને કંઈક બનવાની પ્રેરણા જન્મે છે. તેમણે જણાવ્યું હતું કે, મહેનતથી મેળવેલી કમાણીનું પોતાનું વિશેષ ગૌરવ હોય છે.

## સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે નવીનતમ સુવિધાઓનું હર્ષ સંઘવી દ્વારા લોકાર્પણ

માહિતી બ્યુરો, સુરત | નવી સિવિલ હોસ્પિટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરતના કિડની બિલ્ડિંગ ખાતે આજરોજ વિવિધ નવી આરોગ્ય સુવિધાઓના લોકાર્પણ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે તથા આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. તેમની સાથે ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ તથા મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પારૂલ વડગામા પણ ઉપસ્થિત રહ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલ ખાતે ૩૦ બેડના અધતન ડાયાલિસીસ સેન્ટર, મેડિકલ ICUનું ૧૦ બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, સર્જિકલ ICUનું ૧૦ બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, ઓર્ગન ડોનેશનના દર્દીઓ માટે આઈસોલેશન ICU, અપગ્રેડેડ ઈમરજન્સી વિભાગ તથા સાકેત ગ્રુપ દ્વારા હેલ્પ ડેસ્ક સહિતની વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોસ્પિટલનો પરિવાર દરરોજ ૪૫૦૦ થી ૫૦૦૦ લોકોને OPDના માધ્યમથી સારવાર આપે છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં જેટલા દર્દીઓની સારવાર થાય છે તેના કરતાં પણ વધારે દર્દીઓની સારવાર કરીને તેમને સ્વસ્થ કરી ઘરે મોકલવાનું મહત્વપૂર્ણ કાર્ય સિવિલ હોસ્પિટલનો પરિવાર અને નર્સિંગ ટીમ કરી રહી છે. ૧૫૦૦ બેડના દર્દીઓને સેવા આપવા માટે સિવિલ હોસ્પિટલની ટીમ દરરોજ અડીખમ ઊભી રહે છે.

## ડુપ્લીકેટ તિરૂપતિ તેલ વેચનાર વેપારી રખિયાલમાંથી ઝડપી પાડવામાં આવ્યો

અમદાવાદ | અમદાવાદના રખિયાલ વિસ્તારમાં ગુજરાત બેકરી પાસે આવેલા ઘાણી ટ્રેડર્સમાંથી ડુપ્લીકેટ 'તિરુપતિ કપાસિયા તેલ'નું કૌભાંડ ઝડપાયું છે. જેમાં રખિયાલની ત્રિકમલાલ ભોગીલાલની ચાલીમાં રહેતો અમિત કુશવાહ નામનો વેપારી ભંગારમાંથી સારી હાલતના તિરુપતિ તેલના ખાલી ડબ્બા ખરીદી, તેમાં બીજી કંપનીનું હલકી ગુણવત્તાનું તેલ ભરી અને નકલી બુચ લગાવીને બજારમાં વેચતો હતો. બજારમાં ડુપ્લિકેશન થતું હોવાની જાણ થતાં એન.કે. પ્રોટીન્સ કંપનીના માર્કેટિંગ સ્ટાફે રખિયાલ પોલીસને સાથે રાખી દુકાનમાં દરોડો પાડ્યો હતો અને 44 જેટલા ડુપ્લીકેટ ડબ્બા જપ્ત કર્યા હતા. આ મામલે કંપનીના કર્મચારીની ફરિયાદના આધારે પોલીસે અમિત કુશવાહ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કંપનીના માણસોને પોલીસે તપાસ કરતા દુકાનમાં 44 જેટલા તિરુપતી કપાસિયા તેલના ડબ્બા મળ્યા હતાં. તેલના ડબ્બાના સીલમાં લાલ રંગના અંગ્રેજીમાં એન.કે પ્રોટીન્સ ડબ્બાઓ પર ઓરિજીનલ ડબ્બામા લખેલા મુજબ સ્ટીકર અને બારકોડ લખેલુ મળ્યું હતું. તપાસ કરતા તમામ ડબ્બાના સીલ ડુપ્લિકેટ હતા. જે તમામ ડબ્બાઓ જપ્ત કરવામાં આવ્યા હતા.

દુકાન માલિક અમિત કુશવાહને કબૂલ્યું હતું કે ભંગારના ફેરિયા તથા ભંગારના ડેલાઓ માથી સ્ટીકર લગાડેલા સારી હાલતના તિરુપતિ કોટન સીડ તેલના ડબ્બા ખરીદી લાવતો હતો. બીજી કંપનીઓના તેલના ડબ્બા ખરીદી કરી તેલ ભંગારના ડબ્બામાં ભરી ડુપ્લિકેટ બુચ લગાડી તિરુપતી તેલ માર્કેટ ભાવથી બજારમાં વેચતા હતા.

# ઓરિસ્સાથી લઈ આવેલ ₹10 લાખના 20.220 કિલો ગાંજાના જથ્થા સાથે મહારાષ્ટ્રનો યુવક ઝડપાયો

અમદાવાદ | વટવા પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને રોપડા ચેકપોસ્ટ પાસેથી ઓરિસ્સાથી લવાયેલ રૂ. 10.11 લાખની કિંમતના 20.220 કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે મહારાષ્ટ્રના ધુલેના યુવકની અટકાયત કરી છે. નાણાંની જરૂરિયાત હોવાથી મિત્રની લાલચમાં આવીને યુવક ગાંજાની હેરાફેરીના ધંધામાં ધકેલાયો હોવાનું સામે આવ્યું છે.

વટવા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડને બાતમી મળી હતી કે એક શખ્સ માદક પદાર્થ લઈને રોપડા બ્રિજ પાસેથી પસાર થવાનો છે. પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ હાલતમાં ચાલતા નાઝીમ અહમદ શાહને અટકાવ્યો હતો. તેની સુટકેસની તલાશી લેતાં પ્લાસ્ટિક ટેપ વીંટાળેલા 10 પાર્સલમાંથી રૂ. 10.11 લાખની કિંમતનો 20.220 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આરોપીની પૂછપરછમાં બહાર

**મિત્ર પાસે રૂપિયા માંગવા યુવકને ભારે પડયા**

આવ્યું કે અગાઉ સુરતમાં નોકરી કરતી વખતે તેની ઓળખાણ હિરેન અને રાજકોટના શુભમ પરમાર સાથે થઈ હતી. બાદમાં તેઓની વચ્ચે મિત્રતા થઈ હતી. મહિના નાણાંની જરૂર હોવાથી શુભમે તેને ઓરિસ્સાના ભુવનેશ્વરથી દીબાના મુની અને મુકેશ પાસેથી ગાંજો મેળવી રાજકોટ પહોંચાડવા પેટે પ્રતિ ટ્રીપ રૂ. 10 હજાર આપવાની લાલચ આપી હતી. આરોપી બસ મારફતે વટવા પહોંચી રાજકોટ જાય તે પહેલાં જ પોલીસે તેને જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# શેલાની જમીન હડપવા જીવિત હોવા છતાં મરણનો દાખલો બનાવ્યો, અન્ય વૃદ્ધને ખોટા કેસમાં ફસાવ્યાં

અમદાવાદ | અમદાવાદના શેલા ગામની કિંમતી જમીનમાં પોતાના આર્થિક ફાયદા માટે પુત્રએ જીવિત પિતાનો બનાવટી મરણ દાખલો ઊભો કરી સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજો રજૂ કર્યા હોવાનો ભાંડો ફૂટ્યો છે. નામદાર સાણંદ કોર્ટ દ્વારા 'બી-સમરી વિથ પ્રોસીક્યુશન' મંજૂર કરાતાં જ બોપલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

બોડકદેવ વિસ્તારમાં રહેતા 72 વર્ષીય નૈમિષ પટેલ નિવૃતીનું જીવન ગુજારે છે. શેલા ગામની જમીનના મૂળ ખેડૂત ખાતેદાર રઘુનાથભાઈ ગાંડાભાઈ દેસાઈ હતા. આરોપી ખોડા રઘુનાથભાઈ દેસાઈએ પોતાના આર્થિક લાભ માટે તેના પિતા 15 એપ્રિલ, 1985માં મૃત્યુ પામ્યા ન હોવા છતાં તેમનો મરણનો દાખલો મેળવ્યો હતો. બોગસ અંગૂઠા અને સહીઓ વડે 1991માં દસ્તાવેજ બનાવ્યો. આ બનાવટી મરણ દાખલાનો ઉપયોગ કરી સાણંદ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ નંબરથી ખોટા મૂળ માલિકો અને ખેડૂતો ઊભા કરવામાં આવ્યા હતા. જેમાં ખોટા ખેડૂતો અને બોગસ અંગૂઠા તેમજ સહીઓ કરીને જમીનની હેરાફેરી આચરવામાં આવી હતી. આ કૌભાંડમાં દિનેશભાઈ રામભાઈ પટેલ, ખોખર જીવભાઈ આલુભાઈ, વાઘેલા નરેન્દ્રસિંહ અજીતસિંહ, જમીન દલાલ ભાનુ વિજયસિંહ વાઘેલા તેમજ ખોટા ખેડૂત કાળુભાઈ દેસાઈ સામેલ હતા. સાચું છુપાવવા નિર્દોષ લોકો સામે જ ખોટી ફરિયાદ કરી હતી. પોતાનું કૌભાંડ છુપાવવા માટે આરોપી ખોડા દેસાઈએ 2020માં બોપલ પોલીસ સ્ટેશન ખાતે નૈમિષ પટેલ તથા અન્ય લોકો વિરુદ્ધ સાચા પુરાવા છુપાવી ખોટી ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે મૂળ ખેડૂત રઘુનાથભાઈનું 1985માં મૃત્યુ થયું જ નહોતું અને ખોટા મરણ દાખલાના આધારે આ સમગ્ર કાવતરું ઘડાયું હતું. સાણંદ કોર્ટે પ્રોસીક્યુશનનો હુકમ કરતાં બોપલ પોલીસે ગુનો નોંધ્યો. પોલીસે આ મામલે સાણંદ કોર્ટમાં બી-સમરી રિપોર્ટ રજૂ કરતાં કોર્ટે બી-સમરી વિથ પ્રોસીક્યુશન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના હુકમની સર્ટીફાઈડ નકલ મેળવી નૈમિષ પટેલે બોપલ પોલીસ સ્ટેશને આરોપી ખોડાભાઈ રઘુનાથભાઈ દેસાઈ સામે ગુનો નોંધાવ્યો છે.

## ઓસ્ટ્રેલિયાના PR વીઝાના નામે ટેક્સી ડ્રાઈવર સાથે ₹12.10 લાખની ઠગાઈ

ગાંધીનગર | ગાંધીનગરના પેથાપુર ખાતે ઓલા-ઉબેર ટેક્સી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ડ્રાઈવર સાથે ઓસ્ટ્રેલિયાના PR વીઝા અપાવવાના નામે રૂ. 12.10 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ઠગ એજન્ટ દંપતીએ નકલી દસ્તાવેજો આપી અને વાયદાઓ કરીને રકમ પડાવી લેતાં પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મૂળ ભિલોડાના નવા વણઝર ગામના વતની અને હાલ પેથાપુરમાં રહેતા ભરતપુરી અમ્રુતપુરી ગોસ્વામી અવારનવાર મોગલ માતાજીના મંદિરે દર્શનાર્થે જતા હતા. સપ્ટેમ્બર, 2025ના રોજ ત્યાં તેમની મુલાકાત જયકુમાર મુકેશભાઈ મોદી અને તેની પત્ની ઈશાબેન સાથે થઈ હતી. આ દંપતીએ ગાંધીનગર સેક્ટર-11 અને એસ.જી. હાઈવે અમદાવાદ ખાતે ઓફિસ હોવાનું જણાવી વિદેશ મોકલવાનો વ્યવસાય કરતા હોવાનો વિશ્વાસ કેળવ્યો હતો.

દંપતીએ ફરિયાદીના ઘરે જઈ ઓસ્ટ્રેલિયા મોકલવાનો કુલ રૂ. 50 લાખમાં સોદો નક્કી કર્યો હતો. લાલચમાં આવીને ફરિયાદીએ 7 સપ્ટેમ્બર 2025ના રોજ બાનાખત પેટે રૂ. 50 હજાર આપ્યા હતા. ત્યારબાદ નોટરાઈઝ્ડ કરાર કરીને બેંક ટ્રાન્સફર અને રોકડ માધ્યમથી સગા-સંબંધીઓ પાસેથી વ્યાજે લીધેલા ટુકડે-ટુકડે કુલ રૂ. 14 લાખ દંપતીના ખાતામાં જમા કરાવ્યા હતા.

# નોકરી છોડી નવો ધંધો શરૂ કરનાર યુવકનું પૂર્વ શેઠ અને પુત્રએ અપહરણ કર્યું

ગાંધીનગર | ગાંધીનગરના અડાલજ પોલીસ મથક હેઠળ આવતા ઝુંડાલ વિસ્તારમાંથી પૂર્વ શેઠ અને તેના પુત્ર દ્વારા એક યુવકનું ઘરમાંથી અપહરણ કરી જીવલેણ હુમલો કરવાનો કિસ્સો સામે આવ્યો છે. નોકરી છોડીને પોતાનો સ્વતંત્ર અને સમાન પ્રકારનો બિઝનેસ શરૂ કરવાની સામાન્ય અદાવતમાં બાપ-દીકરાએ સાગરિતો સાથે મળીને યુવકને તેના જ ફ્લેટમાંથી કારમાં ઉઠાવી લીધો હતો. ત્યારબાદ આંખે પટ્ટી બાંધી સુમસાન ખેતરમાં લઈ જઈ ઢોરમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી છોડી મૂક્યો હતો. આ ચકચારી ઘટના અંગે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે અડાલજ પોલીસે પિતા-પુત્ર સહિત ચાર શખ્સો સામે અપહરણ અને મારપીટનો ગુનો દાખલ કર્યો છે. મૂળ ધોરાજીના વતની અને હાલ ગાંધીનગરના ઝુંડાલ સ્થિત અક્ષર એફોર્ડ ફ્લેટમાં રહેતા નિરવ જગદીશભાઈ વાજા અગાઉ અમિત અગ્રવાલની 'એગ્રી ઓર્ગેનિક સોલ્યુશન' નામની પેઢીમાં ડિજિટલ માર્કેટિંગ અને સેલ્સનું કામકાજ સંભાળતા હતા.

# ટ્રાન્સપોર્ટ પેઢીમાં કામ કરતા બે સગાભાઈ 45 લાખ લઈ ફરાર : કાલુપુરના વેપારીને બહાર જવાનું હોવાથી ચાવી સોંપી હતી, 5 વર્ષથી નોકરી કરતા હતા

અમદાવાદ | અમદાવાદના કાલુપુર વિસ્તારમાં કે. માંગીલાલ પાર્સલ સર્વિસ નામની ટ્રાન્સપોર્ટ પેઢીમાં કામ કરતા બે સગા ભાઈઓ માલિકના ટેબલના ખાનામાંથી અને વેપારી પાસેથી ઉઘરાવેલી રકમ મળી કુલ રૂ. 45.29 લાખની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયા છે. જેમાં વેપારીને બહાર જવાનું હોવાથી બંનેને ચાવી સોંપી હતી. આ અંગે કાલુપુર પોલીસે બંને સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

મણિનગર ખાતે રહેતા મધારામ શર્મા ભાગીદારીમાં કાલુપુરમાં કે. માંગીલાલ પાર્સલ સર્વિસ નામની પેઢી ધરાવે છે. તેમની પેઢીમાં ઉત્તરપ્રદેશના આગ્રા જિલ્લાના મૂળ વતની યશવીર રામાઅવતાર પરમાર છેલ્લા પાંચ વર્ષથી અને તેનો મોટો ભાઈ દલવીર




રામાઅવતાર પરમાર છેલ્લા નવ મહિનાથી નોકરી કરતા હતા.

માલિકનો તેમના પર પૂરો વિશ્વાસ હોવાથી તેઓ અવારનવાર નાણાકીય લેવડ-દેવડ પણ સંભાળતા હતા. ગત 7 સપ્ટેમ્બરના બપોરે મધારામ શર્મા સી.જી. રોડ ખાતે પોતાના કામ અર્થે જવા નીકળ્યા હતા. જતાં પહેલાં તેમણે ટેબલના ખાનામાં રાખેલા રૂ. 40.29 લાખ સાચવવા જવાબદારી યશવીરને સોંપી તેની ચાવી આપી હતી. જ્યારે દલવીરને પાંચકુવા ખાતેના વેપારી પાસેથી રૂ. 5 લાખ લઈ આવીને ડ્રોવરમાં મૂકી દેવા જણાવ્યું હતું.

સાંજે મધારામ ઓફિસે પરત ફરતાં દરવાજે લોક મારેલું જોવા મળ્યું હતું. બંનેને ફોન કરતાં પહેલાં તેમણે બાથરૂમ જવાનું બહાનું કાઢ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સાંસદના પરિવાર સાથે ઈ-સ્ટેમ્પના બહાને લાખોની ઠગાઈ, સ્ટેમ્પ વેન્ડર દંપતીની પોલીસ દ્વારા ધરપકડ

# સુરતમાં સાંસદના પુત્ર સાથે લાખોની છેતરપિંડી

(એજન્સી) સુરત । તા. 13

રાજ્યના જાણીતા ઉદ્યોગપતિ અને ભાજપના પ્રતિષ્ઠિત રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયાના પરિવાર સાથે જમીનના દસ્તાવેજ માટે ખરીદવામાં આવતા ઈ-સ્ટેમ્પના બહાને ચોંકાવનારી છેતરપિંડીની ઘટના સામે આવી છે, જેમાં સાંસદના પુત્ર શ્રેયાંશ ધોળકિયા પાસેથી મોટી રકમ મેળવી લીધા બાદ પણ સ્ટેમ્પ પેપર આપવામાં આવ્યા ન હતા અને આખી રકમ અંગત વપરાશમાં વાપરી નાખવામાં આવી હતી. આ ગંભીર બાબતની જાણ થતાં જ સુરત શહેરની ક્રાઈમ બ્રાંચ દ્વારા તાત્કાલિક ધોરણે સઘન તપાસ હાથ ધરીને સરકાર માન્ય અધિકૃત સ્ટેમ્પ વેન્ડર એવા પતિ-પત્નીની ધરપકડ કરી લેવામાં આવી છે, જેના કારણે સમગ્ર વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે અને નાગરિકોમાં પણ આ ઘટનાને લઈને ચર્ચાએ જોર પકડ્યું છે.

આ સમગ્ર મામલાની વિગતવાર વાત કરીએ તો, સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટના મેનેજર કનુ માલવિયા દ્વારા સાંસદના પુત્ર વતી સત્તાવાર રીતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. શ્રેયાંશ ધોળકિયાને પલસાણા




વિસ્તારમાં ખરીદવામાં આવેલી નવી જમીનના દસ્તાવેજની પ્રક્રિયા માટે અંદાજે ચોપ્પોતેર લાખ રૂપિયાથી વધુની રકમના ઈ-સ્ટેમ્પની અનિવાર્ય જરૂરિયાત ઊભી થઈ હતી. અગાઉના વર્ષોથી એટલે કે વર્ષ બે હજાર વીસથી આ જ વેન્ડર પાસેથી સતત સ્ટેમ્પ પેપર ખરીદવામાં આવતા હોવાના વિશ્વાસના કારણે ડિસેમ્બર મહિના દરમિયાન રામકૃષ્ણ મેવાવાલા અને તેમની પત્ની સલોની મેવાવાલાના બેન્ક ખાતામાં આરટીજીએસ દ્વારા આસામી રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવી હતી, જેથી સમયસર દસ્તાવેજી કામગીરી પૂર્ણ થઈ શકે અને કોઈપણ પ્રકારનો વિલંબ ન થાય.

નાણાં મેળવી લીધા બાદ કુશળતાપૂર્વક સમયસર સ્ટેમ્પ પેપર આપવાના બદલે આ દંપતી દ્વારા સતત બહાનાબાજી અને લાંબા સમય સુધી ટલ્લા મારવાની શરતો શરૂ કરવામાં આવી હતી. જ્યારે ઉઘરાણીનું પ્રમાણ વધુ વધ્યું અને દબાણ આવ્યું ત્યારે આરોપીઓ દ્વારા આપવા આવેલો બેન્ક ચેક પણ ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાના કારણે બાઉન્સ થઈ ગયો હતો, જેનાથી સ્પષ્ટ સાબિત થઈ ગયું કે આ મામલો સંપૂર્ણપણે આયોજિત છેતરપિંડીનો છે. પોલીસ તપાસ દરમિયાન એવો પણ ચોંકાવનારો ખુલાસો થયો છે કે સાંસદના પુત્ર પાસેથી સ્ટેમ્પના નામે મેળવેલી આ માતબર રકમનો ઉપયોગ અન્ય લોકોને સ્ટેમ્પ ઈસ્યુ કરવા માટે અથવા તો પોતાના અંગત મોજશોખ અને ખર્ચાઓ માટે કરવામાં આવ્યો હતો, જેણે કાયદા અને વ્યવસ્થા સામે પણ મોટા સવાલો ખડા કરી દીધા છે.

આ પ્રકારે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બન્યાની સંપૂર્ણ ખાતરી થતાં જ પીડિત પરિવાર દ્વારા મામલો સુરત પોલીસ કમિશનર સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી મળેલી સખત મંજૂરી બાદ ડીસીબી ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ તાત્કાલિક સક્રિય થઈને છત્રીસ વર્ષીય રામકૃષ્ણ મેવાવાલા અને બત્રીસ વર્ષીય સલોની મેવાવાલા સામે સત્તાવાર ગુનો નોંધીને બંનેની ધરપકડ કરી લીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દંપતી સામે અગાઉ પણ અન્ય એક પોલીસ સ્ટેશનમાં ગુનાહિત ઈતિહાસ નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે, જે દર્શાવે છે કે તેઓ અગાઉ પણ આ પ્રકારે લોકોને ફસાવી ચૂક્યા છે. હાલ તો પોલીસે આરોપીઓને રિમાન્ડ પર લઈને આ નાણાં ક્યાં-ક્યાં વાપરવામાં આવ્યા છે અને આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં ખૂબ જ ઊંડાણપૂર્વક અને ઝીણવટભરી તપાસ શરૂ કરી દીધી છે, જેથી તમામ સત્યો બહાર આવી શકે અને દોષિતોને કડક સજા મળી શકે.

## સુપર કોમ્પ્યુટરથી સજ્જ બન્યું ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ, વડોદરામાં સુપર કોમ્પ્યુટર સિસ્ટમ



વડોદરા | રાજ્યના જાણીતા શૈક્ષણિક કેન્દ્ર સમાન વડોદરા શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સંશોધન ક્ષેત્રે એક ઐતિહાસિક અને ગૌરવવંતી સિદ્ધિ હાંસલ થઈ છે, જ્યાં વિજ્ઞાન વિદ્યાશાખાના ભૌતિકશાસ્ત્ર વિભાગને અત્યાધુનિક સુપર કોમ્પ્યુટર સિસ્ટમ્સની ભેટ મળી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી આશરે ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી આ અત્યાધુનિક પ્રણાલીનું સત્તાવાર લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અદ્ભુત ટેક્નોલોજીના આગમનથી યુનિવર્સિટીના તેજસ્વી સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક ગણતરીઓ કરવાનું અત્યંત સરળ બની ગયું છે, જે આગામી સમયમાં દેશના શૈક્ષણિક અને તકનીકી વિકાસમાં મોટો સીમાચિહ્ન સાબિત થશે. આંતરરાષ્ટ્રીય સ્તરે વૈજ્ઞાનિક અનુસંધાનો અને જટિલ ગણતરીઓ માટે ઉચ્ચ ક્ષમતાવાળા કોમ્પ્યુટર ઉપકરણોની અનિવાર્ય જરૂરિયાત રહેતી હોય છે.

## વડોદરામાં ગોવા પ્રોપર્ટી રોકાણના બહાને લાખોની ઠગાઈ, પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ છેતરપિંડી કૌભાંડ

(એજન્સી) વડોદરા । તા. 13

રાજ્યના સાંસ્કૃતિક અને ઔદ્યોગિક નગર સમાન વડોદરા શહેરમાં વિદેશમાં નોકરી કરતા એક સામાન્ય વ્યાવસાયિક સાથે પ્રોપર્ટીમાં રોકાણ કરવાના બહાને આચરવામાં આવેલી અંદાજે અગિયાર લાખ રૂપિયાની ઠગાઈનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે, જેના કારણે સાયબર ક્રાઈમ વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કારેલીબાગ વિસ્તારની સતકાર સોસાયટીમાં રહેતા અને વર્તમાન સમયમાં દુબઈની એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે સેવાઓ આપતા સુનીલ ભગવાનદાસ બુલચંદાણીને ગોવાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ પર લગાવવામાં આવેલા આકર્ષક હોર્ડિંગ્સ દ્વારા ફસાવવામાં આવ્યા હતા. આ મામલે પીડિત દ્વારા સ્થાનિક સાયબર પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ વહીવટી તંત્ર અને તપાસ એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે, જેથી આ આંતરરાજ્ય છેતરપિંડી આચરનાર ઠગ ટોળકીને ઝડપી શકાય.

આ સમગ્ર ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, વર્ષ બે હજાર પચીસના ઓગસ્ટ મહિના દરમિયાન ફરિયાદીના એક મિત્ર હરગોવિંદ રોચવાની પોતાના પરિવાર સાથે લોકપ્રિય પ્રવાસન સ્થળ ગોવા ફરવા માટે ગયા હતા, જ્યાં બાઘા બીચ વિસ્તારમાં એક મોટી કંપની દ્વારા પ્રોપર્ટીમાં આકર્ષક વળતરના રોકાણ માટેના મોટા હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા.

આ હોર્ડિંગ્સ પર દર્શાવવામાં આવેલી વિગતોના આધારે શરૂ થયેલી આ પ્રક્રિયા ધીમે ધીમે એક મોટી સાયબર ઠગાઈમાં પરિવર્તિત થઈ ગઈ હતી. વિદેશમાં નોકરી કરતા હોવાના કારણે અને ડિજિટલ માધ્યમથી સરળતાથી રોકાણ થઈ જશે તેવા ભોળા વિશ્વાસમાં આવીને પીડિતે આખો મામલો આગળ વધાર્યો હતો, જેના કારણે તેમને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે અને સમગ્ર પરિવાર ચિંતામાં મુકાઈ ગયો છે.

## વડોદરામાં ગેરેજ સંચાલક સાથે લાખોની ઠગાઈ થઈ ગઈ છે, નિવૃત્ત પોલીસ અધિકારીના નામે ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 13

રાજ્યના જાણીતા અને ઔદ્યોગિક નગર સમાન વડોદરા શહેરમાં પોલીસ વિભાગના એક નિવૃત્ત અધિકારીના નામનો દુરુપયોગ કરીને એક સામાન્ય ગેરેજ સંચાલક સાથે આચરવામાં આવેલી અંદાજે એક લાખ રૂપિયાની ગંભીર છેતરપિંડીનો મામલો પ્રકાશમાં આવ્યો છે, જેના કારણે સ્થાનિક વેપારી વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, યાકુતપુરા વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહેતા અને અજબડી મિલ પાસે કાદરી મોટર્સ નામનું ગેરેજ ચલાવતા અલ્તાફહુસેન મુજફ્ફરભાઇ કાદરીને વિશ્વાસમાં લઈને આ ઠગાઈ આચરવામાં આવી છે. આ મામલે પીડિત દ્વારા સ્થાનિક સિટિ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે, જેથી આ ગુનાહિત પ્રવૃત્તિ આચરનાર ઈસમને ઝડપી શકાય.

આ સમગ્ર ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, ગત ચૌદમી જાન્યુઆરીના રોજ ફરિયાદીના મિત્ર અને સિટિ પોલીસ સ્ટેશનના નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર સોસા સાહેબની ગાડી ધનિયાવી ચોકડી પાસે અચાનક બગડી ગઈ હતી, જ્યાં અલ્તાફહુસેન પોતાના કારીગર ઝાકીર સાથે મદદ માટે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન નિવૃત્ત અધિકારીએ પોતાની ઓળખાણ સુરતના દાનાભાઈ કાનાભાઈ રાઠોડ નામના વ્યક્તિ સાથે કરાવી હતી, જેણે પોતે બાંધકામ ક્ષેત્રે કોન્ટ્રાક્ટર હોવાનું જણાવ્યું હતું. આ સામાન્ય મુલાકાત બાદ થોડા દિવસોમાં જ આ સંબંધનો ખોટો લાભ લઈને એક મોટું નાણાકીય કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેના કારણે સામાન્ય વેપારીને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

આ ષડયંત્રના ભાગરૂપે વીસમી જાન્યુઆરીના રોજ નિવૃત્ત પોલીસ અધિકારી દ્વારા ફોન કરીને જણાવવામાં આવ્યું કે દાનાભાઈ વડોદરા આવ્યા છે અને તેમને અત્યંત તાકીદે એક લાખ રૂપિયાની જરૂરિયાત ઊભી થઈ છે.

## વડોદરામાં ફાર્મા કંપની ટેકઓવરના નામે સોળ કરોડની ઠગાઈ, કરોડોની કિંમતના શેર પડાવી લેનાર ઠગ ઝડપાયા

(એજન્સી) પાદરા । તા. 13

ગુજરાતના જાણીતા ઔદ્યોગિક નગર સમાન વડોદરા જિલ્લાના પાદરા તાલુકા વિસ્તારમાં વિદેશી કંપની ટેકઓવર કરવાની લાલચ આપીને એક અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપનીના માલિક સાથે અંદાજે સોળ કરોડ રૂપિયાની માતબર રકમની ગંભીર છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેના કારણે સમગ્ર વેપારી જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા મોનાલી પાર્ક સોસાયટીમાં રહેતા અને ડભાસા ગામે આવેલી પ્રતિષ્ઠિત ઈલીજીયમ ફાર્માસ્યુટિકલ લિમિટેડ કંપનીના ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર યશવંતભાઈ ચુનીભાઈ પટેલને ત્રણ અનિવાસી ભારતીય નાગરિકો સહિત કુલ ચાર ભેજાબાજોએ આ વિશ્વાસઘાતની જાળમાં ફસાવ્યા હતા. આ મામલે પીડિત ઉદ્યોગપતિ દ્વારા સ્થાનિક પાદરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે, જેથી આ આંતરરાષ્ટ્રીય સ્તરની ઠગ ટોળકીને કાયદાકીય શિકંજામાં જકડી શકાય. આ સમગ્ર ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, ફરિયાદી યશવંતભાઈ પટેલ સાથે આરોપીઓ પૈકીના એક નિલેશ પટેલ સાથે વર્ષોથી દવાઓના વેચાણ અને ખરીદીનો વ્યાવસાયિક સંબંધ ચાલી રહ્યો હતો, જેના કારણે પરસ્પર ગાઢ ભરોસો બંધાયો હતો. આ જૂના સંબંધોનો ગેરલાભ લઈને નિલેશ પટેલે પોતાની માલિકીની અમેરિકા દેશમાં આવેલી ઈન્વાટેક નામની કંપની વેચવાની અને તેનુ સફળતાપૂર્વક ટેકઓવર કરાવવાની વાત કરી હતી. આ યોજનાના ભાગરૂપે તાત્કાલિક ધોરણે વિદેશી નાગરિકો અને સ્થાનિક સહયોગીઓ દ્વારા પાદરા ખાતે આવેલી કંપનીની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી અને સોદાની પ્રાથમિક શરતો નક્કી કરવામાં આવી હતી, જેના પર ભોળાભાવે વિશ્વાસ મૂકીને સ્થાનિક ઉદ્યોગપતિએ આ મોટી ડીલ આગળ વધારવાનો નિર્ણય કર્યો હતો. આ ષડયંત્રને અંજામ આપવા માટે ગત વર્ષના ફેબ્રુઆરી મહિના દરમિયાન ડો. હેમંત કનુભાઈ પટેલ, કિશન હેમંતભાઈ પટેલ અને તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હર્ષ દીપકભાઈ ડોલીયા દ્વારા ઈલીજીયમ કંપનીની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

## વરાછાની મહારાણા પ્રતાપ શાળામાં બાળ વૈજ્ઞાનિકોની અનોખી દુનિયા: 200થી વધુ પ્રોજેક્ટ રજૂ



સુરત | શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં અવિરત આગળ વધતા સુરત શહેરમાં વિદ્યાર્થીઓની સુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે એક અત્યંત પ્રેરણાદાયી અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના માધ્યમથી નવીનતાની નવી કેડીઓ કંડારાઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, શનિવારના રોજ સુરતના વરાછા વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક બાસીસરમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, તાર્કિક વિચારસરણી અને સર્જનાત્મકતા વિકસાવવાના મુખ્ય ઉદ્દેશ્યથી એક ભવ્ય વિજ્ઞાનમેળાનું સફળ આયોજન સંપન્ન થયું હતું. આજના આ વિશેષ અવસરે શાળાના નાના અને હોનહાર બાળ વૈજ્ઞાનિકોએ પોતાની અદ્ભુત કલ્પનાશક્તિ અને સૂઝબૂઝનો પરિચય આપતા બેસોથી વધુ અનોખા પ્રોજેક્ટ્સ તૈયાર કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા, જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં શૈક્ષણિક મહાનુભાવો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજના આધુનિક યુગમાં માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું મર્યાદિત ન રહેતા વિદ્યાર્થીઓમાં વ્યવહારુ અને પ્રયોગાત્મક જ્ઞાન વધે તે સમયની સૌથી મોટી માંગ બની ગઈ છે.

### નવીન કૌશલ્ય તાલીમ દ્વારા બાળકોને મળશે સીધા અને પારદર્શક લાભો

## સુરતમાં સ્પંદન ટ્રસ્ટના દિવ્યાંગ બાળકો માટે કૌશલ્ય અભિયાન



(એજન્સી) સુરત । તા. 13

રાજ્યના આર્થિક અને વેપારી કેન્દ્ર સમાન સુરત શહેરમાં મનોદિવ્યાંગ બાળકો અને યુવાનોની છુપી પ્રતિભાને ઓળખીને તેમને સમાજમાં આત્મનિર્ભર અને સન્માનભેર જીવન જીવવાની તક પૂરી પાડવાના ઉદ્દેશ્યથી આજે એક અત્યંત પ્રેરણાદાયી પહેલનો શુભારંભ કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને સ્થાનિક સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી શરૂ થયેલી આ વિશેષ ઝુંબેશ અંતર્ગત શહેરના ગોપીપુરા વિસ્તારમાં આવેલા અનોખા કેન્દ્ર ખાતે બાળકોને વ્યવસાયલક્ષી હુન્નર શીખવવામાં આવી રહ્યો છે. આજના આ વિશેષ આયોજનમાં ઉપસ્થિત વરિષ્ઠ અધિકારીઓ અને વિશેષ એજ્યુકેટર્સની ટીમે જણાવ્યું હતું કે આ કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ છેવાડાના અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે, જેથી તેઓ કોઈપણ પરવશતા વગર પોતાના પગ પર ઊભા રહી શકે અને દેશના વિકાસમાં પોતાનું સાર્થક યોગદાન આપી શકે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી વિશેષ બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અને વ્યવસાયિક તાલીમને જોડવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. અગાઉના સમયમાં આવી પ્રતિભાઓને યોગ્ય મંચ કે માર્ગદર્શન મેળવવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે આધુનિક અને સંકલિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ કેન્દ્ર દ્વારા બાળકોને હવે સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નથી પડતી, પરંતુ ઘર આંગણે જ ડિજિટલ અને વ્યવહારુ માધ્યમથી તાલીમ મેળવવાની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. સંસ્થા દ્વારા બાળકોની ક્ષમતા અને રુચિને ધ્યાનમાં રાખીને તેમને વિવિધ સશક્તિકરણની પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવી રહ્યા છે, જેના કારણે તેમના જીવનમાં મોટો બદલાવ આવી રહ્યો છે.

આ કલ્યાણકારી પ્રવૃત્તિઓની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે તાજેતરમાં જ શિક્ષણ વિભાગ અને સ્પેશિયલ એજ્યુકેટર્સની એક ઉચ્ચ સ્તરીય ટીમ દ્વારા ગોપીપુરા સ્થિત કેન્દ્રની સત્તાવાર શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ મુલાકાત દરમિયાન મહેમાનોએ બાળકો દ્વારા જાતે તૈયાર કરવામાં આવતી વિવિધ કલાત્મક ચીજવસ્તુઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. બાળકોએ પોતાની કુશળતાથી પેપરબેગ, નેઈલ આર્ટ, લાકડામાંથી બનાવવામાં આવેલા આકર્ષક મોબાઈલ સ્ટેન્ડ, મોતીની માળા, જ્વેલરી બોક્સ તેમજ દીવા જેવી સુંદર વસ્તુઓ બનાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ તમામ પ્રતિભાઓને નિહાળીને ઉપસ્થિત અધિકારીઓએ બાળકોની ભારે પ્રશંસા કરી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ તાલીમ કેન્દ્રના સફળ સંચાલન માટે અને બાળકોને અવરજવરમાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સંસ્થા દ્વારા ખાસ વાહનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### પેવેલિયન ગ્રાઉન્ડની સ્થિતિ, મેદાન પૂર્વવત કરવાની માંગ

## પેવેલિયન ગ્રાઉન્ડ પર વડાપ્રધાનના કાર્યક્રમ બાદ મેદાનની કથળેલી સ્થિતિ

(એજન્સી) વડોદરા । તા. 13

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના જાણીતા પેવેલિયન ગ્રાઉન્ડ પર દેશના વડાપ્રધાનના ભવ્ય કાર્યક્રમનું આયોજન પૂર્ણ થયાના પાંચ દિવસ વીતી જવા છતાં મેદાનની સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક બની રહી છે, જેના કારણે સ્થાનિક ખેલાડીઓ અને રમતગમત પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિશાળ આયોજન માટે મેદાનમાં અનેક જગ્યાએ મોટા ખાડા ખોદવામાં આવ્યા હતા, અઠ્ઠાવીસ જેટલા ટ્રાન્સફોર્મરના થાંભલા નાખવામાં આવ્યા હતા તેમજ મોટી માત્રામાં કપચી અને ડામરના રસ્તાઓ બનાવવામાં આવ્યા હતા, જે હજી પણ યથાવત છે અને તેને દૂર કરવાની કોઈ જ ગતિવિધિ જોવા મળી રહી નથી.

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની રમતગમત પ્રવૃત્તિઓ માટે જાણીતા આ ઐતિહાસિક મેદાનને સરકારી કાર્યક્રમ માટે



ફાળવવામાં આવ્યું ત્યારે જ તેનો તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષીએ અગાઉ પણ આ મેદાન પર મોટા પાયે આયોજન કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને એવી આશંકા વ્યક્ત કરી હતી કે આનાથી વિદ્યાર્થીઓની રમતગમતની પ્રવૃત્તિઓને લાંબા સમય માટે ગ્રહણ લાગી જશે. વર્તમાન સમયમાં મેદાનની ચારેય બાજુ ફેલાયેલો કચરો, ખોદકામ અને સામગ્રીઓનું સામ્રાજ્ય જોઈને સ્પષ્ટ થાય છે કે સંલગ્ન તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા દાખવવામાં આવી નથી, જેના કારણે યુવા ખેલાડીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે.

આજે સ્થિતિ એવી છે કે આગામી સમયમાં યોજાનારી આંતર-યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાઓ અને ખેલ મહાકુંભ જેવી મહત્વપૂર્ણ ઈવેન્ટ્સ માટે ખેલાડીઓ અહીં પ્રેક્ટિસ પણ કરી શકે તેમ નથી. કાર્યક્રમ પૂરો થયાના પાંચ દિવસ વીતી ગયા હોવા છતાં સ્થળ પરથી ટ્રાન્સફોર્મરના થાંભલા, કપચી અને અન્ય વેરણછેરણ સામગ્રી હટાવાઈ નથી, જેના કારણે મેદાનનું મૂળ સ્વરૂપ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયું છે. નિષ્ણાતો અને સ્થાનિક આગેવાનોનું સ્પષ્ટપણે માનવું છે કે આટલા મોટા પાયે થયેલા નુકસાનને સુધારીને મેદાનને અગાઉની સ્થિતિમાં પાછું લાવતા હજુ પણ ઘણા લાંબા દિવસો નીકળી જશે અને ત્યાં સુધી ખેલાડીઓએ વણજોઈતી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. યુનિવર્સિટી સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપવાના દાવાઓ વચ્ચે પેવેલિયન ગ્રાઉન્ડની આ દુર્દશા વહીવટી તંત્રની ઉદાસીનતાની પોલ ખોલી નાખે છે. ખેલપ્રેમીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં મેદાનની મરામત માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે યુવાનોની રમતગમતની તાલીમ પર સીધી માઠી અસર પડી રહી છે. આગામી દિવસોમાં જો સત્વરે આ ખાડાઓ પૂરવામાં નહીં આવે અને ડામર તથા કપચી હટાવીને મેદાનને સમથળ કરવામાં નહીં આવે.

### મોબાઈલ ચલણ એપીકે ફાઈલ કૌભાંડ

## વડોદરામાં એપીકે ફાઈલ ઓપન કરતા આર્મીમેનના રૂપિયા ગયા

(એજન્સી) વડોદરા । તા. 13

રાજ્યના અત્યંત જાણીતા અને ઔદ્યોગિક નગર સમાન વડોદરા શહેરમાં સાયબર અપરાધીઓ દ્વારા આચરવામાં આવતી નવીનતમ ઠગાઈનો એક ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં દેશની રક્ષા માટે તૈનાત એક જવાબદાર આર્મીમેનને નિશાન બનાવીને લાખો રૂપિયાની માતબર રકમ સેરવી લેવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાતમી સપ્ટેમ્બરના રોજ હરણી વિસ્તારમાં આવેલા જાણીતા ઈએમઈ આર્મી કેમ્પમાં ફરજ બજાવતા સુબેદાર ભાસ્કરણ ગણપાત્ય ઉદયારના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરથી એક શંકાસ્પદ લિંક મોકલવામાં આવી હતી, જેને સહજભાવે ઓપન કરતા જ બીજા દિવસે તેમના ક્રેડિટ કાર્ડમાંથી હજારો રૂપિયા સેરવાઈ ગયા હતા. આ મામલે પીડિત દ્વારા સ્થાનિક પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ વહીવટી તંત્ર અને સાયબર ક્રાઈમ શાખા દ્વારા ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે, જેથી આ ડિજિટલ ગેંગને ઝડપી શકાય. આજના આધુનિક ડિજિટલ યુગમાં સાયબર ઠગો દ્વારા સામાન્ય નાગરિકોને ફસાવવા માટે રોજ નવા કીમિયા અજમાવવામાં આવતા હોય છે, જેમાં ટ્રાફિક ચલણ ભરવાના બહાના આગળ ધરીને લોકોને ભ્રમિત કરવામાં આવે છે. આ ઘટનામાં પણ જ્યારે ફરિયાદીના ફોન પર વાહન ચલણ ભરવા અંગેનો મેસેજ આવ્યો, ત્યારે તેમને પોતાના વતનમાં પુત્રી દ્વારા ચલાવવામાં આવતા વાહનનું દંડ હશે તેવી સ્વાભાવિક શંકા ગઈ હતી. આ ભોળા વિશ્વાસનો ગેરલાભ લઈને સાયબર ઠગો દ્વારા ફોનમાં એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરાવવામાં આવી હતી, જેના દ્વારા હેકર્સ સીધા જ પીડિતના બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડની ગોપનીય વિગતો મેળવવામાં સફળ રહ્યા હતા અને થોડા જ કલાકોમાં આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. આ સમગ્ર પ્રકરણની વિગતવાર વાત કરીએ તો, સાતમી સપ્ટેમ્બરની રાત્રે આશરે નૌ વાગ્યે જ્યારે આર્મીમેન પોતાની નોકરી પર હાજર હતા, ત્યારે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબરથી ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો.

### આર્ટ્સ ફેકલ્ટી વિવાદ, વાયરલ વીડિયો મામલો

## વડોદરામાં અશ્લીલ હરકત કરનાર માફી માગી

(એજન્સી) વડોદરા । તા. 13

રાજ્યના જાણીતા અને ઐતિહાસિક શૈક્ષણિક કેન્દ્ર સમાન વડોદરા શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના વર્ગખંડમાં બનેલી એક અત્યંત શરમજનક અને અસભ્ય ઘટનાના બે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સમગ્ર શૈક્ષણિક જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે, જેમાં સંડોવાયેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીએ આખરે પોતાની ભૂલ સ્વીકારીને સાર્વજનિક રૂપે માફી માંગી લીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ગંભીર પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી સત્તાવાળાઓ અને વિશેષ તપાસ સમિતિ દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા હતા, જેના પરિણામે તમામ સંડોવાયેલા યુવાનોની ઓળખ સુનિશ્ચિત કરીને આગળની શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ સમગ્ર ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, થોડા દિવસો પહેલાં આર્ટ્સ ફેકલ્ટીના એક ચાલુ વર્ગખંડમાં યુગલ દ્વારા કરવામાં આવેલી અશ્લીલ હરકતોના બે અલગ-અલગ વીડિયો અચાનક જ ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગયા હતા, જેના કારણે વિદ્યાર્થી આલમ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ફેકલ્ટી ડીન પ્રોફેસર કલ્પના ગવલીના વડપણ હેઠળ એક વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે સતત બે દિવસ સુધી સઘન તપાસ ચલાવીને એડમિશન રેકોર્ડ અને ફોર્મ પરના ફોટોગ્રાફ્સની સરખામણી કરી હતી.

ઓળખ થવાની સાથે જ તપાસ સમિતિ દ્વારા તુરંત જ બંને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને યુનિવર્સિટી ખાતે રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની સમક્ષ કડક પૂછપરછ કરવામાં આવી હતી. આ દબાણ અને પોતાની ગંભીર ભૂલનો અહેસાસ થતાં બંને વિદ્યાર્થીઓએ પોતાની હરકત બદલ ભારે પસ્તાવો વ્યક્ત કર્યો હતો અને સોશિયલ મીડિયા પર એક માફી માંગતો વીડિયો પણ સત્તાવાર રીતે પોસ્ટ કર્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો। પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો.

**કર્ક : ડ. હ.**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**સિંહ : મ. ટ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે.

**કન્યા : પ. ઠ. ણ.**

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિઝૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**તુલા : ર. ત.**

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર : ખ. જ.**

તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

## દાહોદમાં બાબા રામદેવજી મહારાજના પ્રાગટ્ય દિન નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ





દિપક રાવલ દાહોદ લીમખેડા | તા.16

દાહોદ શહેરમાં આજે બાબા રામદેવપીરના જન્મ દિવસની ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે શહેરના ગોધરા રોડ પરથી એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.બાબા રામદેવપીરના પ્રાગટ્ય પર્વને લઈને દાહોદ શહેર આજે "રામાપીરના જયકારા"થી ગૂંજી ઉઠ્યું હતું. શહેરના ગોધરા રોડ ખાતેથી વિધિવત પૂજન-અર્ચન બાદ ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. ડીજે, ઢોલ-નગારા અને ભજન-કીર્તનના તાલ સાથે નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. હાથમાં ધજા-પતાકા સાથે અબાલ-વૃદ્ધ સૌ કોઈ બાબાની ભક્તિમાં લીન જોવા મળ્યા હતા.આ શોભાયાત્રા ગોધરા રોડથી નીકળીને દાહોદ શહેરના વિવિધ મુખ્ય માર્ગો અને વિસ્તારોમાંથી પસાર થઈ હતી. માર્ગમાં ઠેર-ઠેર વિવિધ સામાજિક અને ધાર્મિક સંગઠનો દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કર્યા બાદ આ ભવ્ય શોભાયાત્રા દાહોદ નજીક આવેલા ચામુંડા હોટલ ખાતે પહોંચશે,

જ્યાં મહાઆરતી અને પ્રસાદ વિતરણ બાદ યાત્રાનું વિધિવત સમાપન કરવામા આવશે.આજે બાબા રામદેવજીના જન્મ દિવસ નિમિત્તે અમે દર વર્ષની જેમ આ વર્ષે પણ શોભાયાત્રાનું આયોજન કર્યું છે. સમગ્ર શહેરના લોકો જોડાયા છે અને ખૂબ જ ઉત્સાહનો માહોલ છે."

## ઢાઢર નદીનો કોઝવે ગતરાત્રે પડેલા ભારે વરસાદને કારણે પાણીમાં ડૂબી ગયો



કમલેશ પટેલ. સંખેડા | તા.03

સંખેડા તાલુકાના કંટેશ્વર પાસે આવેલો ઢાઢર નદીનો કોઝવે ગતરાત્રે પડેલા ભારે વરસાદને કારણે પાણીમાં ડૂબી ગયો છે. વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડ્યો હતો.આજે પણ વિસ્તારમાં વરસાદ ચાલુ રહ્યો છે. કોઝવે પાણીમાં ગરકાવ થતા કંટેશ્વર અને કાડી તલાવડી ગામ વચ્ચેનો રસ્તો બંધ થઈ ગયો છે.આ કારણે લોકોને અવર-જવરમાં ઘણી મુશ્કેલી પડી રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે આ સમસ્યા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નથી.વર્ષોથી પુલ બનાવવાની માંગ કરી રહેલા ગ્રામજનો આજે પણ વિકાસથી વંચિત છે.

**કુલ મુકાયેલા કેસો: ૨૮,૬૮૩**

## દાહોદ જિલ્લા અદાલતમાં ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન: ૯,૮૪૧ કેસોનો સુખદ નિકાલ, રૂ. ૬.૨૫ કરોડનું સેટલમેન્ટ

દિપક રાવલ દાહોદ લીમખેડા

નામદાર નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (ન્યૂ દિલ્હી) ના આદેશ અનુસાર અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ (અમદાવાદ) ના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ ૧૨/૦૯/૨૦૨૬ ના રોજ જિલ્લા અદાલત દાહોદ ખાતે 'નેશનલ લોક અદાલત'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી એચ. જી. વાઘેલા સાહેબના વરદ હસ્તે યોજાયો હતો.કુલ સેટલમેન્ટ રકમ: રૂ. ૬,૨૫,૩૬,૫૩૨/- (અંકે રૂપિયા છ કરોડ પચીસ લાખ છત્રીસ હજાર પાંચસો બત્રીસ પૂરા)જેમાં "કોઈનો જય નહીં અને કોઈનો પરાજય નહીં"ના



ઉદાત્ત હેતુ સાથે યોજાયેલી આ લોક અદાલતમાં મોટી સંખ્યામાં અરજદારોના પેન્ડિંગ પ્રશ્નોનો પરસ્પર સંમતિથી ઉકેલ લાવી ઝડપી અને બિનખર્ચાળ ન્યાય પૂરો પાડવામાં આવ્યો હતો.

**તાલીમ કાર્યશાળા'**

## નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે SSIP 2.0 અંતર્ગત 'થ્રી ડી પ્રિન્ટિંગ તાલીમ કાર્યશાળા' યોજાઈ

દાહોદ: દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદ ખાતે 'SSIP 2.0' અંતર્ગત બે દિવસીય "3D Printing Training Programme - 2026" કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઈસ પ્રિન્સિપાલશ્રી ડૉ. હરેશ કે. પંચાલે ઉપસ્થિત વક્તાઓ તથા તાલીમાર્થી વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી આધુનિક યુગમાં થ્રી ડી પ્રિન્ટિંગ ટેકનોલોજીનું મહત્વ સમજાવ્યું હતું.

તજજ્ઞ વક્તા પ્રો. હર્ષિલ મોદીએ SSIP 2.0 અંતર્ગત મળતું ફન્ડિંગ, ઈનોવેશન, ફોર્જિંગ, જોઈનિંગ અને ઈન્ડસ્ટ્રી માટે કૌશલ્યપૂર્ણ મેનપાવર તૈયાર કરવાની જરૂરિયાતો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઈન્ડસ્ટ્રી 1.0 (1780) થી લઈને ઈન્ડસ્ટ્રી 4.0 સુધીની સફર, ઓટોમોબાઈલ ક્ષેત્ર (બી.એમ.ડબ્લ્યુ. કાર), માનવ શરીરના અંગોના મોડેલિંગ, ડ્રોન તેમજ રોકેટ ટેકનોલોજીમાં 3D પ્રિન્ટિંગની ઉપયોગિતા અને તેના ગેરફાયદા વિશે વિગતવાર માહિતી આપી હતી.

ગણપત યુનિવર્સિટી, મહેસાણાના પ્રો. જૈમિન પ્રજાપતિએ એડિટિવ મેન્યુફેક્ચરિંગની વિવિધ પદ્ધતિઓ, મટીરિયલ એક્સ્ટ્રુઝન, પ્લાસ્ટિક ફિલામેન્ટના માપદંડો, યોગ્ય વસ્તુના નિર્માણ માટે મટીરિયલને ગરમ અને નરમ કરવાની પ્રક્રિયાઓ તેમજ પ્રોડક્ટ ડિઝાઈનની તાલીમ આપી હતી.

**શાળાની સુવિધા આપવાની માંગ**

## ડિજિટલ યુગમાં દેશલપર (ગુંતલી) ગામે આવેલ 'કંકાય વાંઢ'ના બાળકો શિક્ષણથી વંચિત!



જગદીશ પી. દવે| દેશલપર (ગુંતલી)

ભારત વિશ્વ સાથે ડિજિટલ અને ટેકનોલોજીના યુગમાં કદમ મિલાવી રહ્યું છે, ત્યારે દેશલપર (ગુંતલી) ગ્રામ પંચાયત હેઠળ આવતી કંકાય વાંઢમાં હજુ પણ શિક્ષણની પાયાની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. વાંઢમાં વસતા પરિવારોના જણાવ્યા મુજબ અહીં આશરે વીસેક જેટલા બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવવાની ઉંમરના હોવા છતાં શાળાની સુવિધાથી વંચિત છે.કંકાય વાંઢના રહેવાસીઓ માટે સરકાર દ્વારા આશરે બે એકર જમીન ગામતળ તરીકે નીમ કરી રહેણાક વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થી પરિવારોને મકાન સહાય પણ આપવામાં આવી રહી છે. પરંતુ રહેણાકની વ્યવસ્થા ઊભી થઈ છે ત્યારે બાળકોના ભવિષ્ય માટે જરૂરી શિક્ષણની સુવિધા કેમ નહીં? તેવો સવાલ વાંઢના રહેવાસીઓ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, "આજે કોમ્પ્યુટર અને ટેકનોલોજીનો યુગ છે, પરંતુ અમારા બાળકો હજુ પ્રાથમિક શિક્ષણથી પણ વંચિત રહે તે દુઃખદ બાબત છે. બાળકોને શિક્ષણ મેળવવા માટે દૂર જવું પડે છે, જેના કારણે નિયમિત શાળાએ જવામાં મુશ્કેલી પડે છે."આ અંગે સ્થાનિક રાજકીય આગેવાન અને પૂર્વ ઉપસરપંચ પ્રવિણસિંહ સોઢાએ શિક્ષણ વિભાગને તાત્કાલિક કંકાય વાંઢની સ્થળ મુલાકાત લઈ વાસ્તવિક પરિસ્થિતિનો સર્વે કરવા તથા બાળકોને શિક્ષણની યોગ્ય સુવિધા મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા નમ્ર રજૂઆત કરી છે.વાંઢના બાળકોનું ભવિષ્ય શિક્ષણ સાથે જોડાયેલું છે ત્યારે તંત્ર દ્વારા માત્ર રહેણાકની સુવિધા નહીં પરંતુ શિક્ષણનો અધિકાર પણ તેમના ઘરઆંગણે પહોંચે, તે દિશામાં તાત્કાલિક પગલાં ભરાય તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

## નર્મદા જિલ્લા ના કેવડિયા ખાતે અધિકારીઓ માટે કાનૂની અને તપાસલક્ષી તાલીમ કાર્યક્રમ યોજાયો

રાજપીપલા : નર્મદા જિલ્લામાં ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન ની કચેરી દ્વારા તથા જિલ્લા સરકારી વકીલ નર્મદાની કચેરીના સહયોગથી કેવડિયા ખાતે ચાર જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ માટે મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ આકાર્યક્રમમાં ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન એ. આર. પટેલ પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ નર્મદાએસ. વી. વ્યાસ , ફેમિલી જજ હિરપરા સાહેબ તથા એડિશનલ સેશન્સ જજ કે. આર. પંડ્યા સાહેબ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.તાલીમ કાર્યક્રમમાં નર્મદા સહિત ચાર જિલ્લાના જિલ્લા સરકારી વકીલો , મામલતદારો . તબીબો , પોલીસ અધિકારીઓ , તથા પ્રોસિક્યુશન વિભાગના અધિકારીઓ એ ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન NDPS એક્ટ, POCSO એક્ટ, Dying Declaration તથા Scene of Offence, Panchanama અને Spot





Map જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન વૈજ્ઞાનિક પુરાવા, કાનૂની પ્રક્રિયા તથા વિવિધ વિભાગો વચ્ચેના સંકલન અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા સરકારી વકીલ નર્મદા. જીતેન્દ્રસિંહ જે. ગોહિલ દ્વારા ઉપસ્થિત મહાનુભાવો તથા તમામ અધિકારીઓનું સ્વાગત કરી જણાવ્યું હતું કે, "સારા સંકલનથી સારી તપાસ, સારી તપાસથી મજબૂત પુરાવા અને મજબૂત પુરાવાથી અસરકારક ન્યાય" પ્રાપ્ત કરી શકાય છે. તાલીમ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપવા બદલ બાર કાઉન્સિલ મેમ્બર કુ વંદના ભટ્ટ નું પણ વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું . કાર્યક્રમનો મુખ્ય હેતુ પોલીસ તપાસ, તબીબી પુરાવા, મહેસૂલ તંત્રની કાર્યવાહી તથા પ્રોસિક્યુશનની કાનૂની રજૂઆત વચ્ચે વધુ અસરકારક સંકલન સ્થાપિત કરી ન્યાયિક પ્રક્રિયાને વધુ મજબૂત અને અસરકારક બનાવવાનો હતો.

### સરકારી ઇજનેરી કોલેજ, દાહોદ ખાતે 'સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન' અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

દાહોદ : સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ અને અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરો, મટીરિયલ ડીલરો અને ઈજનેરી વિદ્યાર્થીઓ માટે 'સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન મટીરીયલ્સ' વિષય પર એક વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.બાંધકામ ક્ષેત્રમાં પર્યાવરણ સંરક્ષણ, ટકાઉપણું (સસ્ટેનેબિલિટી) અને ગુણવત્તાયુક્ત નિર્માણના વધતા મહત્વને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આશરે ૪૦ કોન્ટ્રાક્ટરો, ૪૦ મટીરિયલ ડીલરો તથા કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડના એન્જિનિયર શ્રી મુકેશભાઈ, શ્રી મયુર ભંડારકર તથા શ્રી ભાવિક ઠક્કરે ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન મટીરીયલ્સના ગુણધર્મો, યોગ્ય ઉપયોગ પદ્ધતિ અને બજારમાં ઉપલબ્ધ વિવિધ વિકલ્પો અંગે વ્યવહારુ માહિતી આપી હતી.

**રામામંડળ દ્વારા રામદેવપીરનું આખ્યાન**

## વિરાણી મોટી ખાતે ગણેશ ઉત્સવ સાથે આજે રાત્રે રામદેવપીરના આખ્યાનનો રંગ જામશે

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વિરાણી મોટી ખાતે સનાતન સેવા સંઘના 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રજત જયંતિ મહોત્સવ અંતર્ગત ત્રિદિવસીય ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના પ્રથમ દિવસે આજે સોમવારે રાત્રે 9 વાગ્યે પાતીયાવાળા રામામંડળ દ્વારા શ્રી રામદેવપીરનું ભવ્ય આખ્યાન રજૂ કરવામાં આવશે.આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહેશે. સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધાર્મિક માહોલ વચ્ચે ભાવિકોને આશીર્વચનનો લાભ મળશે.શ્રી રામદેવપીરના આખ્યાનના દાતા તરીકે સ્વ. મહિપતસિંહ કેસરીસિંહ જાડેજા ઠાકોર પરિવાર દ્વારા સેવા આપવામાં આવી છે. વિરાણી મોટી તથા આસપાસના ગ્રામજનો અને





ધર્મપ્રેમી ભાવિકોને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

**ભવિષ્યના રસ્તે બસની અછતનો અવરોધ!**

## શાળાએ જવા ૨૦થી વધુ વિદ્યાર્થીઓને મુશ્કેલી; તાલુકા મથક સાથે સીધી એસ.ટી. બસ શરૂ કરવાની ગ્રામજનોની માંગ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વજીરાવાંઢ ગામમાં આશરે ૯૦થી વધુ ઘર-પરિવારો વસવાટ કરે છે, પરંતુ ગામને તાલુકા મથક નખત્રાણા સાથે જોડતી નિયમિત એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોવાથી ગ્રામજનો તથા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ખાસ કરીને વજીરાવાંઢથી મુરૂ ખાતે આવેલી શ્રી સરકારી માધ્યમિક શાળા (RMSA)માં ધોરણ ૯ અને ૧૦માં આશરે ૨૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગામથી શાળા સુધી પહોંચવા માટે યોગ્ય વાહન વ્યવસ્થા



ન હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર સીધી અસર પડી રહી છે. કેટલાક વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ પહોંચી શકતા ન હોવાની સ્થિતિમાં શાળા છોડી દેવાની નોબત ન આવે તે માટે તાત્કાલિક પરિવહન સુવિધા જરૂરી બની છે.આ અંગે શ્રી સરકારી માધ્યમિક શાળા, મુરૂ દ્વારા તા. ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ નખત્રાણા એસ. ટી. ડેપો મેનેજરને લેખિત રજૂઆત કરી વિદ્યાર્થીઓના આવવા-જવા માટે સવારે ૭:૩૦ કલાકે અને બપોરે ૧:૧૫ કલાકે વિશેષ બસ શરૂ કરવા અથવા હાલના બસ રૂટને વજીરાવાંઢ સુધી લંબાવવાની માંગ કરવામાં આવી છે.ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામ સુધી ડામર રોડની સુવિધા સરકારશ્રી તેમજ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના પ્રયત્નોથી ઉપલબ્ધ બની છે. રોડ મળ્યા બાદ હવે બસ સેવા પણ શરૂ થાય તો વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં સરળતા રહે તેમજ ગ્રામજનોને નખત્રાણા તાલુકા મથક સુધી આવન-જાવનની સુવિધા મળે.ગામના જત મુસ્તાક સહિત ગ્રામજનોએ રોડની સુવિધા બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું.

**શ્રી રામદેવપીર જીવન ચરિત્ર આખ્યાન રજૂ કરાશે**

## આજથી રવાપર ખાતે ૨૭ માં ત્રિ-દિવસીય ગણેશ મહોત્સવનો ભક્તિમય પ્રારંભ

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર ગામે છેલ્લા બે દાયકા કરતા પણ વધુ સમયથી અવિરતપણે ઉજવાતા લોકપ્રિય અને ભવ્યાતિભવ્ય ગણેશ મહોત્સવની ગૌરવવંતી પરંપરા આ વર્ષે પણ ભક્તિ, ભાવ અને ઉલ્લાસભેર જળવાઈ રહેશે. શ્રી રવાપર વિસ્તાર સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ શ્રી રવાપર ગણેશ યુવક મંડળ દ્વારા સંવત ૨૦૮૨ ભાદરવા સુદ ૪ ને સોમવાર તા.૧૪-૯-૨૦૨૬ થી ભાદરવા સુદ ૬ ને બુધવાર તા.૧૬-૯-૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય ભવ્ય કાર્યક્રમોનું અનેરું આયોજન કરવામાં આવ્યું છે, તેવું મંડળના સ્થાપક અને સમાજસેવી શ્રી અશ્વિનભાઈ રૂપારેલએ જણાવ્યું હતું.પ્રથમ દિવસે તા.૧૪ ના રોજ સવારે ૯:૦૦ કલાકે શ્રી મહાકાળી મંદિર સાનિધ્યમાં બિરાજમાન શ્રી સિદ્ધિ વિનાયક મંદિર ખાતે સરપંચ શ્રી પરેશભાઈ વિશનજીભાઈ રૂપારેલના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય, પૂજન-અર્ચન બાદ સવારે ૯:૪૫ કલાકે મૂર્તિના પરમ ભક્ત દાતા સ્વ. ગોદાવરીબેન વિશનજી દામજી રૂપારેલ પરિવારની બસ સ્ટેશન ખાતેની ઓફિસથી ઢોલ-નગારા અને ગણપતિ બાપા મોરીયાના ગગનભેદી નાદ સાથે ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન થઈ ગામના રાજમાર્ગો પર ફરી ૧૧:૩૦ કલાકે શિવ મંદિર ચોક ખાતે શ્રીજીની ભાવસભર સ્થાપના, પૂજન, આરતી અને થાળ ધરાવાશે. સાંજે ૪:૩૦ કલાકે માતૃશક્તિ દ્વારા શ્રી ભગવાનદાસ જોષી એન્ડ પાર્ટીના સથવારે ભવ્ય દાંડિયા રાસની રમઝટ, સાંજે ૭:૩૦ કલાકે ભવ્ય મહાઆરતી, દાતા શ્રી ચિરાગ એન. પટેલ પ્રભાત પેટ્રોલીયમ, રવાપર હસ્તે યોજાશે. રાત્રે ૧૦:૦૦ કલાકે લોકસાહિત્યના દિગ્ગજો હરિ ઓમ ગઢવી (આદિપુર), જીવણજી ગઢવી, લોકગાયિકા ભારતીબેન બારોટ અને પ્રવીણદાન ગઢવીના કંઠે ભક્તિ અને લોકસંસ્કૃતિને ઉજાગર કરતી ભવ્ય સંતવાણીનું અનેરું આયોજન કરવામાં આવ્યું છે. તૃતીય અને અંતિમ દિવસે તા.૧૬ ના રોજ સવારે ૮:૦૦ કલાકે પૂજન-આરતી, બપોરે ૩:૦૦ વાગ્યાથી ગામના તમામ વેપારી બંધુઓ સ્વયંભૂ પોતાના વેપાર-ધંધા બંધ રાખી એકતા અને શ્રદ્ધાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે, બપોરે ૪:૩૦ કલાકે શિવ મંદિર ચોકથી મેઈન બજાર, બસ સ્ટેશન, મુખ્ય માર્ગ થઈ ડી.જે. પાર્ટી, ઢોલ-શરણાઈના નાદ અને અબીલ-ગુલાલ સાથે તળાવ સુધી ભવ્ય મૂર્તિ વિસર્જન યાત્રા નીકળશે,

જેમાં મોટી સંખ્યામાં રાજકીય-સામાજિક અગ્રણીઓ, વડીલો, યુવાનો, માતાઓ-બહેનો સહિત આસપાસના ગામોના ભાવિકો જોડાશે.આ સમગ્ર મહોત્સવના આચાર્યપદે શાસ્ત્રી શ્રી કિરણ ગોપાલભાઈ જોષી રહેશે.રવાપર સહિત આજુબાજુના તમામ ભાવિક ભક્તોને દર્શન-લાભ લેવા મંડળ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**ભંગાણનું તાત્કાલિક સમારકામ**

## ફુવારા બંધ થયા, હવે જંગ ખાધેલો વાલ બદલો

જગદીશ પી. દવે| દેશલપર (ગુંતલી)

નખત્રાણા-લખપત હાઈવે પર મથલ બ્રિજ નજીક નર્મદા લાઈનમાં સર્જાયેલા ભંગાણને પગલે મોટી માત્રામાં પાણીનો બગાડ થયો હતો. એરવાલમાંથી આશરે 30 ફૂટ ઊંચા પાણીના ફુવારા ઉડતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં તંત્ર દ્વારા તાત્કાલિક વાલ કટાઈ પાણીનો પ્રવાહ બંધ કરી ભંગાણનું સમારકામ કરવામાં આવ્યું હતું. જોકે, સ્થળ પરનો વાલ જંગ ખાઈ ગયેલી હાલતમાં હોવાથી તેને બદલવાની તાતી જરૂરિયાત હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.પાણીનો બગાડ અટકાવવા માત્ર તાત્કાલિક સમારકામ પૂરતું ન રહે, પરંતુ જંગ લાગેલા વાલને કાયમી ધોરણે બદલી નવો વાલ



મૂકવામાં આવે તેવી માંગ ઉઠી છે. સાથે જ નર્મદા લાઈન પરના અન્ય વાલોની પણ તપાસ કરી જ્યાં જરૂર હોય ત્યાં બદલવાની કામગીરી કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.કિંમતી નર્મદાના પાણીનો ફરી બગાડ ન થાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જંગ ખાધેલો વાલ બદલવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગણેશ ચતુર્થી પર શેરબજારમાં ટ્રેડિંગનું સમયપત્રક અને નિયમો

# આજે ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ બંધ રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા.13

શેરબજારમાં 14 સપ્ટેમ્બર, સોમવારે ગણેશ ચતુર્થી નિમિત્તે રજા રહેશે. અઠવાડિયાનો પહેલો દિવસ એટલે કે સોમવાર ટ્રેડિંગનો દિવસ હોય છે પરંતુ આ વખતે શેરબજાર બંધ રહેવાનું છે. ચાલો જાણીએ કે સોમવારે બજાર કેમ બંધ રહેશે.ગણેશ ચતુર્થીના કારણે 14 સપ્ટેમ્બરે શેરબજારમાં રજા જાહેર કરવામાં આવી છે. આવામાં ઈક્વિટી સેગમેન્ટ અને ઈક્વિટી ડેરેવેટિઝ સેગમેન્ટમાં ટ્રેડિંગ બંધ રહેશે. આ ઉપરાંત, કરન્સી ડેરેવેટિઝ સેગમેન્ટ અને NDS-RST તથા ટ્રાઈ-પાર્ટી રેપો સેગમેન્ટમાં પણ ટ્રેડિંગ થશે નહીં. જો કે, કોમોડિટીડેરેવેટિઝ સેગમેન્ટ અને ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિટ્સ (EGR) સેગમેન્ટમાં ટ્રેડિંગ પહેલા હાફમાં (દિવસના પ્રારંભિક ભાગમાં) બંધ રહેશે. ટ્રેડિંગ બીજા હાફમાં સાંજે 5:00 વાગ્યાથી ફરી શરૂ થશે. જેનો અર્થ એ છે કે કોમોડિટી માર્કેટ સોમવારે સવારે 9:00




વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી બંધ રહેશે.ગણેશ ચતુર્થી 2026 પછી શેરબજારની આગામી રજા 2 ઓક્ટોબર 2026ના રોજ મહાત્મા ગાંધી જયંતીના અવસરે હશે. ઓક્ટોબરમાં શેરબજારની બે રજાઓ હશે. આ રજાઓ 2 ઓક્ટોબર 2026ના રોજ મહાત્મા ગાંધી જયંતી અને 20 ઓક્ટોબર 2026ના રોજ દશેરાના કારણે છે. દશેરા પછી 2026માં શેરબજારની વધુ ત્રણ રજાઓ હશે. 10 નવેમ્બર 2026ના રોજ દિવાળી બલિપ્રતિપદા, 24 નવેમ્બર 2026ના રોજ પ્રકાશ ગુરુપર્વ શ્રી ગુરુ નાનક દેવ અને 25 ડિસેમ્બર 2026ના રોજ ક્રિસમસના કારણે ટ્રેડિંગ થશે નહીં. આ રીતે, નવેમ્બરમાં શેરબજારની બે અને ડિસેમ્બરમાં એક રજા હશે.ગણેશ ચતુર્થીનો તહેવાર 14 સપ્ટેમ્બર 2026ના રોજ ઉજવવામાં આવશે. ગણેશ ચતુર્થી પૂજા અને મૂર્તિ સ્થાપના માટે સૌથી શુભ સમય પરંપરાગત રીતે 'મધ્યાહ્ન' અથવા બપોરનો સમય માનવામાં આવે છે. પરંપરા અનુસાર, એવું માનવામાં આવે છે કે ભગવાન ગણેશનો જન્મ મધ્યાહ્ન કાળમાં થયો હતો, તેથી ભક્તો મુખ્ય પૂજા માટે આ સમય પસંદ કરે છે. જણાવો કે નવી દિલ્હી માટે, 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી પૂજાનું મુહૂર્ત સવારે 11:02 વાગ્યાથી બપોરે 1:31 વાગ્યા સુધી રહેશે.BSEનો 30 શેરવાળો માનક સૂચકાંક સેન્સેક્સ 120.83 પોઈન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 74,781.76 પોઈન્ટ પર બંધ થયો. કારોબાર દરમિયાન એક સમયે તે 742.43 પોઈન્ટ એટલે કે 0.99 ટકા સુધી ઘટીને 74,160.16 પોઈન્ટ પર આવી ગયો હતો.

### આગામી મહિનાઓમાં શેરબજારની રજાઓની સંપૂર્ણ યાદી

2 ઓક્ટોબર (શુક્રવાર): મહાત્મા ગાંધી જયંતી
20 ઓક્ટોબર (મંગળવાર): દશેરા
10 નવેમ્બર (મંગળવાર): દિવાળી-બલિપ્રતિપદા
24 નવેમ્બર (મંગળવાર): પ્રકાશ ગુરુપર્વ શ્રી ગુરુ નાનક દેવ
25 ડિસેમ્બર (શુક્રવાર): ક્રિસમસ

# લિક્વિડિટી પાછી ખેંચવા રિઝર્વ બેન્ક હવે બોન્ડ બહાર પાડશે

મુંબઈ: રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) FCNR-B ડિપોઝિટ સ્કીમથી સર્જાયેલી વધારાની લિક્વિડિટીને નિયંત્રિત કરવા 1 લાખ કરોડના સરકારી બોન્ડ જારી કરશે. ઓપન માર્કેટ ઓપરેશન (OMO) દ્વારા આ લિક્વિડિટી પાછી ખેંચાશે. 17, 21 અને 28 સપ્ટેમ્બરે જારી થનાર આ બોન્ડ 3 થી 5 વર્ષની મુદતના હશે, જેથી ફુગાવાનું જોખમ ટાળી શકાય. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને પરિણામે દેશની નાણાં વ્યવસ્થામાં ઊભી થયેલી અભૂતપૂર્વ લિક્વિડિટીના સંચાલન માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ રૂપિયા એક લાખ કરોડના સરકારી બોન્ડ જારી કરવાનો નિર્ણય કર્યો છે.




ઓપન માર્કટ ઓપરેશન (ઓએમઓ) મારફત આ લિક્વિડિટી પાછી ખેંચાશે.૧૭, ૨૧ તથા ૨૮ સપ્ટેમ્બરના જારી કરાનારા આ બોન્ડ ત્રણથી પાંચ વર્ષની મુદતના હશે.એફસીએનઆર-બી સ્કીમ હેઠળ બેન્કોએ ૧૨૭ અબજ ડોલર ઊભા કર્યા છે. જેને કારણે નાણાં વ્યવસ્થામાં જંગી લિક્વિડિટી ઊભી થઈ છે.સદર સ્કીમ હેઠળ ડોલરના જંગી ઈન્ફ્લો ખર્ચાળ સાબિત થશે તેવી દલીલને આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ નકારી કાઢી હતી અને જણાવ્યું હતું કે આ ઈન્ફ્લોને પરિણામે રિઝર્વ બેન્કને વધારાની આવક ઊભી થશે. પ્રાપ્ત થયેલા ડોલરનું રિઝર્વ બેન્ક વિદેશમાં રોકાણ કરશે અને તેના પર આવક મેળવશે એમ તેમણે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.વધુ પડતી લિક્વિડિટીથી બેન્કો ધિરાણ દરમાં ઘટાડો કરશે જેને કારણે ફુગાવો વધવાનું જોખમ ઊભુ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે.

## News Brief

### Zomatoનો નવો નિર્ણય, હવે COD ઓર્ડર પર પણ લાગશે અલગ 'Pay on Delivery' ફી

(એજન્સી) અમદાવાદ | તા.13

ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ Zomatoએ કેશ-ઓન-ડિલિવરી (COD) ઓર્ડર પર અલગ ફી શરૂ કરી છે. શનિવારે કંપનીની એપ પર જોવા મળ્યું કે આ ચાર્જ અલગ-અલગ યુઝર્સ અને ઓર્ડરની કિંમત પ્રમાણે અલગ હોઈ શકે છે. ઓર્ડર બિલમાં "Pay on Delivery Fee" તરીકે દેખાતો આ નવો ચાર્જ ત્યારે લાગુ થાય છે, જ્યારે ગ્રાહક ડિલિવરી સમયે પોતાના ફૂડ ઓર્ડરની ચુકવણી કેશમાં કરવાનો વિકલ્પ પસંદ કરે છે. આ રકમ તમામ ઓર્ડર માટે એકસરખી નથી. અલગ-અલગ ટ્રાન્ઝેક્શન વેલ્યુ માટે અલગ ચાર્જ જોવા મળે છે.

આ ફી નક્કી કરવાનો ચોક્કસ આધાર શું છે અને શું તે ઓર્ડરની કિંમત, લોકેશન અથવા અન્ય કોઈ પેરામીટર જેવા ફેક્ટર સાથે જોડાયેલો છે, તે અંગે તરત માહિતી મળી શકી નથી. આ મામલે Zomato તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તેની હરીફ કંપની Swiggy હાલમાં કેશ-ઓન-ડિલિવરી ઓર્ડર પર કોઈ અલગ ફી લેતી નથી. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે જ્યારે ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ સતત અલગ-અલગ ફી સ્ટ્રક્ચર અને મોનેટાઈઝેશન મોડલ સાથે પ્રયોગ કરી રહ્યા છે. કેશ-ઓન-ડિલિવરી ઓર્ડર પર નવી ફી ઉપરાંત Zomato પહેલાથી જ ફૂડ ઓર્ડર પર પ્લેટફોર્મ ફી લે છે. આ સાથે ઓર્ડર પ્રમાણે ડિલિવરી, પેકેજિંગ અને અન્ય ચાર્જ પણ લાગુ થાય છે.Zomato માટે આવા ચાર્જનું મહત્વ કોઈ એક ઓર્ડર પર લેવામાં આવતી રકમ કરતાં કંપનીના મોટા પાયે કામકાજ પર વધુ આધાર રાખે છે.

# 'બાપ્પા'ના શણગાર માટે ૨૫૦ ટન સોનું વેચાશે



(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદ સહિત દેશભરના જ્વેલરી બજારોમાં ગણેશોત્સવને કારણે રૂ. 4,000 કરોડનું ટર્નઓવર થવાની ધારણા છે. ગણેશ મૂર્તિઓને શણગારવા સોના-ચાંદીના દાગીનાની ભારે માંગ છે. ભાવ 40% વધુ હોવા છતાં, દાગીનાની માંગ બમણી થઈ છે. મુંબઈમાં જ 200 ટન સોનું વેચાશે. કારીગરો રાત-દિવસ કામ કરી રહ્યા છે. દેશભરના જ્વેલરી બજારોમાં આશરે રૂ. ૪,૦૦૦ કરોડના ટર્નઓવરની ધારણા : ગણેશોત્સવ દરમિયાન લગ્નની મોસમ કરતાં પણ માંગ વધી ગઈ. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સોનાના ભાવ લગભગ ૪૦% વધારે છે, છતાં દાગીનાની માંગ બમણીઅમદાવાદ : હાલ દેશના જ્વેલરી બજારોમાં ખાસ કરીને ઉત્સાહનો માહોલ છે. આ ઉત્સાહ લગ્ન, ધનતેરસ, દિવાળીને કારણે નથી, પરંતુ ગણેશોત્સવના ઉત્સાહને કારણે છે. મોટા અને નાના ગણેશ પંડાલો તેમજ સામાન્ય ઘરોમાં ગણેશ મૂર્તિઓને શણગારવા માટે સોના અને ચાંદીના દાગીનાની ભારે માંગ છે. ગણેશોત્સવ દરમિયાન, એકલા મુંબઈમાં ૨૦૦ ટન સોનાના દાગીના વેચાશે, જ્યારે આ આંકડો દેશભરમાં ૨૫૦ ટન સુધી પહોંચવાની ધારણા છે.ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ગણેશ ચતુર્થી સુધીમાં આશરે ૪,૦૦૦ કરોડનું ટર્નઓવર થવાની ધારણા છે.જ્વેલર્સોના મતે, ગણેશ પાદુકા (સેન્ડલ), ગળાનો હાર, ઉંદરો, ચમેલીના પાન, ચમેલીના ફૂલો, ગણેશ મૂર્તિઓ, સાંકળો, કાનની બુટ્ટી, હાથા, ત્રિશૂળ અને હનુમાનની ગદા જેવી દાગીનાની વસ્તુઓની માંગ વધુ છે. કારીગરો સમયસર વધતી માંગને પહોંચી વળવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે.ખરેખર, ગણેશને ઈચ્છાઓના દેવતા પણ માનવામાં આવે છે. ગણેશ ભક્તો જેમની ઈચ્છાઓ પૂર્ણ થઈ છે તેઓ મોટી સંખ્યામાં દાગીના ખરીદી કરી રહ્યા છે. બજારમાં ૧૦ ગ્રામથી ૧૫૦ ગ્રામ સુધીના સોનાના હાર, પાદુકાના પાન, સોનાના મોદક અને ૧૫ ગ્રામથી ૨૫ ગ્રામ સુધીના બંગડીઓ, તેમજ ફૂલોની ખરીદી થઈ રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સોનાના ભાવ લગભગ ૪૦% વધારે છે, છતાં દાગીનાની માંગ બમણી થઈ ગઈ છે. જ્વેલર્સ એસોસિએશનના મતે, ગણેશોત્સવ દરમિયાન મુંબઈના બુલિયન માર્કેટમાં ૨૦૦ ટનથી વધુ સોનું વેચાવાની ધારણા છે કારણ કે બાપ્પાના દાગીનાની માંગ વધારે છે. ૨૦૨૪માં ગણેશોત્સવ દરમિયાન સોનાનો ભાવ રૂ. ૮૫,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. તે સમયે લગભગ ૮૦ ટન સોનું વેચાયું હતું. ૨૦૨૫માં ગણેશોત્સવ દરમિયાન જીએસટી સહિત આ જ ભાવ રૂ. ૧૧૦,૦૦૦ હતો, જ્યારે આ વર્ષે આ ભાવ રૂ. ૧.૫૦ લાખ પ્રતિ ૧૦ ગ્રામ આસપાસ છે.ચાંદીના બજારમાં પણ સોના કરતાં વધુ ચહલપહલ જોવા મળી રહી છે. ચાંદીના મોદક અને ઉંદરો સૌથી વધુ લોકપ્રિય વસ્તુઓ છે. વેપારીઓના મતે, ગણેશ મૂર્તિઓ માટે મોટા અને આકર્ષક ચાંદીના આભૂષણો બનાવવામાં આવ્યા છે. તેમાં મુગટ, હાર, બંગડી, ફૂટવેર, હાથના આભૂષણો અને ખાસ થડ અને કાનના આભૂષણોનો સમાવેશ થાય છે.ગણેશ પંડાલો માટે બનાવેલા આભૂષણો નિયમિત દાગીના કરતા ઘણા મોટા હોય છે અને મૂર્તિના કદ પ્રમાણે કસ્ટમ-મેડ બનાવવામાં આવે છે. આ વર્ષે, ૫૦ ગ્રામથી ૧.૨૫ કિલોગ્રામ વજનના ચાંદીના ઉંદરોની માંગ સૌથી વધુ છે. ૨૦ ગ્રામથી ૧૦૦ ગ્રામ વજનના ચાંદીના મોદક પણ પ્રમાણમાં વધુ વેચાઈ રહ્યા છે.ગણેશ પંડાલો માટે રૂ. ૭ લાખથી રૂ. ૭૦૦ કરોડ સુધીના વીમા કવચ આ તહેવારી સીઝનમાં ગણેશ પંડાલોમાં વીમાની માંગ ઝડપથી વધી છે. ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ ગણેશ પંડાલોનો વીમો લેવામાં આવ્યો છે, જ્યારે ગયા વર્ષે આ સંખ્યા માત્ર ૨૦-૩૦ પંડાલોની હતી. કેટલાક મોટા પંડાલો દ્વારા નાના પંડાલો માટે વીમા કવચ સ્પોન્સર કરવાથી પણ વીમાની માંગમાં મોટો વધારો થયો છે. પંડાલોનો વીમો સામાન્ય રીતે લગભગ રૂ. ૭ લાખની રકમ માટે લેવામાં આવ્યો છે અને તેનું પ્રીમિયમ પ્રતિ પંડાલ આશરે રૂ. ૩,૦૦૦ જેટલું છે. આ વ્યાપક પોલિસીઓમાં આગ, પૂર, ચોરી, રમખાણો અને સામગ્રીના નુકસાનના જોખમો ઉપરાંત ગણેશજીની મૂર્તિ અને ઘરેણાંને પણ આવરી લેવામાં આવ્યા છે.

### Car Insurance: ઘરે બેઠા ઓનલાઈન કાર ઈન્શ્યોરન્સ કેવી રીતે કરાવશો? સરળ રીત

(એજન્સી) નવી દિલ્હી | તા.13

હવે ઘરે બેઠા મોબાઈલથી કારનું ઈન્શ્યોરન્સ લઈ શકાય છે. પોલિસી લેતા પહેલા પ્રીમિયમ, કવરેજ, નો-ક્લેમ બોનસ અને નિયમોની સરખામણી કરો.જો તમારી કારનું ઈન્શ્યોરન્સ ટૂંક સમયમાં પૂરું થવાનું છે અથવા તમે હમણાં જ નવી કાર ખરીદી છે અને પહેલીવાર ઈન્શ્યોરન્સ કરાવવા જઈ રહ્યા છો, તો હવે તેના માટે બહાર જવાની જરૂર નથી. આજના સમયમાં મોટાભાગની ઈન્શ્યોરન્સ કંપનીઓ ઓનલાઈન પોલિસી ખરીદવાની સુવિધા આપે છે. એટલે કે તમે તમારા મોબાઈલ અથવા લેપટોપથી જ ઘરે બેઠા કારનું ઈન્શ્યોરન્સ કરાવી શકો છો.આ માટે તમારે માત્ર તમારી કારની કેટલીક જરૂરી માહિતી આપવી પડે છે અને માંગવામાં આવેલા દસ્તાવેજો જમા કરાવવાના હોય છે. આખી પ્રક્રિયા થોડી જ મિનિટમાં ઓનલાઈન પૂરી થઈ શકે છે. જોકે, પોલિસી લેતા પહેલા અલગ-અલગ કંપનીઓના પ્લાન અને તેમના પ્રીમિયમની સરખામણી કરવી જરૂરી છે. તેનાથી તમને તમારી જરૂરિયાત પ્રમાણે યોગ્ય કવર ઓછા ખર્ચમાં મળી શકે છે.

ઓનલાઈન ઈન્શ્યોરન્સ લેવા માટે સૌથી પહેલા કોઈ વિશ્વસનીય ઈન્શ્યોરન્સ કંપનીની વેબસાઈટ અથવા મોબાઈલ એપ પર જાઓ. અહીં તમારી પાસેથી કારનો રજિસ્ટ્રેશન નંબર, મોડલ, ખરીદીનું વર્ષ અને બીજી જરૂરી માહિતી માંગવામાં આવી શકે છે. જો તમારી કાર પહેલેથી ઈન્શ્યોર્ડ છે અને તમે પોલિસી રિન્યૂ કરાવી રહ્યા છો, તો જૂની પોલિસીની માહિતી પણ આપવી પડી શકે છે. આ માહિતી ભર્યા બાદ કંપની તમારી કાર પ્રમાણે ઉપલબ્ધ ઈન્શ્યોરન્સ પ્લાન બતાવે છે. અહીં તમે તમારી જરૂરિયાત પ્રમાણે થર્ડ પાર્ટી અથવા કોમ્પ્રિહેન્સિવ ઈન્શ્યોરન્સ પસંદ કરવાનો વિકલ્પ મળી શકે છે. પ્લાન પસંદ કરતા પહેલા પોલિસીમાં કઈ વસ્તુઓનું કવર મળી રહ્યું છે અને કયા નુકસાનને કવરથી બહાર રાખવામાં આવ્યા છે, તે જરૂર તપાસો.ઓનલાઈન ઈન્શ્યોરન્સ ખરીદતી વખતે પૈસા બચાવવાની તક પણ મળી શકે છે.

## ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી, બેંકોના ડિજિટલ રેકોર્ડ કોર્ટમાં માન્ય રહેશે



અમદાવાદ : બેંકિંગ રેકોર્ડના કાનૂની પુરાવા તરીકે ઉપયોગને સંચાલિત કરતા લગભગ ૧૩૫ વર્ષ જૂના કાયદામાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. બેંકર્સ બુક્સ એવિડન્સ એક્ટ, ૨૦૨૬, ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ કાયદો ૧૮૯૧ ના જૂના કાયદાને બદલશે અને બેંકિંગ રેકોર્ડ માટે આધુનિક અને ટેકનોલોજી-તટસ્થ કાનૂની માળખું પ્રદાન કરશે. નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, આ નવો કાયદો કાગળ (ભૌતિક), ઈલેક્ટ્રોનિક, ડિજિટલ અને ક્લાઉડ-આધારિત બેંકિંગ રેકોર્ડ માટે આધુનિક અને ટેકનોલોજી-તટસ્થ કાનૂની માળખું પ્રદાન કરશે. આ કાયદાને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. ૧૦ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા એક જાહેરનામામાં ૧ ઓક્ટોબરના રોજ અમલીકરણની તારીખ નક્કી કરવામાં આવી હતી.નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે નવા કાયદાનો હેતુ બેંકિંગ સિસ્ટમમાં ઉપયોગમાં લેવાતી નવી ટેકનોલોજી સાથે સુસંગત થવા માટે કાનૂની નિયમોમાં ફેરફાર કરવાનો છે. આનાથી વ્યવસાય કરવાની સરળતામાં સુધારો થશે અને નાણાકીય ક્ષેત્ર માટે કાનૂની માળખાને આધુનિક બનાવવામાં પણ મદદ મળશે.નવા માળખા હેઠળ, બેંકર્સની પુસ્તકો (બેંક રેકોર્ડ્સ)માં ફક્ત લેખિત અથવા કાગળના રેકોર્ડ જ નહીં, પરંતુ ઈલેક્ટ્રોનિક, ડિજિટલ, વર્ચ્યુઅલ, ઑફસાઈટ અને ક્લાઉડ-સુરક્ષિત ડેટા પણ શામેલ હશે. બેંકિંગ રેકોર્ડ્સ ચકાસવાની પ્રક્રિયાને સરળ અને પ્રમાણિત કરવામાં આવી છે. રેકોર્ડ્સના પ્રમાણપત્રો હવે મેન્યુઅલ, ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષરો દ્વારા પ્રમાણિત કરી શકાય છે.કાયદો કોર્ટમાં પુરાવા તરીકે ઈલેક્ટ્રોનિક અથવા ડિજિટલ રેકોર્ડ રજૂ કરવા માટે ચોક્કસ આવશ્યકતાઓ નક્કી કરે છે. આમાં કમ્પ્યુટર સિસ્ટમ્સનું સરળ સંચાલન, અધિકૃત ડેટા એન્ટ્રી, અનધિકૃત ફેરફારો સામે રક્ષણ, સુરક્ષિત ડેટા ટ્રાન્સફર અને સાયબર ધમકીઓ સામે રક્ષણનો સમાવેશ થાય છે.કેન્દ્ર સરકાર, જરૂર પડયે, આ કાયદાની જોગવાઈઓને અન્ય નાણાકીય ક્ષેત્રની સંસ્થાઓ અથવા ચોક્કસ શ્રેણીઓની સંસ્થાઓ સુધી વિસ્તૃત કરી શકે છે.

# ATMમાંથી ફાટેલી કે ગંદી નોટ નીકળી? તમારા અધિકાર, RBIએ બનાવ્યા નિયમો

(એજન્સી) નવી દિલ્હી | તા.13

જો ATMમાંથી પૈસા કાઢતી વખતે તમને ફાટેલી, કપાયેલી કે ગંદી નોટ મળી જાય તો આ માહિતી તમારા કામની છે. RBIના નિયમો મુજબ તમે બેંક પાસેથી ખરાબ નોટ બદલવાની માંગ કરી શકો છો.તમે ઘણીવાર જોયું હશે કે ક્યારેક ATMમાંથી પૈસા કાઢતી વખતે ફાટેલી નોટ નીકળી જાય છે. આવી સ્થિતિમાં ઘણા લોકોને લાગે છે કે ATMમાંથી ખરાબ નોટ નીકળ્યા બાદ હવે તેમને મોટું નુકસાન થઈ શકે છે. જો ATMમાંથી પૈસા કાઢતી વખતે તમને પણ ફાટેલી કે ગંદી નોટ મળે તો પરેશાન થવાની જરૂર નથી. કારણ કે આ માટે ભારતીય રિઝર્વ બેંકે નિયમો બનાવ્યા છે. આવી નોટ મળ્યા બાદ તમે બેંકનો સંપર્ક કરીને તેને બદલી શકો છો. પરંતુ આ માટે યોગ્ય પ્રક્રિયા જાણવી ખૂબ જરૂરી છે, જેથી બેંકમાં તમને કોઈ મુશ્કેલી ન પડે.RBI મુજબ, સૌથી પહેલા જે બેંકના ATMમાંથી તમે પૈસા કાઢ્યા છે, તે બેંકની શાખાનો શક્ય તેટલો વહેલો સંપર્ક કરો. આ સાથે બેંકને એક લેખિત અરજી આપો, જેમાં ATMમાંથી રોકડ કાઢ્યાની તારીખ, સમય, સ્થળ અને કાઢેલી રકમની માહિતી આપો.જો ATMમાંથી મળેલી ટ્રાન્ઝેક્શન સ્લિપ તમારી પાસે હોય તો તેની નકલ અથવા સ્લિપ અરજી સાથે જમા કરો. જો તમારી પાસે સ્લિપ ન હોય તો મોબાઈલ પર આવેલો બેંકનો SMS અથવા ટ્રાન્ઝેક્શનની માહિતી પણ પુરાવા તરીકે બતાવી શકાય છે. RBIના નિયમો મુજબ સામાન્ય રીતે એક વખતમાં તમે વધુમાં વધુ 20 નોટ બેંકમાં બદલવા માટે આપી શકો છો.

# હવે અમેરિકામાં પણ ચાલશે UPI, સીધા બેન્ક ખાતામાં ટ્રાન્ફર થશે ડોલર!

(એજન્સી) નવી દિલ્હી | તા.13

બેંક ઓફ અમેરિકા અમેરિકાની પેમેન્ટ સિસ્ટમ 'ઝેલે' (Zelle) ને ભારતની UPI સાથે જોડવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ પર કામ કરી રહી છેભારતની UPI હવે તેની પહોંચ અમેરિકા સુધી વિસ્તારવાની તૈયારી કરી રહી છે. આ માટે બેંક ઓફ અમેરિકા (Bank of America) અમેરિકાની પેમેન્ટ સિસ્ટમ 'ઝેલે' (Zelle) ને ભારતની UPI સાથે જોડવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકાથી ભારત નાણાં મોકલવાની પ્રક્રિયાને પહેલા કરતા વધુ સરળ અને ઝડપી બનાવવાનો છે. અમેરિકામાં રહેતા ભારતીયો અને ત્યાં કામ કરતા વ્યાવસાયિકોને આ પહેલથી ઘણો ફાયદો થશે. અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટ હાલમાં પાયલોટ તબક્કામાં છે અને 2026ના અંત પહેલા તેનું પ્રારંભિક અમલીકરણ થવાની અપેક્ષા છે. જો આ સફળ થશે તો આ સિસ્ટમ અમેરિકાથી ભારત નાણાં મોકલવાની પ્રક્રિયાને સરળ બનાવશે.અમેરિકા ભારત માટે રેમિટન્સ (વિદેશમાંથી મોકલવામાં આવતા નાણાં)ના સૌથી મોટા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષ 2024-25માં ભારતને અંદાજે 135.46 અબજ ડોલરનું રેમિટન્સ મળ્યું હતું, જેમાંથી લગભગ 37 અબજ ડોલર અમેરિકાથી આવ્યા હતા. પરિણામે, UPI અને Zelle ને જોડવાની પહેલ બંને દેશો વચ્ચેના નાણાકીય વ્યવહારો માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.Zelle-UPI બ્રિજનું નિર્માણ Zelle નેટવર્કના સંચાલક 'અર્લી વોર્નિંગ સર્વિસીસ' ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

## FCNRને કારણે થાપણ મેળવવાનો પડકાર હળવો થયો

# ઓગસ્ટ અંતે બેન્કિંગ વ્યવસ્થામાં થાપણમાં ૧૭.૮૦ ટકાની એક દાયકાની વૃદ્ધિ




મુંબઈ : ઓગસ્ટના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં થાપણમાં ૧૭.૮૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે જે એક દાયકામાં સૌથી વધુ વધારો છે. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને કારણે થયેલા ઈન્ફ્લોસથી બેન્કો માટે થાપણો ઊભી કરવાનો પડકાર હાલમાં હળવો થયો છે.ધિરાણ વૃદ્ધિ પણ ઓગસ્ટના અંતે ૧૯.૧૦ ટકા રહી છે, જે જુલાઈના અંતે ૧૯.૪૦ ટકા જોવા મળી હતી.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા પ્રમાણે જુલાઈમાં થાપણ વૃદ્ધિ ૧૫.૪૦ ટકા રહી હતી.દેશમાં ડોલર પ્રવાહ વધારવા રિઝર્વ બેન્કે એનઆરઆઈ માટે જૂનમાં શરૂ કરેલી ખાસ એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમ હેઠળ બેન્કિંગ વ્યવસ્થામાં ૧૨૭ અબજ ડોલરનો પ્રવાહ થયો હતો.૩૧ ઓગસ્ટના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્ક થાપણ રૂપિયા ૯.૪૦ લાખ કરોડ વધી રૂપિયા ૨૭૮.૭૦ લાખ કરોડ રહી હોવાનું આરબીઆઈના ડેટા જણાવે છે. બાકી પડેલી ધિરાણનો આંક રૂપિયા ૨૨૩.૯૦ લાખ કરોડ રહ્યો હતો. મુંબઈમાં ઓગસ્ટના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં થાપણો 17.80% વધી, જે દાયકાનો સૌથી વધુ વધારો છે. FCNR-B ડિપોઝિટ સ્કીમ હેઠળ $127 અબજ ડોલરના પ્રવાહથી બેંકો માટે થાપણો એકત્ર કરવાનો પડકાર હળવો થયો છે. RBIના ડેટા મુજબ, 31 ઓગસ્ટે બેંક થાપણો 9.40 લાખ કરોડ વધી 278.70 લાખ કરોડ થઈ.

## નકલી સોના | હોલમાર્ક વગરના દાગીનાને સીધા નકલી સોનું કહી શકાય નહીં

# બજારમાં નકલી સોનાનો કાળો કારોબાર! તમે પણ નથી ખરીદી રહ્યા ને નકલી ગોલ્ડ?

(એજન્સી) ચેન્નાઈ | તા.13

ચેન્નાઈના અંબત્તૂરમાં BISની કાર્યવાહી દરમિયાન 803.99 ગ્રામ હોલમાર્ક વગરના સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. જાણો હોલમાર્કવાળું સોનું ખરીદવું શા માટે જરૂરી છે અને નકલી સોનાથી કેવી રીતે બચી શકાય.સોનું ખરીદતી વખતે મોટા ભાગના લોકો તેની ચમક અને કિંમત પર ધ્યાન આપે છે, પરંતુ અસલી સોનાની ઓળખ માટે માત્ર જોઈને નિર્ણય લેવો યોગ્ય નથી. સોનાની શુદ્ધતા તપાસવા માટે હોલમાર્ક અને HUID નંબર જોવો ખૂબ જરૂરી છે. આ દરમિયાન ચેન્નાઈમાંથી સોનાના દાગીનાને લઈને એક મોટી ખબર સામે આવી છે. BIS દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં મોટી માત્રામાં હોલમાર્ક વગરના સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે.

1 સપ્ટેમ્બર 2026ના રોજ ચેન્નાઈના અંબત્તૂર વિસ્તારમાં BISએ કાર્યવાહી કરી હતી. આ દરમિયાન કુલ 803.99 ગ્રામ હોલમાર્ક વગરના સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. કાર્યવાહીમાં નાના-મોટા કુલ 237 દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. હાલમાં સોનું ઘણું મોંઘું છે અને મોટી સંખ્યામાં લોકો રોકાણની સાથે સોનાના દાગીના પણ ખરીદી રહ્યા છે.

અહીં એક વાત સમજવી જરૂરી છે કે હોલમાર્ક વગરના દાગીનાને સીધા નકલી સોનું કહી શકાય નહીં, પરંતુ આવા દાગીના ખરીદતી વખતે તેની શુદ્ધતા અંગે સાવચેત રહેવું ખૂબ જરૂરી છે. હોલમાર્ક સોનાની શુદ્ધતા ઓળખવામાં મદદ કરે છે. તેથી દાગીના ખરીદતી વખતે ગ્રાહકે તેના પર જરૂરી હોલમાર્ક અને HUID સાથે જોડાયેલી માહિતી છે કે નહીં તે જરૂર તપાસવું જોઈએ.આજના સમયમાં સોનાના દાગીના ખરીદતી વખતે HUID કોડ તપાસવો ખૂબ જરૂરી છે. આ એક યુનિક કોડ છે, જેની મદદથી હોલમાર્કવાળા દાગીનાની માહિતી અને તેની શુદ્ધતા સાથે જોડાયેલી વિગતો ચકાસી શકાય છે. તેથી માત્ર દુકાનદારની વાત પર વિશ્વાસ કરીને સોનું ખરીદવાને બદલે ગ્રાહકે દાગીના પર આપેલા હોલમાર્ક અને HUIDની પોતે પણ તપાસ કરવી જોઈએ.જો તમે સોનાના દાગીના ખરીદવા જઈ રહ્યા છો તો કેટલીક બાબતોનું ધ્યાન રાખો. સૌથી પહેલાં દાગીના પર BISનું સ્ટાન્ડર્ડ માર્ક જુઓ. ત્યારબાદ સોનાની શુદ્ધતા સાથે જોડાયેલી માહિતી અને HUID કોડ જરૂર તપાસો. આ ઉપરાંત બિલ લેતી વખતે તેમાં સોનાની શુદ્ધતા, વજન અને કિંમત જેવી જરૂરી માહિતી પણ જરૂર લખાવડાવો.



## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 03**

# નરેન્દ્ર મોદીની 'કાર ડિપ્લોમસી'

રશિયાના રાષ્ટ્રપતિ પુતીન અને ચીનના શી જીનપિંગ વચ્ચેની કેમેસ્ટ્રી અદભૂત છે છતાં બંનેએ કદી એક કારમાં મુસાફરી નથી કરી. બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે રાષ્ટ્રપતિ પુતીનએ અત્યાર સુધી ચાર વખત કારમાં મુસાફરી કરી છે. આ કેવા પ્રકારનું રાજકારણ છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૨ વર્ષના શાસન દરમિયાન એક ડઝનથી વધુ વખત વિશ્વના ટોચના નેતાઓ સાથે કારમાં મુસાફરી કરી છે. વડાપ્રધાને ચાર વખત રશિયાના પ્રમુખ પુતીન, એક વખત ઈટલીના વડાપ્રધાન જોર્જિયા મેલોની, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ, એક વખત અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામા અને એક વખત ફ્રાન્સના પ્રમુખ ઈમેનુલ મૈક્રો સાથે કારમાં મુસાફરી કરી છે. બ્રીટનના વડાપ્રધાન કીર સ્ટારમર સાથે એક વખત, યુએઈના શેખ મોહમદ બીનજાયદ અલ નાહયા, જોર્ડનના ક્રાઈન પ્રીન્સ અલ હુસૈન બીન અબ્દુલ્લા દ્વિતીય, ઈથોપિયાના વડાપ્રધાન અલી અહમદ, જર્મનીના ચાન્સેલર ફ્રેડ્રીક મર્જ, જેવા સાથે પણ કારમાં મુસાફરી કરી છે. કારમા આ બધા નેતાઓ સાથે નરેન્દ્ર મોદીએ શું અને કેવી વાત કરી હતી એ તો જ્યારે તેઓ પોતાની આત્મકથા લખશે ત્યારે લોકોને ખબર પડશે.દિલ્હીમાં બ્રિક્સ શિખર સંમેલન માટે દુનિયાના ૨૦ દેશોમાંથી મહેમાનો આવી રહ્યા છે. એમના સ્વાગત માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ભોજનથી લઈને પીરસવા સુધીની તમામ ચીજવસ્તુઓ ભારતીય સંસ્કૃતિ અને કારીગરી ધ્યાનમાં આવે એ રીતે નક્કી થઈ છે. ખાસ મહેમાનગતી માટે જયપુરના ૩૦૦ જેટલા કારીગરોએ સિલ્વર પ્લેટેડ ટેબલવેયર અને કટલરી તૈયાર કરી છે. ડીઝાઈનમાં જૂની કારીગરી સાથે આધુનિક ટેકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે વિદેશથી આવેલા મહેમાનો ટેબલ પર જમવા માટે બેસશે ત્યારે ફક્ત પીરસવામાં આવેલું ભોજન જ ખાસ નહીં હોય, પરંતુ પીરસવા માટે ઉપયોગમાં લેવામાં આવેલા ટેબલવેયર પણ ખાસમ ખાસ હશે. તમામ મહેમાનોને ખાસ જયપુરની સ્ટાઈલમાં તૈયાર કરેલી કટલરીમાં ભોજન પીરસાશે.રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતીન ૧૮મી બ્રિક્સ સમીટ માટે ભારત આવ્યા છે. ભારત આવ્યા પછી એમણે જર્મનીના સેક્સોની-અનહલ્ટ રાજ્યોની ચૂંટણીમાં 'ઓલ્ટરનેટીવ ફોર જર્મની' (એએફડી) પક્ષની જીત અને યુરોપની હમણાની પરિસ્થિતિ પર પોતાના વિચારો જાહેર કર્યા હતા. એમના કહેવા પ્રમાણે આજે યુરોપમાં જે બની રહ્યું છે એ પશ્ચિમના દેશો અને એમની ભૂલોનું પરિણામ છે. પુતીનના કહેવા પ્રમાણે પશ્ચિમી દેશોએ રાજકારણ, સુરક્ષા અને અર્થવ્યવસ્થા ક્ષેત્રે ગંભીર ભૂલો કરી છે. રશિયાએ પણ ભૂતકાળમાં ઘણી ભૂલો કરે છે અને વિશ્વના બાકીના દેશોએ પણ ઘણી ભૂલ કરી છે, પરંતુ પશ્ચિમના દેશોની સમસ્યા એ છે કે કોલ્ડવોર સમાપ્ત થયા પછી અને સોવિયટ સંઘના વિઘટન પછી એમણે પોતે ટોચ પર બેસી ગયા હોવાનું સમજ્યું હતું. એમણે એવું માન્યું હતું કે તેઓ કદી કોઈ ભૂલ કરી શકે એમ નથી. બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ચીનના પ્રમુખ શી જીનપીંગ ભારત આવ્યા છે. તેઓ ચીનથી ભારત આવવા નિકળ્યા એ પહેલા જ ભારત - ચીનના સંબંધો વિશે એક સંદેશો આવી ગયો હતો. દિલ્હીમાં ચીનના રાજદુતએ સોશયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ મૂકીને કહ્યું હતું કે, બંને દેશોએ પોતાના મતભેદો બાજુ પર મૂકીને એક સારા પડોશી અને મિત્રો તરીકે આગળ વધવુ જોઈએ. બેજિંગએ ભારત સાથે સંવાદ અને સહયોગ વધારવા પર પણ જોર આપ્યું છે. મોદી - જીનપીંગની મુલાકાત પહેલા આ નિવેદનની અગત્યતા વધી જાય છે. રાજદુત શૂ ફેઈહોંગએ કહ્યું હતું કે, બંને દેશના અધિકારીઓ જીનપીંગ - મોદી વચ્ચેની દ્વિપક્ષીય બેઠકની તૈયારીમાં લાગી ગયા છે. ચીન ભારત સાથેના સંબંધો ટૂંકા સમય માટે નહીં, પરંતુ લાંબા ગાળા સુધી સુમેળભર્યા રાખવા માંગે છે.દિલ્હીમાં આજે બ્રિક્સ સમીટ શરૂ થવાને કારણે ટ્રાફીક પોલીસે એક ખાસ એડવાઈઝરી જાહેર કરી છે.

## રાજપીપળા સાર્વજનિક લાયબ્રેરીના પાણીના જગમાંથી જંતુ નીકળતા હડકંપ: રજાના દિવસે ચીફ ઓફિસર વૈશાલી વરિયા દોડી આવ્યા

રાજપીપળા | રાજપીપળા દરબાર રોડ ઉપર આવેલી નગરપાલિકા સંચાલિત પબ્લિક લાયબ્રેરીમાં વાંચન અર્થે આવતા વિદ્યાર્થીઓ માટે મુકવામાં આવતા પીવાના પાણીના જગમાં થી જંતુ નીકળવાની ફરિયાદ મળતા સરકારી કચેરીઓમાં બીજા શનિવારની જાહેર રજા હોવા છતાં રાજપીપળા પાલિકા ના મહિલા ચીફ ઓફિસર વૈશાલી વરિયા તાત્કાલિક લાયબ્રેરી ખાતે દોડી ગયા હતા અને વાંચન કરવા આવતા યુવાનો ના પાણીના જગમાંથી જંતુ નીકળવા સહિત ની ફરિયાદો મામલે કર્મચારીઓ નો ઉધડો લીધો હતો એક કલાક સુધી સમગ્ર બિલ્ડીંગ નું નિરીક્ષણ કરી વિદ્યાર્થીનિઓ ની રજુઆતો ને ધ્યાને લઈ ટૂંક જ સમયમાં નિકાલ કરવાનો નિર્ણય કર્યો હતો.પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ની સાર્વજનિક પુસ્તકાલય માં અસંખ્ય વિદ્યાર્થીઓ વાંચન માટે આવેછે ત્યારે તેમના માટેના પાણીના જગમાં જંતુઓ નીકળતા અને તેની જાણ ચીફઓફીસર વૈશાલી વરિયા ને થતા તેઓ તાત્કાલિક



લાયબ્રેરી માં પહોંચી જઈ પાણી માં જંતુઓ નિહાળી પ્રથમ તો કર્મચારી ને ખખડાવી નાખી વિદ્યાર્થીઓ ની ફરિયાદો સાંભળી હતી અને સમગ્ર પુસ્તકાલય નું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી , ટોઈલેટની સાફસૂફી, પાણી લીકેજ ની સમસ્યા , વધારાના ટેબલે ખુરશી તરંજ લાઈટની વ્યવસ્થા ઉપરાંત વિદ્યાર્થીનીઓ ની સુરક્ષા માટે સીસીટીવી ની વ્યવસ્થા કરવા ની સૂચના આપી હતી . સામાન્ય રીતે રજા ના દિવસે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ ક્યારેય પોતાની ફરજ ઉપર જોવા મળતા નથી તેવામાં રાજપીપળા પાલિકા ના મહિલા અધિકારી પોતાની ફરજ પ્રત્યે ના સમર્પણ ને જોઈ હાજર વિદ્યાર્થીઓ એ તાળીઓ ના ગડ્ગડાટ થી તેમની કામગીરી ને બિરદાવી હતી.અત્રે નોંધનીય છે કે આ લાયબ્રેરી પાલિકા પ્રમુખ ના વોર્ડ માં જાહેર માર્ગ પર આવેલી છે અને વૈશાલી વરિયા કદાચ પ્રથમ સી.ઓ . છે જેમણે લાયબ્રેરી ની મુલાકાત લીધી હોય.

## અખબારી અહેવાલો બાદ સાપુતારાના સર્પગંગા તળાવમાં જર્જરિત બોટિંગનો મુદ્દો ગરમાયો

### સાપુતારા સર્પગંગા તળાવમાં 20 વર્ષ જૂની બોટો સામે પ્રવાસીઓની સુરક્ષાના સવાલો વચ્ચે તંત્રની દેખરેખ સામે પણ પ્રશ્નાર્થ

સુશીલ પવાર | ડાંગ

ગિરિમથક સાપુતારાના સર્પગંગા તળાવમાં પ્રવાસીઓ માટે ચાલતુ નૌકાવિહાર હવે રોજેરોજ વિવાદોના ઘેરામાં આવી રહ્યુ છે.સર્પગંગા તળાવમાં જર્જરિત અને વર્ષો જૂની બોટોના ઉપયોગનો મુદ્દો પ્રકાશમાં આવ્યા બાદ પ્રવાસીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો



ઊભા થયા છે. વર્ષો જૂની અને ઘસાઈ ગયેલી બોટોમાં પ્રવાસીઓને બેસાડી વરસાદ, ધુમ્મસ અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ નૌકાવિહાર ચાલુ રાખવામાં આવતો હોવાના આક્ષેપો વચ્ચે તંત્રની દેખરેખ અને સલામતી વ્યવસ્થા સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.સર્પગંગા તળાવ સાપુતારાનું મહત્વનું પ્રવાસન સ્થળ હોવાથી દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ નૌકાવિહારનો આનંદ માણવા પહોંચે છે. જોકે, નૌકાવિહાર માટે ઉપયોગમાં લેવાતી કેટલીક બોટો આશરે બે દાયકાથી જૂની હોવાનું સામે આવતા તેમની મજબૂતી, ફિટનેસ અને સલામતી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.તાજેતરમાં વરસાદી પાણી ભરાઈ જવાથી કેટલીક બોટો ડૂબેલી અથવા પાણીમાં ખૂંપેલી હાલતમાં જોવા મળતી હોવાના દ્રશ્યો પણ સામે આવ્યા હતા.હાલ ચોમાસાની ઋતુમાં સાપુતારામાં અવારનવાર ધોધમાર વરસાદ સાથે ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે. આવા સમયે તળાવ પર દ્રશ્યતા ઘટી જતી હોવા છતાં નૌકાવિહાર ચાલુ રાખવામાં આવે તો પ્રવાસીઓની સલામતી સામે જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને બોટમાં બાળકો અને પરિવાર સાથે આવેલા પ્રવાસીઓની સંખ્યા વધુ હોય છે.ત્યારે નાની સરખી બેદરકારી પણ ગંભીર દુર્ઘટનામાં પરિણમી શકે છે.પ્રવાસીઓની સુરક્ષા માટે બોટની ફ્લોટેશન સિસ્ટમ, લાઈફ જેકેટ, બોટની મજબૂતી, એન્જિન, સ્ટિયરિંગ સિસ્ટમ તેમજ અન્ય બચાવ સાધનોની નિયમિત તપાસ થવી જરૂરી છે. પરંતુ આ તમામ સલામતી વ્યવસ્થાઓની ખરેખર કેટલા સમયાંતરે તપાસ થાય છે અને છેલ્લે ક્યારે ટેકનિકલ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું તે અંગે પારદર્શિતા જાળવવી પણ એટલી જ જરૂરી બની છે.સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો નૌકાવિહાર માટે ઉપયોગમાં લેવાતી બોટો વર્ષોથી સેવા આપી રહી હોય તો તેમની ફિટનેસ અને સલામતી અંગે નિયમિત પ્રમાણપત્રો મેળવવામાં આવ્યા છે કે નહીં? બોટની નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ પ્રવાસીઓને બેસાડવામાં આવતા નથી ને? દરેક પ્રવાસીને લાઈફ જેકેટ આપવામાં આવે છે કે નહીં? તેમજ બોટચાલક પાસે જરૂરી તાલીમ અને લાયકાત છે કે નહીં? આવા સવાલોના સ્પષ્ટ જવાબો તંત્ર દ્વારા જાહેર કરવા જરૂરી બન્યા છે.સાથે જ વરસાદ અને ધુમ્મસ દરમિયાન નૌકાવિહાર બંધ રાખવા અંગેના નિયમોનું પાલન થાય છે કે નહીં તે પણ તપાસનો વિષય બન્યો છે. હવામાન વિભાગ તરફથી પ્રતિકૂળ હવામાનની આગાહી હોય અથવા તળાવ પર દ્રશ્યતા અત્યંત ઓછી હોય ત્યારે પ્રવાસીઓની મજા કરતાં તેમની સુરક્ષાને પ્રથમ પ્રાધાન્ય આપવું જરૂરી છે.આ દરમિયાન, જર્જરિત બોટો અને પ્રતિકૂળ હવામાન વચ્ચે બોટિંગ અંગેના અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ તંત્ર દ્વારા ભારે વરસાદ દરમિયાન નૌકાવિહાર બંધ રાખવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે.આ કાર્યવાહીથી ખરાબ હવામાનમાં બોટિંગ અંગે સાવચેતી રાખવાની આવશ્યકતા સ્પષ્ટ થાય છે.હવે મુખ્ય સવાલ એ છે કે હવામાન સામાન્ય થતાં ફરી જૂની બોટોનું યોગ્ય ટેકનિકલ નિરીક્ષણ કર્યા વિના નૌકાવિહાર શરૂ કરવામાં આવશે કે પ્રવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખીને કડક સલામતી ધોરણો લાગુ કરવામાં આવશે?પ્રવાસન સ્થળ તરીકે સાપુતારાની પ્રતિષ્ઠા જાળવવા માટે માત્ર પ્રવાસીઓની સંખ્યા અને આવક વધારવા કરતાં તેમની સુરક્ષાને વધુ મહત્વ આપવું જરૂરી છે.તંત્ર દ્વારા સર્પગંગા તળાવમાં નૌકાવિહાર માટે ઉપયોગમાં લેવાતી તમામ બોટોનું સંપૂર્ણ ટેકનિકલ નિરીક્ષણ કરાવવામાં આવે અને જરૂરી જણાય તો જર્જરિત બોટોને સેવામાંથી દૂર કરી નવી અથવા સંપૂર્ણપણે ફિટ બોટ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ન થાય અને નૌકાવિહાર ફરી શરૂ કરતાં પહેલાં તમામ સલામતી માપદંડોનું કડક પાલન કરવામાં આવે તેવી માંગ પ્રવાસીઓ તેમજ સ્થાનિકોમાંથી ઉઠી રહી છે.

## જાફરાબાદ બંદરે ભય સૂચક ૩ નંબરનું સિગ્નલ લગાવાયું: દરિયો બન્યો તોફાની, સાગરખેડૂઓને સાવચેત રહેવા તંત્રની અપીલ

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ બંદરે ભય સુચક ૩ નંબરનું સિગ્નલ, દરિયો બન્યો તોફાની : ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું હવામાન ખાતાની આગાહી ને પગલે તંત્ર એલર્ટ અને દરિયાકાંઠાના લોકો માટે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.જાફરાબાદ દરિયાકાંઠે અરબી સમુદ્ર માં સક્રિય બનેલા ડિપ્રેશનની અસર જોવા મળી રહી છે.હવામાન



: હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી સાગરખેડૂ ઓ માછીમારી દરમિયાન સાવચેત રહેવા તંત્ર ની અપીલ . જાફરાબાદ બંદર ખાતે મેરીટાઈમ બોર્ડ વિભાગ દ્વારા ૩ નંબરનું ભય સુચક ચેતવણી સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. દરિયામાં કરંટ વધતા ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જેના કારણે માછીમારો વિભાગની આગાહીના પગલે જાફરાબાદ બંદર પર મેરીટાઈમ બોર્ડ વિભાગે ૩ નંબરનું ચેતવણી સિગ્નલ લગાવ્યું છે. આજે સવારથી જ દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે અને દરિયાઈ પાણીમાં ભારે હિલોળા સાથે ઊંચા મોજાં ઉછળી રહ્યા છે. દરિયાની સ્થિતિ સામાન્ય દિવસોની સરખામણીએ વધુ ઉગ્ર બનતા બંદર તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.દરિયાની સ્થિતિને ધ્યાનમાંરાખીને માછીમારોને દરિયામાં ન જવા તેમજ દરિયાકાંઠે અનાવશ્યક અવર જવર ટાળવા અપીલ કરવામાં આવી છે. હાલ જાફરાબાદ બંદર સહિત સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં સતર્કતા વધારી દેવામાં આવી છે. હવામાન વિભાગનાઅનુમાન મુજબ દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસું આગળ વધી રહ્યું છે. જેના કારણે અગામી ૫ જુલાઈ સુધી રાજ્યમાં ઝાપટાં થી માડી ભારે વરસાદ પડવાની શક્યતા છે. ૩૦ થી ૪૦ કીલો મીટર ની ઝડપે પવન ફૂંકાઈ શકે આગામી દિવસો દરમિયાન વરસાદ તેમજ પવનની ગતિ વધવાની શક્યતાઓ કલાકોમાં પણ દરિયામાં કરંટ અને ઊંચા મોજાંની સ્થિતિ યથાવંત રહી શકે છે. જેના કારણે સ્થાનિક તંત્ર દ્વારા જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. માછીમારોને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી.

## દેશલપર (ગુંતલી) મથક સહિત આસપાસના ગામોમાં સારો વરસાદ : પશુધન અને વન્યજીવો માટે રાહતની આશા



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ભાદરવા માસના પ્રારંભે દેશલપર (ગુંતલી) મથક સહિત આસપાસના ગામોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં સારો એવો વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.સારો વરસાદ થતાં ખેતરોમાં પણ નવી આશા જાગી છે. ખાસ કરીને પશુપાલકો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે, કારણ કે વરસાદથી ચરિયાણમાં ઘાસચારો ઊગવાની સાથે પશુધન માટે પાણીની તકલીફમાં પણ ઘટાડો થવાની શક્યતા છે. સ્થાનિક લોકોના મતે, આ વરસાદથી વન્યજીવોને પણ મોટી રાહત મળશે. કુદરતી પાણીના સ્ત્રોતોમાં પાણીનો જથ્થો વધતા જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની સમસ્યા ઓછી થશે. ભાદરવાની શરૂઆતનો આ વરસાદ પશુધન, વન્યજીવો અને ખેતી માટે આશીર્વાદરૂપ સાબિત થાય તેવી લોકમુખે આશા વ્યક્ત થઈ રહી છે.

## રાજુલા જાફરાબાદ ખાતે પર્યાવરણ સંરક્ષણના સંદેશા સાથે પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા ૧૫૧ ઈકો ફ્રેન્ડલી ગણપતિજી ની મૂર્તિઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું



રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા જાફરાબાદ ખાંભા ખાતે ગણેશ ઉત્સવના પાવન અવસર પર પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એક વિશેષ ધાર્મિક અને સામાજિક પહેલ કરવામાં આવી છે. ગણેશોત્સવ ને ધ્યાનમાં રાખીને અંબરીશભાઈ ડેર અને તેમની ટીમ દ્વારા સ્થાનિક ગણેશ મંડળો તેમજ આયોજકો માટે ઈકો ફ્રેન્ડલી માટીની ગણેશજી ની ૧૫૧ મૂર્તિઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર અને તેમના મિત્રમંડળ દ્વારા રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે ૧૫૧ માટીની ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું વિતરણ કરવામાં આવ્યું.ગણેશોત્સવની સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશ લોકો સુધી પહોંચાડતી આ પહેલમાં મોટી સંખ્યામાં શહેરીજનો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## શૈક્ષિક મહાસંઘ સીંગવડમાં પીયુષભાઈ ચરપોટનું પુનઃ શંખનાદ: સર્વાનુમતે ફરી અધ્યક્ષ પદે તાજપોશી, નવીન કારોબારીની જાહેરાત



દિપક રાવલ | દાહોદ લીમખેડા

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, સીંગવડ તાલુકાની વર્તમાન કારોબારી ટીમની ત્રણ વર્ષની મુદત પૂર્ણ થતાં, બી.આર.સી. ભવન સીંગવડ ખાતે વાર્ષિક સાધારણ સભા તથા નવીન કારોબારી રચનાનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત ભારતીય પ્રણાલી મુજબ ઉપસ્થિત મુખ્ય મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ પધારેલા મહાનુભાવોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છ આપી ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે દાહોદ જિલ્લા અધ્યક્ષ શ્રી દેશીંગભાઈ તડવીએ સંગઠનની વિચારધારા અને કાર્યપ્રણાલી વિશે ઉપસ્થિત શિક્ષકોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.મહાનુભાવોની ઉપસ્થિતિ:આ સાધારણ સભામાં સંભાગ સંગઠન મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ, દાહોદ જિલ્લા વાલી શ્રી અશ્વિનભાઈ પટેલ, સંભાગ સહ સંગઠન મંત્રી શ્રી દિપકભાઈ આમલીયાર, દાહોદ જિલ્લા અધ્યક્ષ શ્રી દેશીંગભાઈ તડવી, દાહોદ મહામંત્રી શ્રી કાલીદાસ પટેલ, સંગઠન મંત્રી શ્રી કિશનભાઈ કોળી, સિનિયર ઉપાધ્યક્ષ શ્રી જનકભાઈ પટેલ, જિલ્લા પ્રચાર મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ બારીઆ, માન. સરસંઘચાલકજી શ્રી કાન્તિભાઈ સેલોત, જિલ્લા ધર્મ જાગરણ સંયોજક શ્રી બાબુભાઈ રાવત તેમજ તાલુકા ઘટક સંઘના પ્રમુખ શ્રી ગોપાલભાઈ સહિત તાલુકાભરમાંથી બહોળી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.કામગીરીની સમીક્ષા અને ચર્ચા-વિચારણા:સભામાં ગત ત્રણ વર્ષ દરમિયાન સંગઠન દ્વારા કરવામાં આવેલી વિવિધ શૈક્ષણિક, સામાજિક અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત શિક્ષકોના પડતર પ્રશ્નો, શૈક્ષણિક ગુણવત્તા, આગામી વર્ષનું લવાજમ એકત્રીકરણ અને સંગઠનની ભાવિ રણનીતિ અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી.ચૂંટણી પ્રક્રિયા અને પીયુષભાઈ ચરપોટની પુનઃ વરણી:કાર્યક્રમ આગળ વધારતાં દાહોદ મહામંત્રી શ્રી કાલીદાસ પટેલને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરાયા હતા અને સંભાગ સંગઠન મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવામાં આવી હતી. ગત ત્રણ વર્ષ દરમિયાન અગાઉની ટીમે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ આભાર વ્યક્ત કરી જૂની કારોબારીને બરખાસ્ત કરવામાં આવી હતી.ત્યારબાદ અગાઉના અધ્યક્ષ શ્રી પીયુષકુમાર ચરપોટની પાછલા ત્રણ વર્ષની પ્રશંસનીય કામગીરી અને કુશળ કાર્યશૈલીને ધ્યાને રાખીને તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે તેમના પર પુનઃ વિશ્વાસ વ્યક્ત કરી ફરીથી 'તાલુકા અધ્યક્ષ' તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. નવીન તાલુકા કારોબારી ટીમ (શાળાના નામ સહિત):અધ્યક્ષ: શ્રી પીયુષકુમાર નવીનચન્દ્ર ચરપોટ (કટરાની પાલ્લી પ્રા. શાળા), મહામંત્રી: શ્રી પંકજભાઈ મગનભાઈ પટેલ (પાણીવેલા પ્રા. શાળા), સંગઠન મંત્રી: શ્રી ગૌરવકુમાર કાન્તિભાઈ ચૌહાણ (હુમડપુર પ્રા. શાળા),વરિષ્ઠ ઉપાધ્યક્ષ: શ્રી સામજીભાઈ ભુરસિંગભાઈ કામોળ (બી.આર.સી.કો.ઓ., સીંગવડ),ઉપાધ્યક્ષ:શ્રી દિનેશભાઈ સરદારસિંહ બારીઆ (લીંબોદર પ્રા. શાળા), શ્રી લલિતભાઈ લુંજાભાઈ ડામોર (ચોકી પ્રા. શાળા), શ્રી સાવનસિંહ પ્રતાપસિંહ ચૌહાણ (તાલુકા પ્રા. શાળા સીંગવડ), શ્રી જયેશભાઈ રમણભાઈ ડામોર (ચાચકપુર પ્રા. શાળા), મહિલા ઉપાધ્યક્ષ: શ્રીમતી સુમિત્રાબેન સુમનભાઈ ભાભોર (હાંડી પ્રા. શાળા),સહમંત્રી:શ્રી નરવતસિંહ એસ. ભાભોર (ભૂતખેડી પ્રા. શાળા), શ્રી રણજીતભાઈ શનાભાઈ બારીઆ (છાપરવડ મુખ્ય પ્રા. શાળા), શ્રી રાજુભાઈ રૂમાલભાઈ રાઠોડ (કેશરપુર પ્રા. શાળા),શ્રી પુષ્પતસિંહ હિરાભાઈ ઠાકોર (તાવિયાડ ફ. વર્ગ મેથાણ પ્રા. શાળા), શ્રી જીજ્ઞેશકુમાર રાવજીભાઈ પટેલ (ભીંત રૂ. વર્ગ રાઠોડના ડુંગરપુર પ્રા. શાળા),કોષાધ્યક્ષ: શ્રી મનહરભાઈ ભેમાભાઈ સંગાડા (સરજૂમી પ્રા. શાળા), પ્રચાર મંત્રી: શ્રી જયેશભાઈ નીરૂભાઈ પટેલ (ડુંગરભીંત ફ. વર્ગ મેથાણ પ્રા. શાળા), સહપ્રચાર મંત્રી: શ્રી મહેન્દ્રભાઈ ભુરસિંગ બારીઆ (અગારા વર્ગ પ્રા. શાળા), મહિલા સંગઠન મંત્રી: શ્રીમતી ભારતીબેન માનસિંહ રજાત (તાલુકા શાળા સીંગવડ),મહિલા સહમંત્રી: શ્રીમતી શકુંતલાબેન ચીમનભાઈ બારીઆ (પહાડ પ્રા. શાળા),આંતરિક ઓડિટર: શ્રી મોહનભાઈ એન. જાલૈયા (મેથાણ મુખ્ય પ્રા. શાળા), રાજ્ય કારોબારી સભ્ય: શ્રી અરવિંદભાઈ કિશોરી (સી.આર.સી. કો.ઓ. મંડેર), ઉપસ્થિત મહેમાનો દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોનું ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. પુનઃ અધ્યક્ષ તરીકે નિયુક્ત થયેલા શ્રી પીયુષભાઈ ચરપોટે સૌનો આભાર વ્યક્ત કરતા આગામી સમયમાં શિક્ષકોના પડતર પ્રશ્નોના નિરાકરણ અને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. અંતે સમગ્ર સભા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં 'સંગઠિત શિક્ષક, ગુણવત્તાસભર શિક્ષણ અને સમર્થ રાષ્ટ્ર' ના સંકલ્પ સાથે સંપન્ન થઈ હતી.

## જાફરાબાદ પી.જી.વી.સી.એલ. ની કામગીરી ઉપર ઉઠ્યા સવાલ : રાત્રીના સમયે કલાકે કલાકે લાઈટ ગુલ પીજીવીસીએલ ની લાલીયાવાડી સામે લોકોનો આક્રોશ

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ પીજીવીસીએલ ની કામગીરી સામે ઉઠ્યા અનેક સવાલો તા/૧૨/૦૯/૨૦૨૬ના રાત્રીના અગિયાર વાગ્યે ના સુમારે લાઈટ ગુલ થઈ જતા ગરમી ના કારણે લોકો ઘરબહાર નિકળી પડ્યા હતા ૧૨ વાગ્યે લાઈટ આવી હતી ફરિ લાઈટ ગુલ થઈ જતા સવાર સુધી કલાકે કલાકે લાઈટ ગુલ થઈ જતા પીજીવીસીએલની કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયા છે વરસાદી સમાન્ય ઝાપટું વરસતા ની સાથે લાઈટ ગુલ થઈ જતી હોય છે. વહેલી સવારે ફરી ૮ :૦૦ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી પીજીવીસીએલ માં ફોન કરી જાણ કરવા છતાં પણ સવારના આઠ વાગ્યે ગયેલી લાઈટ ૧૦:૦૦ વાગ્યે લાઈટ રિપેરિંગ કરવામાં આવી બે ત્રણ કલાકો પછી લાઈટ રિપેરિંગ કરવામાં આવી હતી પીજીવીસીએલ ની લાલીયાવાડી સામે લોકોનો આક્રોશ જોવા મળી રહ્યો છે સામાન્ય વરસાદ પડતાં ની સાથે કલાકો



લાઈટ ગુલ થઈ જતાં કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયા હતા પીજીવીસીએલ સામાકાંઠા વિસ્તારોમાં અવારનવાર વીજળી ગુલ થઈ જતા સામાન્ય ફોલ્ડ હોવા છતાં કલાકો પછી લાઈટ રિપેરિંગ કરવામાં આવે છે. પીજીવીસીએલ ની પ્રિ મોન્સુન કામગીરી ફક્ત ને ફક્ત કાગળ ઉપર જ સિમિત હોય તેવું જોતા લાગી રહ્યું છે. ગ્રાહકો દ્વારા લાઈટ બીલ ન ભર્યું હોય તો લાઈટ કલેક્શન કાપવા સુધી પહોંચી જતી પીજીવીસીએલ પરંતુ ગ્રાહકો ને સારી એવી સુવિધાઓ દેવાને બદલે કાળઝાળ ગરમીમાં વીજ પુરવઠા સમયસર નથી મળી રહ્યો અવારનવાર કલાકે કલાકે વિજળી ગુલ થઈ રહી છે. વિજ કામગીરી માટે કલાકો સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવતો હોય છે પરંતુ ફરી આવી જ સ્થિતિ સર્જાઈ રહી છે. રાત મધરાતે કે પછી વહેલી સવારે કે પછી વરસાદી ઝાપટા પડતાં ની સાથે લાઈટ ગુલ થઈ પીજીવીસીએલ ની કામગીરી સામે જનતા જનાર્દન નો આક્રોશ જોવા મળી રહ્યો છે. અવારનવાર સામાકાંઠા વિસ્તારોમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાતા કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાન ગતિમાં વધારો કરતી પીજીવીસીએલ લાઈટ ગુલ થતા અગાઉથી ફોન કરવા છતાં કલાકો સુધી કામગીરી કરવામાં આવતી નથી સામાકાંઠા વિસ્તારોમાં અવારનવાર વીજળી ગુલ થઈ જતાં કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયા હતા.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સિવિલ હોસ્પિટલને 'મેડી સિટી' બનાવવાના સંકલ્પની દિશામાં વધુ એક માઈલસ્ટોન સર્જાયો



અમદાવાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અમદાવાદની સિવિલ હોસ્પિટલને મેડી સિટી બનાવવાનો સેવાકીય સંકલ્પ લીધો હતો. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના માર્ગદર્શનમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે નિરંતર આગળ વધી રહી છે અને તાજેતરમાં તેણે એક નોંધપાત્ર માઈલસ્ટોન પાર કર્યો છે. છેલ્લા 100 દિવસના ટૂંકા ગાળામાં સિવિલ હોસ્પિટલે શરીરની બહાર રહેલા મૂત્રાશયની અત્યંત દુર્લભ જન્મજાત ખામીથી પીડાતા આઠ માસૂમોને જટિલ સર્જરી સફળતાપૂર્વક કરીને માત્ર નવજીવન જ નહિ ગૌરવપૂર્ણ જીવનની ભેટ આપી છે. વર્ષ 2009થી સિવિલ હોસ્પિટલમાં આવી 300થી વધારે જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. આને લીધે બ્લેડર એક્ષટ્રોફીની સારવાર માટે આજે સિવિલ મેડી સિટી આશાનું વૈશ્વિક કેન્દ્ર બનીને ઊભર્યું છે. આ જટિલ સર્જરી અંગે વાત કરતા સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક શ્રી ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું છે કે જન્મજાત ખામીને કારણે શરીરની બહાર રહેલું મૂત્રાશય–જેને તબીબી ભાષામાં Bladder Exstrophy-Epispadias Complex કહેવાય છે. આવી જન્મજાત ખામી 40-50 હજારમાંથી કોઈ એકાદ બાળકમાં જોવા મળે છે. કન્યા કરતાં દીકરામાં આવી ખામી વધારે નોંધાઈ છે. બે-ત્રણ બાળકની સામે એકાદ બાળકીમાં જ આ ખામી જોવા મળે છે. આ જન્મજાત ખામી ધરાવતા બાળકો માટે સામાન્ય જીવન જીવવું અશક્ય માનવામાં આવતું હતું, પરંતુ અમદાવાદની સિવિલ હોસ્પિટલના બાળ સર્જનોએ આ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. છેલ્લા સો જેટલા દિવસોમાં દેશભરમાંથી આવેલા 8 જેટલા આવા બ્લેડર એક્ષટ્રોફીના ગંભીર કેસોમાં અત્યંત જટિલ રી-કન્સ્ટ્રક્શન સર્જરી કરી બાળકોને સામાન્ય અને સુખમય જીવનની અમૂલ્ય ભેટ આપવામાં આવી છે. સિવિલ મેડી સિટીની સેવા અને સજ્જતાની સુવાસ દેશભરમાં પ્રસરી છે. આ અંગે ડૉ. જોષીએ જણાવ્યું હતું કે છેલ્લા 100 દિવસોમાં થયેલી આઠ સર્જરીઓની વાત કરીએ તો દિલ્હીનો એક દોઢ વર્ષનો માસૂમ બાળક, મુંબઈ -મહારાષ્ટ્રનો 1 વર્ષનો બાળક, ઉત્તર પ્રદેશની એક 4 વર્ષની દીકરી તેમજ ગુજરાતમાંથી દોઢથી ત્રણ વર્ષની ઉંમરનાં 4 બાળકો તથા કચ્છના એક આઠ વર્ષના બાળકની આ દુર્લભ ખામીની સફળતાપૂર્વક જટિલ પુન:નિર્માણ સર્જરી કરવામાં આવી છે. આ આઠ બાળકોમાંથી પાંચ બાળકો સફળ ઓપરેશન બાદ હસતા-રમતા ઘરે પરત ફર્યાં છે.

**૨૫ વર્ષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના.....**

## સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તા. ૧૩ સપ્ટેબરથી થશે "વડનગરથી વારાણસી સેવાયાત્રા"નો પ્રારંભ: જીતુભાઈ વાઘાણી


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની ભવ્ય અને સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આગામી ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન' હાથ ધરાશે.આ અભિયાનના આગોતરા પર્વ રૂપે આવતીકાલ તા. ૧૩ સપ્ટેમ્બરથી રાજ્યભરમાં 'વડનગરથી વારાણસી સેવાયાત્રા' બાઈક રેલીનો શુભારંભ થશે. મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને મંત્રી શ્રી નરેશભાઈ પટેલ નવસારીના પવિત્ર ઉનાઈ માતાજીના મંદિર ખાતેથી આ સેવાયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.તે જ રીતે, રાજ્યના અન્ય મુખ્ય યાત્રાધામો ખાતેથી પણ સેવાયાત્રાનો પ્રારંભ થશે. સોમનાથ ખાતેથી મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા યાત્રાનું પ્રસ્થાન કરાવશે. પાવાગઢ ખાતેથી રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ પ્રસ્થાન કરાવશે. શામળાજી ખાતેથી રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી તથા રાજ્ય મંત્રી શ્રી પી. સી. બારંડા યાત્રાને પ્રસ્થાન કરાવી યાત્રામાં દિવસ દરમિયાન જોડાશે.૪ પવિત્ર ધામોથી નીકળેલી યાત્રા ૧૯મીએ વડનગર પહોંચશે આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ૧૩ સપ્ટેમ્બરના રોજ ઉનાઈ માતાના મંદિર, શામળાજી, સોમનાથ અને અંબાજી એમ ૪ અલગ-અલગ પવિત્ર સ્થળોએથી પ્રસ્થાન પામેલી આ બાઈક યાત્રાઓ ૧૬ સપ્ટેમ્બરે વડનગર ખાતે પહોંચશે.પ્રત્યેક યાત્રામાં ૨૫ થી ૩૦ બાઈક સ્વાર, એક સુસજ્જ LED વાન અને એક પવિત્ર કળશ રથ જોડાશે. યાત્રાના માર્ગમાં આવતી પવિત્ર નદીઓનું જળ આ કળશમાં એકત્રિત કરવામાં આવશે. LED વાન મારફતે વડાપ્રધાનશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત અને ભારતે સાધેલી વિકાસની અભૂતપૂર્વ યાત્રાની ઝાંખી ગામે-ગામ રજૂ કરાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.સેવાકીય પ્રવૃત્તિઓથી ગુંજશે ગુજરાત મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ચાર દિવસીય યાત્રા દરમિયાન રૂટ પર આવતા ગામોમાં રક્તદાન કેમ્પ, વ્યાપક સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ જેવી વિવિધ જનહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું છે. ચાર દિવસીય યાત્રામાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, વિવિધ પદાધિકારીઓ અને સંગઠનના હોદ્દેદારો ઉત્સાહભેર જોડાશે.કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની પ્રેરક ઉપસ્થિતિમાં મહાઆરતી યાત્રાના પ્રથમ તબક્કાના અંતે વડનગર ખાતે કળશમાં એકત્રિત પવિત્ર જળથી શ્રી હાટકેશ્વર મહાદેવનો ભવ્ય જળાભિષેક કરાશે. ૧૭ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની ગરિમામય ઉપસ્થિતિમાં શર્મિષ્ઠા તળાવ ખાતે ૫૦૦થી વધુ સાધુ-સંતો અને ૧૦,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓની હાજરીમાં ભાવભરી મહાઆરતી યોજાશે.બીજો તબક્કો: વડનગરથી વારાણસી પવિત્ર પ્રયાણ મહાઆરતી બાદ શર્મિષ્ઠા તળાવનું પવિત્ર જળ લઈને યાત્રાના દ્વિતીય તબક્કાનો પ્રારંભ થશે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ અલગ-અલગ ૧૦ રૂટ પર વડનગરથી વારાણસીની સેવાયાત્રાને ફ્લેગ ઓફ કરાવશે.

# તમારા ચહેરાને ચમકાવવા માટે આ રીતે કરો લીંબુનો ઉપયોગ



લીંબુમાં વિટામિન સી અને એન્ટી-ઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેથી જ તેને એકંદર આરોગ્ય માટે પાવરહાઉસ કહેવામાં આવે છે. તે ત્વચા માટે પણ ખૂબ અસરકારક સાબિત થાય છે. જો તમે તમારા ચહેરાને નિખારવા માટે લીંબુનો ઉપયોગ કરી રહ્યા છો, તો તમારે પહેલા તે જાણવું જોઈએ કે તેનો ઉપયોગ કરવાની સાચી રીત શું છે. તાજા લીંબુનો રસ નિચોવો અને સીધા ડાર્ક સ્પોટ્સ પર લગાવો. આ પદ્ધતિ સમય જતાં પિગમેન્ટેશન ઘટાડવામાં મદદ કરે છે, ત્વચાને ચમકદાર બનાવે છે. જો તમે તમારા ચહેરાને સાફ કરવા માટે ઘરે ફેસ સ્ક્રબર બનાવવા માંગો છો, તો લીંબુનો રસ લો અને તેમાં ખાંડ મિક્સ કરો. આનાથી તમારા ચહેરાને સ્ક્રબ કરો. આનાથી ચહેરા પરથી મૃત કોષો દૂર થશે, ચહેરો ચમકદાર દેખાશે અને નિખાર પણ આવશે. મધ અને લીંબુ મિક્સ કરીને ચહેરા પર માસ્કની જેમ લગાવો. મધ ચહેરાને હાઈડ્રેશન આપે છે અને લીંબુ ચહેરાને નિખારવામાં મદદ કરે છે. તેનાથી ત્વચા નરમ અને ચમકદાર દેખાય છે. દહીંમાં લીંબુ મિક્સ કરીને ચહેરા પર માસ્કની જેમ લગાવો. દહીં ત્વચાને મોઈશ્ચરાઈઝ કરશે, જ્યારે લીંબુ ત્વચાનો ટોન સુધારશે. હળદરમાં લીંબુનો રસ મિક્સ કરીને લગાવો. તેનાથી ચહેરા પર રાહત મળશે જે બળતરાને કારણે લાલ થઈ રહ્યો છે. લાલાશથી છુટકારો મળશે. જો તમે ઈચ્છો છો કે તમારા ચહેરા પર હંમેશા ચમક રહે તો આજથી જ લીંબુ પાણી પીવાનું શરૂ કરી દો. આ તમારા શરીરને ડિટોક્સ કરશે અને તમારા ચહેરાને ચમકશે. જો તમે તમારા ચહેરા પર લીંબુ લગાવ્યા પછી બહાર જતા હોવ તો તમારા ચહેરા પર સનસ્ક્રીન ચોક્કસ લગાવો. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ (NIH) દ્વારા કરવામાં આવેલા અભ્યાસો પુષ્ટિ કરે છે કે લીંબુમાં હાજર વિટામિન સી ત્વચાના રંગને ઘટાડવામાં અને ત્વચાને ચમકદાર બનાવવામાં મદદ કરી શકે છે.





# ગ્લોઈંગ સ્કિન માટે ઉપયોગ કરો દૂધમાંથી બનેલા આ ફેસ પેક

**ફેસ પર ડાર્ક સ્પોટ્સ, કાળાપણું, પિગમેન્ટેશન અને ટેનિંગ જેવી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે લોકો મોંઘા સ્કિનકેર પ્રોડક્ટ્સ ખરીદે છે. પરંતુ શું આ દરેક માટે કામ કરે છે? બજારમાં તૈયાર મળતાં સ્કિનકેર પ્રોડક્ટ્સ સ્કિનના પ્રકાર મુજબ બનાવવામાં આવે છે, પરંતુ તે ભાગ્યે જ દરેકને અનુકૂળ આવે છે. આ વસ્તુઓનો લાંબા સમય સુધી ઉપયોગ કરવો પણ યોગ્ય નથી. આ તમારી સ્કિનને વધુ નુકસાન પહોંચાડી શકે છે. તમે કાચા દૂધની મદદથી ઘરે આ 3 ફેસ પેક બનાવી શકો છો અને તેને તમારા ફેસ પર લગાવી શકો છો. આ ઘરે બનાવવામાં સરળ છે અને તેની કોઈ આડઅસર થતી નથી.**



**કાચા દૂધમાંથી બનાવેલા આ ત્રણ હોમમેઈડ ફેસ પેક |** દૂધ એક પૌષ્ટિક ખોરાક છે. લોકો તેનો ઉપયોગ ખોરાકમાં કરે છે. તમને જણાવી દઈએ કે કાચા દૂધની મદદથી ફેસનો ગ્લો કેવી રીતે વધારવો. આ ત્રણ સરળ ઘરગથ્થુ ઉપચાર તમારા માટે ખૂબ જ ઉપયોગી થશે.

**મધ, કેળા, કાચા દૂધનો ફેસ પેક |** કેળામાં પોટેશિયમ, વિટામીન સી હોય છે, મધ કુદરતી મોઈશ્ચરાઈઝર છે. આ બધી વસ્તુઓ સ્કિનને ચમકદાર બનાવવામાં મદદ કરે છે. દૂધ ડેડ સ્કિનને દૂર કરે છે. દરેક પ્રકારની સ્કિનના લોકો કેળાના ફેસ પેકનો ઉપયોગ કરી શકે છે. તેને બનાવવા માટે તમારે 1 કેળાને મેશ કરો, તેમાં 2-3 ચમચી દૂધ અને 1 ચમચી મધ મિક્સ કરીને થોડીવાર માટે ફેસ પર લગાવો. 10 મિનિટ પછી સાદા પાણીથી ફેસ ધોઈ લો.

**દૂધ, ચણાનો લોટ અને હળદરનો ફેસ પેક |** ચણાના લોટમાં પ્રોટીન અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. તે ડાર્ક સ્પોટ્સ, ખીલ અને એન્ટી એજિંગની સમસ્યાઓને દૂર કરવામાં મહત્વનો રોલ પ્લે કરે છે. આ સિવાય હળદર એન્ટીબેક્ટેરિયલ છે જે સ્કિનના ચેપને દૂર કરે છે અને સ્કિનમાં ચમક લાવે છે. આ પેક બનાવવા માટે ત્રણેય વસ્તુઓને મિક્સ કરીને ફેસ પર લગાવવાની રહેશે. તમે ફેસ વોશને બદલે આનો રોજ ઉપયોગ પણ કરી શકો છો.

**દૂધ પાવડર ફેસ પેક |** આ ફેસ પેકની મદદથી મિક્સ સ્કિન ધરાવતા લોકોની સ્કિન પર ગ્લો વધશે. આનાથી પિમ્પલ્સની સમસ્યા પણ દૂર થશે અને ખંજવાળ આવે તો પણ રાહત મળશે. આ ફેસપેકને બનાવવા માટે તમારે દૂધ પાવડર, લીંબુનો રસ અને દહીં મિક્સ કરવું પડશે. આ ફેસ પેક અન્ય પેક કરતા થોડો જાડો છે. મિક્સ સ્કિન ધરાવતા લોકોએ તેનો ઉપયોગ કરતા પહેલા પેચ ટેસ્ટ કરાવવો જોઈએ.

# રસોડાની વસ્તુથી ચમકાવો ચહેરો બ્લેકહેડ્સ ચપટીમાં થશે દૂર

**ચોમાસામાં ભેજવાળી હવાને કારણે ચહેરો ચિકાશવાળો થઇ જાય છે. પરિણામે ફેસ ડલ અને ધબ્બા જોવા મળે છે. ફેસ પર ઓઈલ હોવાને કારણે ડસ્ટ જમા થાય છે અને જે ફેરવાય છે બ્લેકહેડ્સમાં. નાક અને માથા પર વધારે જોવા મળે છે. જેને રિમૂવ કરવા માટે લોકો ઘણા પ્રકારની ટિપ્સ ફોલો કરે છે.**



**બ્લેકહેડ્સના કારણો |** ખાવામાં ધ્યાન ન રાખવુ, પૂરતી ઉંઘ ન લેવી, તણાવ હોવો, હોર્મોનલ સંતુલિત ન હોવા તથા ત્વચાને યોગ્ય રીતે સાફ ન કરવાના કારણે બ્લેકહેડ્સ થાય છે. પરંતુ તમે બ્લેકહેડ્સને દૂર કરવા માટે કેટલાક ઘરેલું ઉપાય અપનાવી શકો છો. જો કે અહીં અમે તમને બ્લેકહેડ્સ રિમૂવ કરવા માટે કેટલીક ટિપ્સ જણાવીશું.

**ખાવાનો સોડા |** ખાવાના સોડાનો પણ તમે ઉપયોગ કરી શકો છે. તે તમારી સ્કિન પર એક્સ્ફોલિએટની જેમ કામ કરે છે. ખાવાનો સોડા લગાવવાથી સ્કિનના ડેડસેલ દૂર થાય છે. એક ચમચી ખાવાના સોડામાં બે ચમચી પાણી ભેળવીને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટને બ્લેકહેડ્સવાળી જગ્યા પર 10 મિનિટ સુધી લગાવો.

**સ્ટિમ લો |** સ્ટીમ લેવાથી શરદી અને ઉધરસની સમસ્યા પણ દૂર થાય છે. આનાથી છિદ્રો પણ ખુલે છે. આ સિવાય તે જમા થયેલું તેલ અને ગંદકીને દૂર કરવામાં મદદ કરે છે. એક વાસણમાં ગરમ પાણી લો અને તેને ટુવાલ વડે ઢાંકી દો. તમે 5 થી 10 મિનિટ માટે ળ લો. આનાથી પણ ઘણો ફાયદો થશે.

**મધ અને લીંબુ |** બ્લેકહેડ્સ દૂર કરવા માટે તમે લીંબુ અને મધનો પણ ઉપયોગ કરી શકો છો. આ માટે એક ચમચી મધમાં લીંબુના રસના થોડા ટીપાં મિક્સ કરો. આ બંને વસ્તુઓના મિશ્રણને બ્લેકહેડ્સ પર 5 થી 10 મિનિટ સુધી લગાવો. તેનાથી ત્વચાને ઘણો ફાયદો થશે.

# ઓશીકા નીચે મોબાઈલ રાખીને સૂવાથી થશે ખતરનાક બીમારીઓ, કેન્સરનો વધી શકે છે ખતરો

મોબાઈલ ફોનને જો તમે માથાની પાસે રાખી ઊંઘી જાવ છો તો આ સમાચાર તમારી ઊંઘ ઉડાવી દેશે. ભલે તમે એલાર્મને કારણે માથાની પાસે ફોન રાખતા હોવ કે સૂતા-સૂતા મોબાઈલને પાસે રાખી દો છો. મોબાઈલને માથાની પાસે સૂવાથી સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. તેનાથી તમારા સ્વાસ્થ્યને ભારે નુકસાન થઈ શકે છે. મોબાઈલ ફોનમાંથી નિકળનાર બ્લૂ-લાઈટ અને ખતરનાક રેડિએશન સાયલન્ટ કિલરની જેમ કામ કરે છે. કોઈપણ બીમારીનો સંકેત મળતા પહેલા ખતરનાક સ્થિતિમાં પહોંચી શકો છો. મોબાઈલમાંથી નિકળનાર બ્લૂ લાઈટ મેલાટોનિન હોર્મોનને પ્રભાવિત કરે છે. તે નીંદરને નિયંત્રિત કરે છે. તેનાથી ઊંઘ ન આવવી, ઊંઘમાં વારેવારે ખલેલ અને નીંદરની ગુણવત્તામાં ઘટાડો જોવા મળે છે. તો એક્સપર્ટનું પણ તે કહેવું છે કે તેના રેડિએશન પુરૂષોની પ્રજનન ક્ષમતા પર ખરાબ



અસર કરે છે. મોબાઈલ ફોનને કારણે સ્વાસ્થ્ય સાથે જોડાયેલી સમસ્યાઓ થઈ શકે છે. તેનાથી માથામાં દુખાવો, સ્નાયુઓમાં દુખાવા જેવી સમસ્યાઓ થઈ શકે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પ્રમાણે ફોનમાંથી નિકળનાર રેડિએશનથી મગજ પર ગંભીર અસર પડે છે. તેના કારણે કેન્સરનો ખતરો પણ વધી જાય છે. ઘણા એવા લોકો છે જેને માથામાં દુખાવો, ચિડિયાપણું અને આંખમાં દુખાવો મોબાઈલના વધુ ઉપયોગને કારણે થાય છે. મોબાઈલની સ્ક્રીન પર બેક્ટેરિયા જલ્દી ઉદ્ભવે છે. જ્યારે તમે મોબાઈલને નજીક લઈને સૂવો છો તે તે બેક્ટેરિયા તમારી ત્વચા પર પહોંચી ફોલ્લીઓ, ખીલ જેવી સમસ્યાઓ પેદા કરી શકે છે. ઘણી સ્ટડી પ્રમાણે મોબાઈલ રેડિએશન હાર્ટની બીમારીને પણ આમંત્રત આપે છે. આ કારણે તમારે આ આદત જલ્દી છોડી દેવી જોઈએ. મોબાઈલમાંથી રેડિએશન નિકળે છે. તેવામાં પ્રયાસ કરો કે સૂવા સમયે તેને દૂર રાખો. મોબાઈલથી નિકળનાર રેડિએશન ઈરેક્ટાઈલ ડિસફંક્શનથી જોડાયેલા છે. મોબાઈલ ફોનમાંથી બ્લૂ લાઈટ નિકળે છે. રાત્રે સૂવા સમયે મોબાઈલને દૂર રાખવો જોઈએ.



# ગણેશ ચતુર્થી



ગણપતિ બાપ્પા મોરિયા મોરિયા રે બાપા મોરીયા રે.. દર વર્ષે ભાદ્રા શુક્લ ચતુર્થી ના દિવસે “ગણપતિ બાપ્પા મોરિયા” ના નાદ સાથે ભારત ભર માં શેરીઓ,ગલીઓ, શહેર અને ગામડાઓ માં બધેય બાપ્પા નો જન્મ દિવસ ધામ ધૂમ થી ઉજવવા માં આવે છે.ઘરે ઘરે બાપ્પા નું મૂર્તિ સ્વરૂપ આગમન થતા ભાદરવા શુક્લ ચતુર્થી થી લઈને અનંત ચતુર્થી સુધી ઉત્સાહ અને આનંદ નો માહોલ સર્જાય છે.બાપ્પા ને મોદક ભાવે એટલે નિત્ય પ્રસાદ માં વિવિધ પ્રકારના મોદક ધરાવવા માં આવતા હોય છે. કહેવાય છે કે ઘર માં બાપ્પા પધારતા જ ભક્ત ની પીડા,કષ્ટ અને સંકટો દૂર થઈ જતા હોય છે. સાચું કહું મને એમ હતું કે ગણેશ ચતુર્થી ના તહેવાર ની ધૂમ મહારાષ્ટ્ર અને ગુજરાત પૂરતી જ સીમિત હશે પણ ના એવું નથી બાપ્પા તો સર્વે ભક્તો ના હૃદય ના રાજા છે જે રીતે પ્રેમ મળતા જ નાનકડા બાળકની દુનિયા પ્રેમ કરનાર ની થઈ જાય છે એજ રીતે બાપ્પા પણ ભક્તો ના પ્રેમ ને વશ થઈને એની પર આશીર્વાદ નો કૃપા પ્રસાદ વરસાવતા હોય છે.આ વર્ષે હૈદરાબાદ ના ખેરાતા બાદમાં બાપ્પા ના ૬૯ ફૂટ ઊંચા સ્વરૂપ ની પધરામણી થવાની છે. જે સમગ્ર ભારત ની સૌથી ઊંચી લાલ બાગ ના રાજા કરતા પણ ઉંચો બાપ્પા ની મૂર્તિ પ્રતિમા સ્થાપિત થવાની છે. હૈદરાબાદ માં લોકો માં ભક્તિ ભાવ જોતા અનુભવ્યું કે બાપ્પા એ ભારત ભર ના લોકોમાં “પ્રથમ શ્રી ગણેશ બેસાડો ને મારા ગણેશ દુંદાળા..” પૂજા તો બધા પ્રકારની થાય પણ ગણપતિ સ્થાપન વગર પૂજા નું ફળ મળતું નથી.

કથા : ભાદરવા શુક્લ ચતુર્થી ના દિવસે બાપ્પા ના જન્મ દિવસ ની ખાસ કથા છે.પુરાણ અનુસાર એકવાર માતા પાર્વતી જી સ્નાન કરવા બેઠા ત્યારે એણે ગણપતિ ને દ્વાર પર બેસાડી ને કહ્યું કે કોઈ પણ કેમ ન હોય ગૃહ ની અંદર પ્રવેશવું જોઈએ નહી. માતા પાર્વતીના અતિ પ્યારા અને લાડલા આજ્ઞાકિત પુત્ર ગણેશજી એ કહ્યું કે માતા, આપ નિશ્ચિંત બની ને સ્નાન કરો મનુષ્ય તો શું મચ્છર પણ અંદર પ્રવેશી શકશે નહી. જેવા માતા પાર્વતી જી સ્નાન કરવા ગયા એ ભેગા કૈલાસ પર નારદજી પધાર્યા. એણે જોયું કે કૈલાસ ના આંગણે નાનકડું સુંદર બાળક રમી રહ્યું છે કશુંય બોલ્યા વગર ચુપ ચાપ એણે કૈલાસ વન તરફ પ્રયાણ કર્યું. નારદજી એ તપશ્ચર્યા માં લિન સદા શિવ ની નજીક જઈને એના કાન માં કહ્યું કે પ્રભુ, આપના કૈલાસ દ્વાર પર નાનકડા બાળક ને જોતા આંખો પર વિશ્વાસ થતો નથી પણ વાત ખોટી પડી પણ પાડી શકાતી નથી.નારદજી ની વાત સાંભળતા જ ભગવાન શિવ એ ગુસ્સા માં એના નેત્રો ખોલતા કહ્યું કે એલા!! નારદ,તારા કામ જ એવા હોય છે ને કે તારી વાત પર વિશ્વાસ તો થતો નથી પણ ચાલ કૈલાસ જઈને ખરાઈ કરી લઈએ. કૈલાસ પર્વત ના દ્વાર પર નાનકડું સુંદર બાળક જોતા જ ભગવાન શિવ ગુસ્સે થઈ ને બોલ્યા કે અસંભવ.. અસંભવ..દ્વાર નજીક જઈને ભગવાન શિવ એ બાળ ગણપતિ ને પૂછ્યું કે તું કોનો બાળક છો? તારા માતાપિતા કોણ છે? બાળ ગણપતિ એ દરવાજા ની આડે ઊભા રહીને કહ્યું કે જોગી,એક ડગલું પણ દરવાજા તરફ માંડ્યું તો મારા અને તમારા વચ્ચે યુદ્ધ થઈ જશે.મારી માતા સ્નાન કરી રહી છે એટલે દરવાજા થી દૂર ઊભા રહો.નાનકડો બાળક છું પણ મારી માતા ભગવતી પાર્વતી અને પિતા દેવાધિદેવ મહાદેવ છે એટલે મારા પરાક્રમ ને જાણી લ્યો. તકરાર બાદ બન્ને પિતા પુત્ર એકબીજા થી અજાણ યુદ્ધે ચડ્યા. વિવાદ વધારે પડતો વધ્યા બાદ ભગવાન શિવ એ ગુસ્સે થઈ ને ત્રિશુળ થી બાળ ગણપતિ નું શિર ઉડાડી દીધું.જે ચંદ્ર ભગવાન ના રથ માં જઈને પડ્યું હતું. જ્યારે માતા પાર્વતી એ ભગવાન શિવ દ્વારા પુત્ર ના શિરછેદ ઘટના નિહાળી ત્યારે એ રડતા રડતા બોલ્યા હતા કે વાહ રે વાહ ભોળાનાથ, પુત્ર પ્રાપ્તિનું વરદાન આપી ને ખુદ ભૂલી ગયા.. ભગવાન ભોળાનાથ ને પોતાની ભૂલ સમજાતા એણે શિવ ગણો ને ગણપતિ નું શિર શોધવા મોકલ્યા. શિર ન મળતા શિવગણો હાથી ના બચ્ચા નું શિર લઈને આવ્યા. ભાદરવા શુક્લ પક્ષ ની ચતુર્થી ના દિવસે ભગવાન શિવ એ હાથી નું મસ્તક ગણેશજી ધડ પર મૂકી ને પુત્ર ને અસંખ્ય વરદાન આપ્યા હતા. દર વર્ષે પૃથ્વી લોક માં ગણેશજી ના જન્મ દિવસ ની ધામધૂમ રહેશે,શુભ કાર્યની શરૂઆત ગણેશજી ની પૂજા થી થશે,જે મનુષ્ય નિત્ય ગણેશજી નું નામ સ્મરણ કરશે એના જીવનમાં સંકટ ક્યારેય આવશે નહી. આ દિવસે ચંદ્ર ના દર્શન ભૂલ થી ભુલ માં જે કરશે એનું જીવન વિપત્તિઓ થી ઘેરાઈ જશે. કેમ? ચંદ્ર ના રથ માં બાળ ગણપતિ નું મસ્તક પડ્યું હોવા છતાંય એ શિવગણો આગળ ખોટું બોલ્યા હતા.

ગણેશ ચતુર્થી નું વ્રત પ્રથમ કોણે કર્યું હતું?

આ સૃષ્ટી માં ગણશે ચતુર્થી નું વ્રત પ્રથમ ચંદ્ર દેવ એ કર્યું હતું.પુરાણ અનુસાર એક વખત ગણેશજી એની પત્ની ઓ રિદ્ધિ સિદ્ધિ સાથે આકાશ માર્ગે જઈ રહ્યા હતા ત્યારે વચ્ચે ચંદ્ર લોક આવ્યું. ગણેશજી નું પેટ અને મુખ જોતાજ ચંદ્રદેવ ખડખડાટ હસીને મશ્કરી કરવા લાગ્યા. ગણપતિ બાપ્પા ના શ્રાપ ને લીધે ચંદ્રદેવ ને એની મશ્કરી મોંઘી પડી. ભયભીત થઈને ચંદ્ર દેવ બ્રહ્મ લોક માં જઈને બ્રહ્માજી આગળ સર્વે વૃતાંત વ્યતિત કર્યો.બ્રહ્માજી એ ચંદ્ર દેવ ને કીધું કે ભગવાન શિવ ના વરદાન ને લીધે ગણપતિ નો શ્રાપ મિથ્યા જતો નથી.આ બાબત માં તો હું પણ કંઈ કરું શકું એમ નથી પણ એક ઉપાય છે ગણેશ ચતુર્થી નું વ્રત કરો.આ ગણેશ ચતુર્થી થી લઈને અનંત ચતુર્દશી નું વ્રત કરવાથી તમને શ્રાપ માંથી મુક્તિ તો મળશે નહી પણ થોડીઘણી રાહત જરૂર થશે.પંચધાતુ કે સોનાની ગણેશજી ની મૂર્તિ બનાવી ને શુદ્ધ બ્રાહ્મણ આગળ વિધિ વિધાન થી પૂજા કરાવવાની.પંચ દ્રવ્ય,પંચ ફળ, ઋતુ પ્રમાણે ના ફૂલ,દૂર્વા,જનોઈ,રેશમી વસ્ત્ર, આભૂષણો,મોદક ભોગ થી પૂજા કરાવવી. પૂજા બાદ બ્રાહ્મણો ને ભોજન,દાન અને દક્ષિણા આપવી. ચંદ્રદેવ એ બ્રહ્માજી ના સૂચવ્યા મુજબ શુદ્ધ બ્રાહ્મણો આગળ પૂજા કરાવી ને પોતાની ભૂલ બદલ ગણપતિ બાપ્પા આગળ માફી માગી હતી.આ બાદ સ્વર્ગ અને પૃથ્વી બધેય ગણેશ ચતુર્થી ના ઉત્સવ ની ધામ ધૂમ મોટાપાયે થાય છે. મારે ત્યાં તો રિદ્ધિ સિદ્ધિ ના દાતા બુદ્ધિ ના દેવ ગણપતિ બાપ્પા પધારી ગયા છે તમારે ત્યાં પણ પધારશે ને જીવન ના સર્વ વિઘ્ન દૂર કરશે.. એક દો તીન ચાર ગણપતિ નો જય જય કાર..



- રુપાલી દવે



# થલાપતિ વિજયે સિલ્વરસ્ટોનમાં અજીત કુમારની રેસ જોઈ...

## ત્રિશા કૃષ્ણન બધાની સામે આવી તો પાછળ હટતા દેખાયા; પત્નીએ છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો

(એજન્સી) મુંબઈ | તા.13

તમિલનાડુના મુખ્યમંત્રી અને અભિનેતા થલપતિ વિજયે શનિવારે સિલ્વરસ્ટોનમાં મિશેલિન લે મેન્સ કપ રેસને લીલી ઝંડી બતાવીને ઉદ્ઘાટન કર્યું. સાઉથ સ્ટાર અજીત કુમાર આ રેસમાં સામેલ હતા, જેમણે 38મું સ્થાન મેળવ્યું છે. જોકે, આ રેસ દરમિયાન થલપતિ વિજય સાથે રૂમર્ડ ગર્લફ્રેન્ડ તૃષા કૃષ્ણનની હાજરીએ ધ્યાન ખેંચ્યું છે.

સોશિયલ મીડિયા પર રેસ સાથે જોડાયેલા ઘણા વીડિયો સામે આવી રહ્યા છે. કેટલાકમાં વિજય, તૃષા સાથે રેસનો આનંદ માણતા જોવા મળ્યા, કેટલાકમાં અભિનેતા અજીતને રેસ પહેલા મળતા તો ક્યારેક રેસને લીલી ઝંડી બતાવતા.

થલાપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન લાંબા સમયથી અફેરની અફવાઓ વચ્ચે ચર્ચામાં છે. આ દરમિયાન વિજયની પત્નીએ ફેબ્રુઆરી 2023માં વિજય પાસેથી છૂટાછેડાની માંગણી કરતા કેસ દાખલ કર્યો હતો. PTI અનુસાર, સંગીતાએ અરજીમાં જણાવ્યું હતું કે તેના પતિનો એક અભિનેત્રી સાથે લગ્નેતર સંબંધ છે. તેને આ વિશે એપ્રિલ 2021માં જાણ થઈ હતી. જોકે, તેણે અભિનેત્રીનું નામ લીધું ન હતું.

તેણે એમ પણ જણાવ્યું હતું કે વિજયે તેને સતત માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપેક્ષા કરી અને છોડી દીધી. જરૂર પડ્યે તે અભિનેત્રીને પણ કેસમાં બીજો પક્ષકાર બનાવશે.

સંગીતાનું કહેવું હતું કે તેમનો સંબંધ સંપૂર્ણપણે તૂટી ગયો છે. વિજય ભાવનાત્મક રીતે તેનાથી દૂર થઈ ગયા છે. તેની સાથે અપમાનજનક વર્તન કરતા હતા. એવી પરિસ્થિતિઓ ઊભી કરી હતી કે તેમને એક જ ઘરમાં અલગ રહેવું પડી રહ્યું હતું. તેથી સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 હેઠળ છૂટાછેડા આપવામાં આવે.

તમિલનાડુ ચૂંટણી સમયે ચૂંટણી લડી રહેલા વિજયના અંગત મામલાને જોરશોરથી ઉછાળવામાં આવ્યો હતો. આ જ સમયે તેમની અને તૃષાની હાજરીએ પણ ખૂબ જ હેડલાઈન્સ બનાવી હતી.

વિજયે તૃષાના જન્મદિવસના દિવસે તમિલનાડુ ચૂંટણી જીતી, જેના તરત બાદ તૃષા તેમના નીલાંકરાઈ સ્થિત ઘરે પહોંચી.

બંને ઘણીવાર સાથે જોવા મળ્યા હતા, જેના કારણે તેમનો સંબંધ ઓફિશિયલ માનવામાં આવતો હતો, જોકે ત્યારે જ વિજયની પત્નીએ છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી છે.

છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધા પછી આ પહેલીવાર છે જ્યારે વિજય-તૃષા ફરી સાથે જોવા મળ્યા છે.

### અજીત કુમારની રેસિંગ વિશે-

સિલ્વરસ્ટોનની આ રેસમાં અભિનેતા અજીત કુમારની ટીમ અજીત રેડએન્ટ બાય વિરાજ 38મા સ્થાને રહી. ટીમે બે કલાકની રેસ પૂરી કરી, પરંતુ કોઈ પોઈન્ટ મેળવી શકી નહીં. અજીત કુમાર અને ફ્રેન્ચ રેસર રોમેન વોઝનિયાકની જોડીની કાર કુલ વિજેતાથી ત્રણ લેપ પાછળ રહી.

# 125 વર્ષ જૂના સ્વાદને શહેર સુધી પહોંચાડવાની વાર્તા...

## પરંપરા, પ્રતિષ્ઠા ને પ્રેમની ખાટી-મીઠી 'ચટણી'! મલ્હાર-પૂજા લગ્ન પછી પહેલીવાર સાથે સ્ક્રીન શેર કરશે

(એજન્સી) મુંબઈ | તા.13

ગુજરાતી સિનેમા હાલમાં અવનવી વાર્તાઓને દર્શકો સમક્ષ લાવી રહ્યું છે, અને દર્શકો પણ તેમને વધાવી રહ્યા છે. ત્યારે ગુજરાતી સિનેમાના પાવર કપલ એટલે કે મલ્હાર ઠાકર અને પૂજા જોશી તેમની ખાટી, મીઠી, તીખી અને મસાલેદાર વાર્તાને 'ચટણી'ના રૂપમાં લઈને આવી રહ્યા છે. તાજેતરમાં ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું છે.

'ચટણી' ફિલ્મ પેઢીઓના વારસાને નવા રૂપે આગળ લઈ જવાની વાર્તા છે. ટ્રેલરમાં જોવા મળે છે કે, 125 વર્ષ જૂની કાળુકાકા એન્ડ સન્સ દુકાનની કૌટુંબિક પરંપરાગત વાનગી અને ચટણીનો ચટકારો ગામના લોકોને દાઢે વળગ્યો છે. નાના ગામમાં વસેલા આ જ વારસાને મહત્ત્વકાંક્ષી દીકરો (મલ્હાર) અમદાવાદ શહેર સુધી લઈ જવા માંગે છે.

મલ્હારની સામે મોટા શહેરમાં નવો ધંધો શરૂ કરવાનો જેટલો મોટો પડકાર છે, તેનાથી પણ મોટો પડકાર તેના પિતાને મનાવવાનો છે. દીકરાની વાત સાંભળીને પિતાને આંચકો લાગે છે અને દીકરા સાથે છેડો ફાડી નાખવાની વાત કરે છે. પણ મલ્હાર અડગ છે, તે કહે છે કે, 'ભલે શહેર જઈ રહ્યો છું, પણ ગજવામાં ગામડું લઈને જઈ રહ્યો છું.' આ દરમિયાન પૂજા પણ



તેની સાથે અડીખમ ઊભી રહે છે.

ફિલ્મની વાર્તા ગૃહિણી માતાના હાથની 'ચટણી'ના અસલ સ્વાદને શહેરીજનો સુધી પહોંચાડવાના સપના, પ્રેમ અને પરિવારની લાગણીઓની આસપાસ ફરે છે. આ વાર્તાને સંદીપ પટેલ અને હર્ષ શોધને લખી છે.

ફિલ્મમાં મલ્હાર ઠાકર અને પૂજા જોશી ઉપરાંત પ્રશાંત બારોટ, હેતલ મોદી, સ્મિત જોશી, પ્રેમલ યાજ્ઞિક, મનિષા ત્રિવેદી અને આકાશ ઝાલા સહિતના કલાકારો મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે. EForU Entertainment દ્વારા પ્રસ્તુત અને બુદ્ધિપ્રિયાય પિક્ચર્સ એલએલપી પ્રોડક્શનના બેનર હેઠળ નિર્માણ પામેલી આ ફિલ્મનું ડિરેક્શન સંદીપ પટેલે કર્યું છે.


**મુંબઈમાં આમિર ખાન પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા અને ડિરેક્ટર આર. બાલ્કી સાથે એક મોટી સુપરહીરો ફિલ્મ અંગે પ્રાથમિક ચર્ચા કરી રહ્યો છે. આ પ્રોજેક્ટ હજુ પટકથા અને ડેવલપમેન્ટના તબક્કામાં છે. આમિરે હજુ કોઈ સત્તાવાર પ્રતિબદ્ધતા આપી નથી, પરંતુ તે આ ફિલ્મમાં રસ દાખવી રહ્યો છે. આ આમિરની નડિયાદવાલા અને બાલ્કી સાથેની પ્રથમ ફિલ્મ હશે.**

# આમિર ખાનની મહત્વાકાંક્ષી સુપરહીરો પ્રોજેક્ટની તૈયારી

મુંબઈ : આમિર ખાન મહત્વાકાંક્ષી સુપરહીરો ફિલ્મ વિશે પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા સાથે પ્રાથમિક ચર્ચા કરી રહ્યો છે જેનું દિગ્દર્શન આર. બાલ્કી કરશે. પ્રોજેક્ટ હજી પ્રાથમિક તબક્કામાં છે અને આમિર ખાન તેમાં રસ દાખવી રહ્યો છે, જો કે હજી તેણે કોઈ સત્તાવાર પ્રતિબદ્ધતા નથી આપી. સર્જકો આગળ વધવા અગાઉ પટકથા, પાત્રાલેખન અને પ્રોડક્શન ડિઝાઈનમાં સુધારા-વધારા કરે તેવી અપેક્ષા છે. આ પ્રસ્તાવિત ફિલ્મ અગાઉ આમિરની તામિલ ફિલ્મસર્જક લોકેશ કાનાગરાજ સાથે સુપરહીરો સહયોગ વિશે વાટાઘાટ થઈ હતી, જે આખરે પટકથા સંબંધિત મુદ્દાઓને કારણે છોડી દેવામાં આવી. જો નવો પ્રોજેક્ટ સાકાર થાય તો તે આમિરની નડિયાદવાળા તેમજ બાલ્કી બંને સાથે પ્રથમ ફિલ્મ હશે.


બિનપરંપરાગત, વિશિષ્ટ વાર્તા કહેવા માટે પ્રસિદ્ધ બાલ્કી ભારતીય શૈલીને અનુરૂપ સુપરહીરો ફિલ્મની યોજના બનાવી રહ્યા છે.

આમિર રેસ ૪ માટે પણ વાટાઘાટ ચલાવી રહ્યો છે, જો કે હાલ તો બંને પ્રોજેક્ટ વિશે કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ. તેણે માત્ર આગામી ફિલ્મ આશુતોષ ગોવારીકરની 'લલકારા' હોવાની પુષ્ટી કરી છે, જે ૧૯૫૨ની ઐતિહાસીક ભારત-પાકિસ્તાન ટેસ્ટ સીરીઝ પર આધારીત છે અને તેનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે. ત્યાર પછી આમિર રાજકુમાર હિરાનીની '૩ ઈડિયટ્સ'ની સીક્વલમાં કામ કરે તેવી સંભાવના છે, જે હાલ હજી શરૂઆતના તબક્કામાં છે










**મુંબઈમાં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન અભિનીત ફિલ્મ 'હેવાન' બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી છે. શુક્રવારે રિલીઝ થયેલી આ ફિલ્મ ઓપનિંગ ડે પર માત્ર ૩ કરોડ રૂપિયા જ કમાઈ શકી. 'મિર્જાપુર ધ મૂવી' અને 'હનુમાન અંશ' જેવી ફિલ્મોને કારણે દર્શકો વહેંચાઈ ગયા અને 'હેવાન'ને ઠંડો પ્રતિસાદ મળ્યો. એડવાન્સ બુકિંગ પણ નબળું હતું, જેનાથી નિર્માતાઓને નિરાશા મળી.**

# અક્ષય કુમાર અને સૈફ અલીની ફિલ્મ હેવાનની બોક્સ ઓફિસ પર ઠંડી ઓપનિંગ

મુંબઈ : અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની હેવાનની રિલીઝના પહેલા જ દિવસે બોક્સ ઓફિસ પર ઠંડો પ્રતિસાદ જોવા મળ્યો છે. આ ફિલ્મ ઓપનિંગ ડે પર રૂપિયા પાંચ કરોડનો વ્યવસાય પણ કરી શકી નથી. આમ થવાનું કારણ મિર્જાપુર ધ મૂવી અને હનુમાન અંશ ફિલ્મ હોવાનું જણાઇ રહ્યું છે. આ ફિલ્મો જોવા થિયેટરોમાં ભીડ ઊમટી રહી છે અને અક્ષયની ફિલ્મને ઠંડો પ્રતિસાદ મળ્યો.

ચર્ચા એવી પણ છે કે મિર્જાપુર ધ મૂવી અને હનુમાન અંશે હિંદી માર્કેટ માં પણ દર્શકોના ભાગલા પડી ગયા છે. પરિણામે હેવાનને ઓપનિંગ ડે પર કમાણી કરવાની તક જ મળી નથી. અક્ષય અને સૈફ અલી ખાન ફિલ્મ હેવાન શુક્રવારે થિયેટરોમાં રિલીઝ કરવામાં આવી હતી.ફિલ્મ હેવાનનું એડવાન્સ બુકિંગ પણ નબળું હતું. રિલીઝ થયા પછી ફિલ્મના રિવ્યુ પણ મિશ્રિત આવ્યા હતા. એક રિપોર્ટના અનુસાર હેવાન ફિલ્મે રિલીઝના પહેલા દિવસે ફક્ત ૩ કરોડ રૂપિયાની જ કમઆણી કરી છે. ભૂત બંગલા ફિલ્મની સફળતા પછી અક્ષય અને પ્રિયદર્શનની આ જોડી ક્રાઈમ થ્રિલર માટે સાથે જોવા મળી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરશે તેવી લોકોને આશા હતી પરંતુ આ ફિલ્મે દર્શકોને નિરાશ કર્યા હતા.







# પૂનમ ઢિલ્લોન, ઉપાસના સિંહ અને પદ્મીની કોલ્હાપુરે જાહેરમાં બાખડી પડી

**મુંબઈમાં સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશનની ઓફિસ બહાર પૂનમ ઢિલ્લોન, ઉપાસના સિંહ અને પદ્મિની કોલ્હાપુરે વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ. વાયરલ વીડિયોમાં મહિલા પોલીસ ઓફિસર તેમને શાંત પાડવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા. પરિસ્થિતિ વણસતા, પોલીસે ગુસ્સે થઈને કહ્યું કે, જો અન્ય કોઈ હોત તો થપ્પડ મારી દીધી હોત. આ ઘટનાએ જાહેરમાં અભિનેત્રીઓના વર્તન પર સવાલો ઉભા કર્યા છે.**


મુંબઈ : સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશનનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં પોલીસ પૂનમ ઢિલ્લોન, ઉપાસના સિંહઅને પદ્મિની કોલ્હાપુર પર ભડકી જતાં કોઈ બીજું હોત તો થપ્પડ મારી દીધી હોત તેમ કહીને દબડાવતો જોવા મળે છે.


સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશનની મુંબઈની ઓફિસની બહારે એકટર્સ વચ્ચે થઇ રહેલા વિવાદનો વીડિયો વાયરલ થયો છે. જેમાં જોવા મળે છે કે પૂનમ ઢિલ્લોન, ઉપાસના સિંહ અને પદ્મિની કોલ્હાપુરે એકબીજા સાથે ઊગ્ર અવાજે વાતચીત કરતા જોવા મળી રહ્યા છે. તેમજ મહિલા પોલીસ ઓફિસર તેમની વચ્ચે પડીને તેમને શાંત કરવાના પ્રયાસ કરી રહી છે. પરંતુ પરિસ્થિતી વણસેલી જોતાં જ તે મહિલા પોલીસે ઓફિસરે ભડકીને તેમને ધમકાવ્યા હતા કે બીજા લોકો હોત તો મેં અત્યાર સુધીમાં તેમને થપ્પડ મારી દીધી હોત. આ બાબતે કુનિકાએ કહ્યું હતું કે સિન્ટાના જરૂરી પેપરવર્ક, ફાઈલ્સ વગેરેને ઓફિસના અધ્યક્ષ પૂનમ ઢિલ્લોની ગાડીમાં રાખવામાં આવી રહ્યા હતા ત્યારે આ બાબતે કુનિકાએ પદ્મિની કોલ્હાપુરેને પ્રશ્નો પુછ્યા હતા અને બન્ને અભિનેત્રીઓ આ બાબત વાદ-વિવાદ કરી રહી હતી.

આ દરમિયાન પોલીસ તેમની વચ્ચે પડીને તેમને શાંત કરવાના પ્રયાસ કરી રહી હતી પરંતુ આ બન્ને જણીઓ શાંત ન પડી રહી નહોતી. અંતે પોલીસ અધિકારીએ તેમને ધમકાવતાં કહ્યું હતું કે જાહેરમાં તમે જે રીતે ઝગડી રહ્યા છો એ જોઈને મને આશ્ચર્ય થાય છે. તમે તમારી ઈજ્જત અને માન-સમ્માન પણ જાહેરમાં જાળવી શકતા નથી.

**મુંબઈ: 'હનુમાન અંશ' ફિલ્મની અપાર સફળતા બાદ તેની સિક્વલની તૈયારીઓ ચાલી રહી છે. નિર્માતા નમ્રતા સિંહે જણાવ્યું કે, આ ફિલ્મ ત્રણ ભાગમાં બનશે. બીજા ભાગમાં નીમ કરોલી બાબાના ભક્તોના જીવનમાં તેમના યોગદાનને દર્શાવાશે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા બાબાના ભક્ત હોવાથી તેઓ સિક્વલમાં કેમિયો કરશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.**

# અનુષ્કા અને વિરાટ હનુમાન અંશની સિકવલમાં કેમિયો કરે તેવી ચર્ચા






મુંબઈ : હનુમાન અંશ ૨૦૨૬ની અત્યાર સુધીની સૌથી વધુ ચર્ચિત ફિલ્મ બની ગઈ છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર અસાધારણ દેખાવ કરતાં લોકોનો ટોળેટોળાં થિયેટરોમાં ઊમટી રહ્યા છે. હવે આ ફિલ્મની સફળતા પછી તેના બીજા ભાગ એટલે કે સીકવલની તૈયારી કરવામાં આવી રહી છે.

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી નીમ કરોલી બાબાના ભક્ત હોવાથી આ ફિલ્મની સીકવલમાં કેમિયો કરે તેવી ચર્ચા થઇ રહી છે. જોકે નિર્માતાએ આ બાબતે ફોડ પાડયો નહોતો.પરંતુ આડકતરી રીતે નમ્રતા સિંહે કહ્યું હતું કે બીજા ભાગમાં બાબાનું જે ભક્તો પર વિશેષ યોગદાન રહ્યું હતુ તેમનો સમાવેશ કરવામાં આવશે.

આ સીકવલ વિશે એક વાતચીત દરમિયાન નમ્રતા સિંહે જણાવ્યું હતું કે હનુમાન અંશ બનાવતા પહેલા જ આ ફિલ્મને ત્રણ ભાગમાં નિર્માણ કરવાનો નિર્ણય લઇ લેવામાં આવ્યો હતો. પહેલા ભાગમાં નીમ કરોલી બાબાના બાળપણથી લઈને તેમની સિદ્ધીઓની સફર તેમજ દેશભરમાં તેમનું ભ્રમણ, હવે બીજા ભાગામાં કૈંચી ધામમા ચેપ્ટરની સાથેસાથે તેવા ભક્તોનો સમાવેશ કરવામાં આવશે જેમના જીવનમાં નીમ કરૌલી બાબાનું વિશેષ યોગદાન રહ્યું છે.

વાસ્તવમાં અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી નીમ કરેલી બાબાના ભક્ત છે. તેઓ તેમની પુત્રી વામિકા સાથે પણ કૈંચી ધામ ગયા હતા. તેથી આ ફિલ્મની સીકવલમાં અનુષ્કા અને વિરાટ કેમિયોમાં જોવા મળશે તેવી ચર્ચો જોર પકડયું છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

હૈદરાબાદમાં વિશ્વ કક્ષાની તીરંદાજી સ્પર્ધા

## દિપીકા કુમારી અને અતાનુ દાસ હૈદરાબાદમાં ચમકશે



(એજન્સી) હૈદરાબાદ । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે દેશના મધ્ય ભાગમાં આવેલા હૈદરાબાદ શહેરમાં આગામી આઠમી ઓક્ટોબરથી અઢારમી ઓક્ટોબર સુધી આર્ચરી પ્રીમિયર લીગની અત્યંત રોમાંચક બીજી સિઝનનો ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ભવ્ય સ્પર્ધામાં ભારત અને વિદેશના દિગ્ગજ ખેલાડીઓ એક જ મંચ પર પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરશે, જેના કારણે સમગ્ર દેશના ખેલપ્રેમીઓમાં ભારે ખુશી અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ આયોજનને સફળ બનાવવા માટે સ્થાનિક વહીવટી તંત્ર અને આયોજકો દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

દેશમાં તીરંદાજીની રમતમાં યુવાનોને વધુ તક મળે અને વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત બને તેવા હેતુસર આ વિશેષ લીગની શરૂઆત કરવામાં આવી છે. અગાઉની પ્રથમ સિઝનની અપાર સફળતા બાદ હવે આ બીજી સિઝનમાં રોમાંચ વધુ બેવડાયો છે. આ વખતે કુલ છ અલગ-અલગ ફ્રેન્ચાઈઝી વચ્ચે રોમાંચક મુકાબલા જોવા મળશે, જેમાં છત્રીસ ભારતીય અને બાર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ તમામ ખેલાડીઓની પસંદગી તેમની રાષ્ટ્રીય અને વૈશ્વિક રેન્કિંગના આધારે અત્યંત પારદર્શક રીતે કરવામાં આવી છે, જેથી સ્પર્ધામાં માત્ર ઉત્કૃષ્ટ પ્રતિભાઓ જ જોવા મળે.

આગામી મહાકુંભમાં ભારતના સૌથી પ્રતિષ્ઠિત અને ઓલમ્પિક ખેલાડીઓ મેદાન પર ઉતરવાના છે, જેમાં ચાર વખત ઓલમ્પિક રમી ચૂકેલા દિપીકા કુમારી, અનુભવી અતાનુ દાસ અને એશિયન ચેમ્પિયનધીરજ બોમ્માદેવારા રીકવ્વ સેક્શનમાં મુખ્ય આકર્ષણ રહેશે. આ ઉપરાંત, કમ્પાઉન્ડ વર્ગમાં જ્યોતિ સુરેખા વેન્નમ, અભિષેક વર્મા અને ઓજસ પ્રવીણ દેઓતલે પોતાના શાનદાર પ્રદર્શનથી મેદાન ગજવશે. વિદેશી ખેલાડીઓની વાત કરીએ તો, તુર્કીના ઓલમ્પિક ચેમ્પિયન મેતે ગાઝોઝ, અમેરિકાની કેસી કૌફહોલ્ડ અને બ્રાઝિલના માર્કસ ડી અલ્મેડા જેવા દિગ્ગજો પણ આ લીગની રોનક વધારશે.

**બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચમાં હારથી પાકિસ્તાન ટીમનું પ્રદર્શન નબળું પડ્યું**

# ઈંગ્લેન્ડે 3-0થી પાકિસ્તાની ક્રિકેટ ટીમમાં ચિંતા વધી

(એજન્સી) બર્મિંઘમ । તા. 13

ઈંગ્લેન્ડની ધરતી પર રમાયેલી અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ ત્રણ મેચોની ટેસ્ટ શ્રેણીની અંતિમ મેચમાં પાકિસ્તાની ટીમને શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો છે. બર્મિંઘમના પ્રખ્યાત એજબેસ્ટન મેદાન પર રમાયેલા આ મુકાબલામાં યજમાન ઈંગ્લેન્ડે આક્રમક રમત દાખવીને પાકિસ્તાનને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો અને આખી શ્રેણીમાં ત્રણ શૂન્યથી ક્લીન સ્વીપ કરી લીધું છે. આ શરમજનક હાર બાદ સમગ્ર પાકિસ્તાની ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે અને ટીમની ખરાબ રમત તેમજ નબળી રણનીતિ સામે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે.

આ સમગ્ર પ્રવાસ દરમિયાન પાકિસ્તાની બેટ્સમેનો અને બોલરોનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું. પ્રથમ બે ટેસ્ટ મેચોમાં પાકિસ્તાન ટીમ એક પણ ઈનિંગ્સમાં બેસો રનનો આંકડો પાર કરી શકી ન હતી, જેના કારણે ટીમ પર સતત દબાણ વધતું ગયું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે ટીમની આ પ્રકારે થયેલી કંગાળ રમતથી ખેલાડીઓનું મનોબળ તૂટી ગયું હતું અને ક્રિકેટ પ્રેમીઓમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. મેદાન પર ખેલાડીઓનો તાલમેલ



સાવ ખોરવાઈ ગયો હતો અને નિર્ણાયક ક્ષણો પર કેચ છોડવાની તેમજ ખરાબ ફિલ્ડિંગ કરવાની ભૂલો વારંવાર જોવા મળી હતી.

શ્રેણી ગુમાવ્યા બાદ પાકિસ્તાની કપ્તાન બાબર આઝમે મીડિયા અહેવાલ સમક્ષ પોતાની નિખાલસ વેદના વ્યક્ત કરી હતી. તેમણે સ્વીકાર્યું કે ટીમ મેનેજમેન્ટ, પસંદગીકારો અને કપ્તાને હવે ગંભીરતાથી સાથે બેસીને વર્તમાન સ્થિતિનું આકલન કરવું પડશે અને પોતાની ભૂલોમાંથી શીખીને એક અત્યંત મજબૂત પ્લેઈંગ ઈલેવન તૈયાર કરવી પડશે. બાબરે જણાવ્યું હતું કે આગામી સમયમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે અને ખેલાડીઓની ક્ષમતા મુજબ જ ટીમની રચના કરવામાં આવશે. અંતિમ ટેસ્ટ મેચમાં પાકિસ્તાનના બેટ્સમેનોએ અગાઉની મેચોની સરખામણીમાં સારો દેખાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. બીજી ઈનિંગ્સમાં ટીમએ ચારસો ઓગણપચાસ રનનો મોટો સ્કોર બનાવીને ઈંગ્લેન્ડ સામે એક સો ત્રીસ રનનો લક્ષ્યાંક મૂક્યો હતો, જેમાં પૂર્વ કપ્તાન શાન મસૂદે પંચાણું રનની યાદગાર ઈનિંગ રમી હતી, જ્યારે બાબર આઝમે છ્યોત્તેર રન અને અઝાન અવાસે ઓગણસાઠ રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, આ શ્રેણીનું સૌથી મોટું સકારાત્મક પાસું યુવા ઝડપી બોલર રજાઉલ્લાહનું ાનદાર પદાર્પણ સાબિત થયું હતું, પોતાની ધારદાર બોલિંગ અને વિસ્ફોટક બેટિંગના સહારે માત્ર ત્રેસઠ બોલમાં નવ છગ્ગા ફટકારીને એક્યાસી રનની આક્રમક ઈનિંગ રમીને સૌના દિલ જીતી લીધા હતા.

એક સો ત્રીસ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત પણ નબળી રહી હતી અને મોહમ્મદ અબ્બાસે પ્રારંભમાં જ બે વિકેટ ઝડપીને પાકિસ્તાનની જીતની આશા જગાવી હતી. પરંતુ ત્યારબાદ ઈંગ્લેન્ડે શાનદાર વાપસી કરતા જો રૂટ અને જોર્ડન કોકસે અણનમ ઈનિંગ્સ રમીને તમામ પ્રયાસો પર પાણી ફેરવી દીધું હતું. આ બંને ખેલાડીઓએ અણનમ ભાગીદારી નોંધાવીને ઈંગ્લેન્ડને આસાનીથી વિજય અપાવ્યો હતો.

# દિલ્હી કેપિટલ્સના ઝડપી બોલિંગ કોચ બન્યા ચામિન્ડા વાસ, ટીમનો નવો પ્રારંભ અને તૈયારીઓ શરૂ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે દેશની રાજધાની નવી દિલ્હી ખાતે આગામી ક્રિકેટ ઋતુને ધ્યાનમાં રાખીને દિલ્હી કેપિટલ્સ ફ્રેન્ચાઈઝી દ્વારા પોતાના કોચિંગ સ્ટાફમાં અત્યંત મહત્વપૂર્ણ અને મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેના ભાગરૂપે શ્રીલંકાના મહાન અને પૂર્વ ઝડપી બોલર ચામિન્ડા વાસને ટીમ સાથે જોડવામાં આવ્યા છે. આ વિશેષ આયોજન અંતર્ગત ફ્રેન્ચાઈઝીએ આગામી પ્રીમિયર લીગની તૈયારીઓ અત્યારથી જ પૂરજોશમાં શરૂ કરી દીધી છે, જેથી ગત વર્ષની નિરાશાજનક કામગીરી પાછળ છોડીને એક અત્યંત મજબૂત અને વિજેતા ટીમ મેદાન પર ઉતારી શકાય. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરે લાંબો અનુભવ ધરાવતા આ દિગ્ગજ ખેલાડીના આગમનથી ખેલાડીઓનું મનોબળ ખૂબ જ ઊંચું આવી ગયું છે અને પ્રશંસકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગત વર્ષે રમાયેલી સ્પર્ધા દરમિયાન દિલ્હી ટીમનું પ્રદર્શન અપેક્ષિત ન રહેવાના કારણે અને ટીમ પ્લેઓફ સુધી પહોંચવામાં નિષ્ફળ સાબિત થવાથી ફ્રેન્ચાઈઝી મેનેજમેન્ટે ગંભીર ચિંતન કરીને કોચિંગ માળખામાં આમૂલ પરિવર્તન કરવાનો મોટો નિર્ણય લીધો છે. અગાઉના પ્રદર્શનની નબળાઈઓને સુધારવા અને યુવા ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા માટે અનુભવી દિગ્ગજોને જવાબદારી સોંપવામાં આવી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફ્રેન્ચાઈઝીએ હજુ સુધી આ નિમણૂક અંગે સત્તાવાર જાહેરાત નથી કરી, પરંતુ વિશ્વસનીય સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચામિન્ડા વાસ દિલ્હીમાં યોજાઈ રહેલા વિશેષ પ્રશાસકીય કેમ્પ અને ટ્રાયલ સેશન સાથે સત્તાવાર રીતે જોડાઈ ચૂક્યા છે અને



પોતાની જવાબદારીઓ પણ સંભાળી લીધી છે.

પાવરફુલ બોલિંગ આક્રમણને નવી દિશા આપવા માટે એકાવન વર્ષીય ચામિન્ડા વાસ પોતાની સાથે ભીષણ આંતરરાષ્ટ્રીય અનુભવ લઈને આવ્યા છે, જેઓ શ્રીલંકાના સૌથી સફળ અને વિખ્યાત ઝડપી બોલરોમાં ગણાય છે. પોતાના શાનદાર ક્રિકેટ જીવન દરમિયાન તેમણે એક સો અગિયાર ટેસ્ટ મેચો અને ત્રણ સો બાવીસ એકદિવસીય આંતરરાષ્ટ્રીય મુકાબલાઓ રમીને અનુક્રમે ત્રણ સો પંચાવન અને ચાર સો વિકેટો ઝડપવાનો અદ્ભુત વિક્રમ બનાવ્યો છે. એટલું જ નહીં, તેઓ સત્તાણું ના વિજયી વિશ્વ કપ અભિયાનના પણ મુખ્ય અને અનિવાર્ય સભ્ય રહ્યા હતા, અને રમતમાંથી નિવૃત્તિ લીધા બાદ પણ તેમણે વિવિધ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ફ્રેન્ચાઈઝી સ્તરે કોચિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે, જેનો સીધો લાભ હવે દિલ્હીના યુવા ઝડપી બોલરોને મળવાની પૂરી સંભાવના છે.

## લદાખ મેરેથોનમાં 8 હજારથી વધુ દોડવીરોએ ઉત્સાહભેર લીધો ભાગ

**નવીન સ્પર્ધાઓ દ્વારા દેશના યુવાનોને મળશે નવી દિશા**



(એજન્સી) લેહ । તા. 13

દેશના ઉચ્ચ પર્વતીય પ્રદેશ અને કુદરતી સૌંદર્યથી ભરપૂર લેહ ખાતે રવિવારના રોજ રમતગમતની દુનિયામાં એક અત્યંત રોમાંચક અને ઐતિહાસિક પ્રકરણ ઉમેરાયું છે, જ્યાં લદાખ મેરેથોનની તેરમી સિઝનનો ભવ્ય પ્રારંભ થયો છે. મીડિયા અહેવાલ મુજબ, આ ભવ્ય આયોજનમાં દેશ-વિદેશના ખૂણે-ખૂણેથી આવેલા આઠ હજારથી વધુ ઉત્સાહી દોડવીરોએ એક જ મંચ પર એકત્ર થઈને પોતાની કઠિન ક્ષમતા અને સાહસિકવૃત્તિનું અદ્ભુત પ્રદર્શન કર્યું છે. આજના આ વિશેષ અવસરે લદાખના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ સત્તાવાર રીતે બે ચોવીસ કિલોમીટરની ફૂલ મેરેથોન અને એકવીસ કિલોમીટરની હાફ મેરેથોનને ઉત્સાહભેર પ્રસ્થાન કરાવ્યું હતું, જેના કારણે સમગ્ર પર્વતીય વિસ્તારમાં ખેલપ્રેમીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ચારેય બાજુ વિજયી નાદ ગૂંજી ઉઠ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય પર્વતીય ક્ષેત્રોમાં સાહસિક રમતોને પ્રોત્સાહન આપવા અને યુવાનોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી આ મેરેથોનનું આયોજન વર્ષોથી કરવામાં આવી રહ્યું છે. અગાઉના સમયમાં આ ક્ષેત્રે મર્યાદિત સગવડો હોવા છતાં ખેલાડીઓનો ઉત્સાહ હંમેશાં અકબંધ રહ્યો છે, અને હવે આધુનિક વ્યવસ્થાઓ તથા વહીવટી તંત્રના સહયોગથી આ સ્પર્ધા વૈશ્વિક સ્તરે એક પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. મીડિયા અહેવાલ અનુસાર, ઊંચા પહાડો અને ઓછી ઓક્સિજનની માત્રા જેવા પડકારો વચ્ચે દોડવું કોઈપણ ખેલાડી માટે લોઢાના ચણા ચાવવા સમાન હોય છે, પરંતુ રમતવીરોએ પોતાની અડગ શ્રદ્ધા અને આત્મવિશ્વાસના બળે આ મુશ્કેલ માર્ગો પર વિજય મેળવ્યો છે. આ ભવ્ય આયોજનના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ખેલાડીઓનો હોંસલો વધાર્યો હતો.

ભારતીય ગોલ્ફ સ્પર્ધામાં વિરાજ મડાપ્પાની અદભુત સફળતા

## ચેન્નઈ ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટમાં વિરાજ મડાપ્પાનો ઐતિહાસિક વિજય




(એજન્સી) ચેન્નઈ । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે દક્ષિણ ભારતના પ્રખ્યાત મહાનગર ચેન્નઈ ખાતે રમાયેલી રોમાંચક ચેન્નઈ ઓપન ગોલ્ફ ટૂર્નામેન્ટમાં કોલકાતાના પ્રતિભાશાળી ખેલાડી વિરાજ મડાપ્પાએ અંતિમ ચરણમાં શાનદાર વાપસી કરતા એક કરોડ રૂપિયાની આ સ્પર્ધા પોતાના નામે કરી લીધી છે અને સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે. સ્થાનિક કોસ્મો ગોલ્ફ કોર્સના મેદાન પર રમાયેલા આ આખરી મુકાબલામાં અઠ્યાવીસ વર્ષીય વિરાજે અતિશય દબાણ વચ્ચે પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને ઉપસ્થિત તમામ ખેલપ્રેમીઓ અને વિશેષજ્ઞોના દિલ જીતી લીધા છે, જેના કારણે આજે ચારેય બાજુ તેમના નામની ચર્ચા થઈ રહી છે.

દેશમાં ગોલ્ફની રમતમાં યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉના રાઉન્ડ્સ દરમિયાન ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી અને વિરાજે અંતિમ દિવસે મેદાન પર ઉતરતી વખતે અગાઉના અગ્રણી ખેલાડી સામે ત્રણ શૉટની ખાધ પૂરી કરવાની મોટી ચુનોતીનો સામનો કરવાનો હતો.

**યુએસ ઓપન ફાઇનલ જર્મનીના ખેલાડી**


વિકાસના પંથે અગ્રેસર રહેલી રમતગમતની દુનિયા

## અલેક્ઝાન્ડર ઝવેરેવ અને અમેરિકાના પ્રતિભાશાળી બેન શેલટન વચ્ચે રમાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે અમેરિકાના પ્રખ્યાત મહાનગર ન્યૂ યોર્ક ખાતે આજરોજ એક અત્યંત રોમાંચક અને ઐતિહાસિક ટેનિસ મહાસંગ્રામનો ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે, જેમાં વિશ્વભરના ખેલપ્રેમીઓની નજર ટકેલી છે. રવિવારે રમાનારી આ નિર્ણાયક ફાઈનલ મેચમાં જર્મનીના દિગ્ગજ અને શીર્ષ ક્રમાંકિત ખેલાડી અલેક્ઝાન્ડર ઝવેરેવ અને અમેરિકાના યુવા તથા આક્રમક ખેલાડી બેન શેલટન વચ્ચે ખરાખરીનો જંગ જામશે. મીડિયા અહેવાલ મુજબ, આ મુકાબલાને નિહાળવા માટે સ્ટેડિયમમાં હજારો દર્શકો ઉપસ્થિત રહેશે અને વૈશ્વિક સ્તરે કરોડો લોકો તેનું લાઇવ પ્રસારણ નિહાળશે.

વર્ષ બે હજાર છવીસ દરમિયાન આંતરરાષ્ટ્રીય ટેનિસ જગતમાં અનેક ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે, જેમાં બંને ફાઈનલિસ્ટે પોતાની ઉત્કૃષ્ટ રમતથી સૌને પ્રભાવિત કર્યા છે. અલેક્ઝાન્ડર ઝવેરેવે આ વર્ષે અત્યંત શાનદાર પ્રદર્શન કરતા ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધાઓમાં સતત શાનદાર સફળતાઓ મેળવી છે અને છ વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર ફ્લશિંગ મિડોઝની અંતિમ લડાઈમાં પ્રવેશ કર્યો છે. બીજી બાજુ, યુવા ખેલાડી બેન શેલટને પોતાના પિતાના માર્ગદર્શન હેઠળ કમાલની રમત દાખવીને ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ જેવી અત્યંત અઘરી મેચોમાં દિગ્ગજ ખેલાડીઓને



હરાવીને પહેલીવાર ગ્રાન્ડ સ્લેમની ફાઈનલ સુધીની સફર ખેડી છે. જો શેલટન આ મુકાબલો જીતી જશે, તો તે ઈતિહાસ રચશે.

આ મહામુકાબલા અગાઉ બંને ખેલાડીઓ વચ્ચે અગાઉ પાંચ વખત મુકાબલા થઈ ચૂક્યા છે, જેમાં અલેક્ઝાન્ડર ઝવેરેવે પાંચેય વખત વિજય મેળવીને પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. ગત વર્ષે એટીપી ફાઈનલ્સ, સિન્સિનાટી માસ્ટર્સ અને સ્ટટગાર્ટ ઓપન જેવી સ્પર્ધાઓમાં ઝવેરેવે શેલટનને સખત ટક્કર આપીને પરાજય આપ્યો હતો, પરંતુ વર્તમાન ફોર્મને જોતા શેલટન પણ આ વખતે કોઈ મોટી ઉથલપાથલ કરવા માટે પૂરી રીતે તૈયાર દેખાઈ રહ્યો છે. આ મેચ ભારતીય સમય અનુસાર રવિવારે રાત્રે અગિયાર વાગ્યા પછી શરૂ થશે, જેનું જીવંત પ્રસારણ અધિકૃત ટેલિવિઝન અને ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે. આ વૈશ્વિક સ્પર્ધામાં વિજેતા બનનાર ખેલાડીને પાંચ કરોડ પચાસ લાખ ડૉલર જેટલી મસમોટી ઈનામી રકમ પ્રાપ્ત થશે.

**સ્પેનને હરાવી અમેરિકા ટાઇટલ જંગમાં પહોંચ્યું**

## મહિલા બાસ્કેટબોલ વિશ્વ કપ ચેમ્પિયન અમેરિકા ફાઇનલમાં પ્રવેશ્યું

(એજન્સી) વાશિંગ્ટન । તા. 13



રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે શનિવારના રોજ રમાયેલી મહિલા બાસ્કેટબોલ વિશ્વ કપની અત્યંત રોમાંચક સેમિફાઈનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન યુનાઈટેડ સ્ટેટ્સની ટીમે શાનદાર પ્રદર્શન કરતા સ્પેનની ટીમને છ્યોતેર વિરુદ્ધ છાણસઠ પોઈન્ટથી પરાજય આપીને ફાઈનલ મુકાબલામાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. મીડિયા અહેવાલ મુજબ, આ મુકાબલામાં શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, પરંતુ અંતિમ ચરણમાં અનુભવી ખેલાડીઓના દમ પર અમેરિકી ટીમે મેચને પોતાના પક્ષમાં વાળી લીધી હતી અને પ્રશંસકોના દિલ જીતી લીધા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે બાસ્કેટબોલની રમતમાં સર્વોચ્ચ સ્થાન ધરાવતી અમેરિકી ટીમે અત્યાર સુધી સતત ચાર વખત વિશ્વ ખિતાબ પોતાના નામે કર્યા છે અને આ વર્ષે પણ તેઓ ટાઇટલ જાળવી રાખવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે. અગાઉની લીગ મેચોમાં પણ આ ટીમે શાનદાર વિજયો મેળવ્યા હતા, પરંતુ સ્પેન સામેની આ મેચમાં તેમને શરૂઆતમાં ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. વિરોધી ટીમની આક્રમક રમત અને મજબૂત રક્ષણાત્મક દીવાલના કારણે મેચ ખૂબ જ રોમાંચક બની ગઈ હતી, જેને જોવા માટે સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં ખેલપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેચની શરૂઆતમાં સ્પેનિશ ખેલાડીઓએ આક્રમક શરૂઆત કરીને નવ વિરુદ્ધ એક પોઈન્ટની સરસાઈ મેળવી લીધી હતી.

**ફૂટબોલ** // મેસીનો જાદુ ચાલ્યો ઇન્ટર મિયામી ડ્રો રમ્યું, મેસીનો જાદુ ચાલ્યો

# મેસીના શાનદાર ગોલથી મિયામી મેચ બચાવી શક્યું

(એજન્સી) મિયામી । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે અમેરિકન ફૂટબોલ લીગની એક અત્યંત રોમાંચક મેચ રમાઈ હતી, જેમાં ફૂટબોલ જગતના મહાન ખેલાડી લિયોનેલ મેસીએ શાનદાર પ્રદર્શન કરીને પોતાની ટીમને હારથી બચાવી લીધી હતી અને નેશવિલ સામેની આ મુકાબલો બે-બેની બરાબરી પર સમાપ્ત થયો હતો. શનિવારે રાત્રે રમાયેલી આ મેચમાં બંને ટીમો વચ્ચે અત્યંત કાંટાની ટક્કર જોવા મળી હતી, જેના કારણે સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો દર્શકો રોમાંચથી ઝૂમી ઉઠ્યા હતા અને ખેલપ્રેમીઓમાં ભારે ખુશીનું વાતાવરણ છવાઈ ગયું હતું.

આ સિઝન દરમિયાન ઈન્ટર મિયામી ટીમનું પ્રદર્શન મિશ્ર રહ્યું છે અને અગાઉની મેચોમાં નેશવિલ સામે તેમને પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે આ મુકાબલો જીતવો ટીમ માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયો હતો. પોઈન્ટ ટેબલની સ્થિતિ પર નજર કરીએ તો નેશવિલ ટીમ પ્રથમ સ્થાને



અકબંધ રહી છે જ્યારે મિયામી બીજા ક્રમે છે. મેચની શરૂઆતથી જ બંને પક્ષના ખેલાડીઓએ આક્રમક રમત દાખવીને એકબીજા પર દબાણ બનાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો, જેથી મેચનો માહોલ વધુ તંગ અને રોમાંચક બની ગયો હતો.

મેચના પ્રારંભિક ચરણમાં જ નેશવિલના ખેલાડીઓએ શાનદાર પાસ દ્વારા પહેલો ગોલ કરીને લીડ મેળવી લીધી હતી, પરંતુ થોડી મિનિટો બાદ વિરોધી ખેલાડીની ભૂલના કારણે મિયામીને આત્મઘાતી ગોલનો ફાયદો મળ્યો હતો અને સ્કોર બરાબરી પર આવી ગયો હતો. બીજાર્ધની રમત શરૂ થતાની સાથે જ લિયોનેલ મેસીએ પોતાની આગવી કુશળતા બતાવતા પેનલ્ટી એરિયાની બહારથી ડાબા પગથી એક અત્યંત શક્તિશાળી અને સચોટ પ્રહાર કર્યો હતો, જે સીધો જ ગોલપોસ્ટના ખૂણામાં સમાઈ ગયો હતો અને આ સિઝનનો તેનો ઓગણિસમો ગોલ બની ગયો હતો. આ અદભુત ગોલની મદદથી મિયામીએ મેચમાં બે-એક ની સરસાઈ મેળવી લીધી હતી અને જીત તરફ આગળ વધી રહી હતી. મેચના અંતિમ ચરણમાં જ્યારે સૌ કોઈ મિયામીની જીતની આશા લગાવીને બેઠા હતા, ત્યારે ઈન્જરી ટાઈમની પહેલી જ મિનિટમાં નેશવિલે શાનદાર વાપસી કરતા વધુ એક ગોલ ફટકારી દીધો હતો અને સ્કોર બે-બેની બરાબરી પર લાવી દીધો હતો. આ રોમાંચક ડ્રો પરિણામના કારણે નેશવિલે પોઈન્ટ ટેબલમાં પોતાની પકડ મજબૂત બનાવી રાખી છે અને મિયામી સામેની પોતાની અપરાજિત શ્રેણી પણ જાળવી રાખી છે. મેસીના આ ચમત્કારિક પ્રદર્શનથી ખેલપ્રેમીઓનું ભરપૂર મનોરંજન થયું હતું અને આગામી દિવસોમાં આ ટૂર્નામેન્ટ વધુ રસપ્રદ બને તેવી પૂરી સંભાવના દેખાઈ રહી છે.

**કતાર ક્લાસિક સ્ક્વોશ, અનાહત સિંઘનો વિજય**

# અનાહત સિંઘ કતાર ક્લાસિકના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી

(એજન્સી) દોહા । તા. 13

રમતગમતની દુનિયામાં ઉત્સાહ અને રોમાંચ વધારવા માટે કતારની રાજધાની દોહા ખાતે આજરોજ એક અત્યંત રોમાંચક અને પ્રતિષ્ઠિત કતાર ક્લાસિક સ્ક્વોશ સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ થયો છે, જેમાં ભારતની યુવા અને પ્રવીણ ખેલાડી અનાહત સિંઘે શાનદાર પ્રદર્શન કરીને આગેકૂચ કરી છે. શનિવારે રમાયેલા આ મુકાબલામાં ભારતીય સ્ટારે પોતાની વિરોધી ખેલાડીને હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે, જેના કારણે સમગ્ર દેશના ખેલપ્રેમીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે અને ચારેય તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.



આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ક્વોશની રમતમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ વૈશ્વિક પ્લેટફોર્મ પર દેશના ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. કતાર ક્લાસિક એ વ્યાવસાયિક સ્ક્વોશ સંસ્થાની પ્લેટિનમ સ્તરની અત્યંત મહત્વપૂર્ણ સ્પર્ધા છે, જેમાં વિશ્વભરના દિગ્ગજ ખેલાડીઓ ભાગ લે છે. અગાઉના મુકાબલાઓ દરમિયાન પણ ભારતીય ખેલાડીઓએ સખત મહેનત કરી છે, પરંતુ તાજેતરની આ જીતે દેશનું ગૌરવ અનેક ગણું વધારી દીધું છે અને યુવા ખેલાડીઓ માટે પ્રેરણા પૂરી પાડી છે. આજે રમાયેલી અત્યંત રોમાંચક મેચમાં અનાહત સિંઘે મિસરની પ્રતિભાશાળી ખેલાડી ફરીદા મોહમ્મદ સામે ચાર ગે મ સુધી ચાલેલા સંઘર્ષ બાદ તેર-અગિયાર, ત્રણ-અગિયાર, અગિયાર-સાત અને અગિયાર-સાતથી વિજય પ્રાપ્ત કર્યો હતો. આ વિજય સાથે જ અનાહત પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે, જ્યાં તેનો મુકાબલો બેલ્જિયમની શીર્ષ ક્રમાંકિત અને વિશ્વના નવમા ક્રમની ખેલાડી ટિને ગિલિસ સામે થશે. બીજી બાજુ, આ જ સ્પર્ધામાં અન્ય ભારતીય ખેલાડીઓ અભય સિંઘ અને વીર ચોત્રાણીને પોતાના પ્રથમ રાઉન્ડના મુકાબલામાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેઓ સ્પર્ધામાંથી બહાર થઈ ગયા છે.

## મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે 50 મિનિટની ઐતિહાસિક દ્વિપક્ષીય બેઠક યોજાઈ

# માનવતાના ભલા માટે ચીન-ભારતે એક થવું જરૂરી : જિનપિંગ



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતના અધ્યક્ષપદે નવી દિલ્હી ખાતે યોજાઈ રહેલા બ્રિક્સ (BRICS) સંમેલન પૂર્વે રાજકીય દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાતી બેઠક યોજાઈ છે. ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષના લાંબા અંતરાલ બાદ શનિવારે ભારત આવ્યા હતા. બ્રિક્સ સંમેલનની શરૂઆત પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે ભારત મંડપમ્ ખાતે ૫૦ મિનિટ સુધી વિસ્તૃત દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચીનના પ્રમુખ શી જિનપિંગે ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, સમગ્ર માનવજાતના ભલા અને કલ્યાણ માટે ચીન અને ભારતનું એક થવું અત્યંત આવશ્યક છે.

પૂર્વીય લદાખમાં ગલવાન ઘાટીની હિંસા બાદ વડાપ્રધાન મોદી અને જિનપિંગ વચ્ચે આ પહેલી સીધી દ્વિપક્ષીય બેઠક યોજાઈ છે, જે બંને દેશોના સુધરતા સંબંધો તરફ ઈશારો કરે છે. બેઠક દરમિયાન જિનપિંગે જણાવ્યું હતું કે 'ગ્રેટર બ્રિક્સ સહયોગ' અંતર્ગત ઉચ્ચ ગુણવત્તાવાળા વિકાસ માટે ભારત અને બંને દેશોએ સાથે મળીને કામ કરવું પડશે. બંને દેશો એકબીજાની ખૂબીઓ અને ક્ષમતાઓમાંથી શીખીને સંયુક્ત વિકાસ સાધી શકે છે. ચીન ભારત સાથેના પોતાના સંબંધોને રણનીતિક અને લાંબાગાળાની દીર્ઘદ્રષ્ટિથી જુએ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે બંને દેશોએ પોતાના પરસ્પરના મતભેદોને ક્યારેય વિવાદ કે અવરોધ બનવા દેવા જોઈએ નહીં.

વિદેશ મંત્રાલય દ્વારા આ બેઠક અંગે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન અનેક મહત્વના મુદ્દાઓ પર સકારાત્મક સહમતિ સધાઈ છે. જેમાં સરહદ વિવાદનો નિષ્પક્ષ, વાજબી અને પરસ્પર સ્વીકૃત કાયમી સમાધાન શોધવા, વ્યાપારિક તથા સાંસ્કૃતિક સંબંધોને વધુ વેગ આપવા, બંને દેશોના નાગરિકો વચ્ચેના પારસ્પરિક સંબંધો સુધારવા તેમજ આર્થિક તથા વ્યાપારિક ચિંતાઓનું યોગ્ય નિરાકરણ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, બ્રિક્સ સંમેલનને સંબોધતા શી જિનપિંગે વર્તમાન મુશ્કેલ આંતરરાષ્ટ્રીય વાતાવરણ અને વૈશ્વિક પડકારોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ચીન અને ભારત દુનિયાના બે સૌથી વધુ વસતી ધરાવતા દેશો તેમજ 'ગ્લોબલ સાઉથ'ના અત્યંત મહત્વપૂર્ણ સભ્યો હોવાના નાતે વૈશ્વિક સ્તરે મોટી જવાબદારી નિભાવે છે. તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે આ યુદ્ધના કારણે તમામ ખાડી દેશોને નુકસાન થયું છે અને ચીન પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે બ્રિક્સ સંગઠન સાથે મળીને કામ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

## 11 વર્ષ રહેવું અને જૂની નાગરિકતા છોડવી પડશે તેમ જણાવ્યું

# ભારતમાં નાગરિકતા માટેના નિયમો પર ઈલોન મસ્કની ટિપ્પણી ચર્ચામાં




(એજન્સી) કોલકાતા । તા. 13

કોલકાતા આવેલ એક આઈરિશ પ્રવાસીએ ભારતમાં રહેવા અને નાગરિકતા મેળવવાનો સમય જાણવા ઈલોન મસ્કના કૃત્રિમ બુદ્ધિમત્તા ચેટબોટ ગ્રોકને સવાલ પૂછ્યો હતો. ગ્રોકે તેના જવાબમાં જણાવ્યું કે ભારતીય નાગરિકતા મેળવવા માટે અરજી કરતા પહેલાંના વર્ષમાંથી ઓછામાં ઓછા અગિયાર વર્ષ ભારતમાં રહેવું અનિવાર્ય છે અને અરજીના બાર મહિના અગાઉ સતત ભારતમાં જ રહેવું પડે છે. આ સાથે ગ્રોકે સ્પષ્ટ કર્યું કે ભારત બેવડી નાગરિકતા સ્વીકારતું નથી, જેથી વિદેશી નાગરિકે પોતાની જૂની નાગરિકતા સરેન્ડર કરવી પડે છે અને નાગરિકતા મળવી સરકારની મંજૂરી પર નિર્ભર છે.

આ આખી વાતચીત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરવામાં આવ્યા બાદ ઈલોન મસ્કે તેના પર પ્રતિક્રિયા આપતા માત્ર બે જ શબ્દો લખ્યા કે ભારત વાસ્તવિકતા દર્શાવે છે. મસ્કના આ ટૂંકા અને સચોટ જવાબથી સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જાગી છે. કેટલાક યુઝર્સે આ પ્રતિક્રિયાને ભારતની કડક નીતિઓ સાથે જોડીને જોઈ છે, તો કેટલાકે તેને કાયદાકીય વાસ્તવિકતા ગણાવી છે. ગ્રોક દ્વારા આપવામાં આવેલી આ માહિતી ભલે સામાન્ય જાણકારી માટે હોય, પરંતુ તેનાથી વિદેશી નાગરિકો માટે ભારતીય નાગરિકતાના જટિલ કાયદાઓ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

ભારતમાં કોઈપણ વિદેશી નાગરિક માટે નાગરિકતા મેળવવી સરળ નથી. માત્ર લાંબા સમય સુધી દેશમાં રહેવું એ નાગરિકતાની કોઈ ગેરંટી નથી બનતી. તેના માટે કાયદાકીય પ્રક્રિયાઓ, સરકારી મંજૂરી અને દેશના બંધારણ મુજબ નક્કી કરેલા ધોરણોનું કડકપણે પાલન કરવું પડે છે. તંત્ર દ્વારા દરેક અરજીની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવે છે અને ત્યારબાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

સોશિયલ મીડિયા પર હાલમાં ટેક્નોલોજી દિગ્ગજ એલોન મસ્ક અને તેમના AI ચેટબોટ 'ગ્રોક' (Grok) સાથે જોડાયેલી એક રસપ્રદ ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. કોલકાતાની મુલાકાતે આવેલા એક આઈરિશ નાગરિકે ભારતીય નાગરિકતા મેળવવાની પ્રક્રિયા અને તેનો સમયગાળો જાણવા માટે ગ્રોકને સવાલ કર્યો હતો. ગ્રોક દ્વારા આપવામાં આવેલા કડક અને વાસ્તવિક જવાબ પર ખુદ એલોન મસ્કે ટિપ્પણી કરતા માત્ર એટલું જ લખ્યું હતું કે, "India is Realistic." મસ્કના આ બે શબ્દોના જવાબે દુનિયાભરના સોશિયલ મીડિયા યૂઝર્સનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે.

એક આઈરિશ વ્યક્તિ પોતાની પત્ની અને બે બાળકો સાથે પ્રવાસ અર્થે કોલકાતા આવ્યો હતો. ભારતમાં લાંબો સમય વિતાવ્યા બાદ તેના મનમાં પ્રશ્ન ઉદ્દભવ્યો કે જો કોઈ વિદેશીને ભારતમાં કાયમી વસવાટ કરવો હોય અને નાગરિકતા મેળવવી હોય, તો તેની પ્રક્રિયા શું છે અને કેટલો સમય લાગે છે? આ અંગે તેણે એલોન મસ્કના એઆઈ ચેટબોટ ગ્રોકને સવાલો પૂછ્યા હતા. જેમાં નાગરિકતા ઉપરાંત સરકારી મદદ અને પ્રોપર્ટી ખરીદવાના નિયમો વિશે પણ પૂછપરછ કરવામાં આવી હતી.

### ભારતની નાગરિકતા સરળ નથી

આ સમગ્ર મામલે ઈલોન મસ્કના બે શબ્દોની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે, પરંતુ હકીકતમાં આયરિશ વ્યક્તિએ ભારતની નાગરિકતા અંગે સવાલ પૂછ્યો છે. ભારતમાં કોઈ વિદેશી નાગરિકને નાગરિકતા મેળવવી હોય તો ઘણા કાયદાકીય રસ્તા છે. માત્ર ઘણાં સમય સુધી ભારતમાં રહેવું તે નાગરિકતા માટેની ગેરંટી નથી. તેના માટે કેટલીક કાયદાકીય શરતો પણ ધ્યાને રાખવી પડે અને અંતિમ નિર્ણય તંત્ર કરે છે. તેના માટે ગ્રોકના જવાબને કાયદાકીય સલાહ ન ગણી શકાય, તેને માત્ર સામાન્ય જાણકારી તરીકે ગણવું જોઈએ

## ન્યૂઝ બ્રીફ

### હોર્મુઝના નવા એન્ટ્રી-એક્ઝિટ રુટ પર ઈરાન-ઓમાન સંમત



તેહરાન | મિડિલ-ઈસ્ટમાં અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ જળડમરૂમધ્ય મુદ્દે ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના સુરક્ષિત આવાગમન માટે નવા એન્ટ્રી અને એક્ઝિટ રૂટ્સ પર સહમતિ સધાઈ ચૂકી છે. આ નવો રૂટ સંપૂર્ણપણે ઈરાનના પ્રાદેશિક સમુદ્રી ક્ષેત્રમાં આવશે અને તે માત્ર ઈરાનની કડક શરતો તથા વ્યવસ્થાઓના આધીન જ સંચાલિત થશે. જોકે, આ નવી વ્યવસ્થાથી યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) અને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને કોઈ ખાસ રાહત કે ફાયદો થવાનો નથી, કારણ કે આ સિસ્ટમ લાગુ થયા પછી પણ હોર્મુઝનો દક્ષિણ માર્ગ સંપૂર્ણપણે બંધ જ રહેશે, જ્યારે અમેરિકા લાંબા સમયથી આ માર્ગને ખોલવાની માંગ કરી રહ્યું છે. ઈરાની વાર્તાકાર દળના નજીકના સૂત્રએ જણાવ્યું છે કે બંને દેશો વચ્ચે ઓગસ્ટના અંતમાં આખરી બેઠક યોજાઈ હતી, ત્યારબાદ ટેકનિકલ અને કૂટનીતિક ચર્ચાઓના લાંબા દોરના અંતે આ સમજૂતીને આખરી ઓપ આપવામાં આવ્યો છે. હવે સોમવારે ઓમાનની રાજધાની મસ્કતમાં ખાડી તટીય દેશોના વિદેશ મંત્રીઓની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે.

### પેરિસમાં નવનિર્મિત હિન્દુ મંદિર ખાતે વૈશ્વિક સાંસ્કૃતિક ઉત્સવ



પેરિસ | ફ્રાન્સની રાજધાની પેરિસ નજીક આવેલા બુસી-સેંટ-જ્યોર્જેસ શહેરમાં સ્થિત નવનિર્મિત ભવ્ય સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં દસ સપ્ટેમ્બર બે હજાર છવીસના રોજ એક ઐતિહાસિક અને ગૌરવવંતા સાંસ્કૃતિક મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. યુનેસ્કો સંસ્થા સાથે જોડાયેલા ત્રણેય ખંડો અને વિવિધ દેશોના પચાસથી વધુ રાજદૂતો તેમજ ઉચ્ચ પ્રતિનિધિઓએ એક જ મંચ પર એકત્ર થઈને ભારતીય સભ્યતા અને કલાના અદ્ભુત દર્શન કર્યા હતા. આ ભવ્ય સમારોહમાં સાંસ્કૃતિક આદાનપ્રદાન અને પરસ્પર સદ્દભાવનાના પ્રતીક તરીકે વિવિધ રાષ્ટ્રોના દિગ્ગજોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય વારસા અને સનાતન સંસ્કૃતિને વૈશ્વિક ઓળખ અપાવવાના અભિયાન અંતર્ગત ફ્રાન્સમાં આ અત્યાધુનિક અને કલાત્મક મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અગાઉના સમયમાં વિદેશી ધરતી પર ભારતીય શિલ્પકળાને પ્રદર્શિત કરવા માટે મર્યાદિત અવસરો મળતા હતા, પરંતુ હવે આધુનિક યુગમાં વૈશ્વિક સ્તરે સાંસ્કૃતિક સંવાદને પ્રોત્સાહન મળી રહ્યું છે.

## જાવા સમુદ્રમાં વિર્ગો ટ્રાન્સપોર્ટ 8 ફેરી સાથે ગંભીર અકસ્માત સર્જાયો

# ઇન્ડોનેશિયામાં જાવા સમુદ્રમાં વિર્ગો ટ્રાન્સપોર્ટ 8 ફેરી દુર્ઘટનાગ્રસ્ત

(એજન્સી) જકાર્તા । તા. 13

ઈન્ડોનેશિયાના જાવા સમુદ્રમાં ખરાબ હવામાનના કારણે બેસો ત્રેતાલીસ મુસાફરોને લઈ જતી એક પેસેન્જર ફેરી દુર્ઘટનાગ્રસ્ત થઈ છે, જેમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે એકસો બે મુસાફરોનો સફળતાપૂર્વક બચાવ કરવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયાની સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સીના જણાવ્યા અનુસાર, આ જહાજ પર કુલ બેસો ત્રેતાલીસ લોકો સવાર હતા અને ખરાબ હવામાનના કારણે તેનો સંપર્ક તૂટી ગયો હતો, જેના પગલે બાકીના ગુમ થયેલા મુસાફરોની શોધખોળ માટે વ્યાપક રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

આ દુર્ઘટનાગ્રસ્ત ફેરી સુરાબાયાથી રવાના થઈને સાઉથ કાલિમંતન રાજ્યના બાંઝારમાસિન શહેરમાં જઈ રહી હતી. છેલ્લી માહિતી અનુસાર તે બાંઝારમાસિનથી લગભગ એકસો પચાસ કિલોમીટર દક્ષિણમાં હતી. ઓપરેટર પીટી વિર્ગો દ્વારા રવિવારે સવારે ચાર વાગને દસ મિનિટે પ્રથમ કટોકટી અહેવાલ પ્રાપ્ત થયો હતો. આ જહાજે શનિવારે દસ વાગને તેત્રીસ મિનિટે સુરાબાયાથી પ્રયાણ કર્યું હતું અને રવિવારે બપોરે બે વાગ્યે બાંઝારમાસિન પહોંચવાનું નિર્ધારિત હતું, પરંતુ દરિયામાં અચાનક સર્જાયેલી ખરાબ પરિસ્થિતિના કારણે આ દુર્ઘટના ઘટી હતી.

આ ગંભીર દુર્ઘટના બાદ ઈન્ડોનેશિયાની સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી, નૌકાદળ, મેરિટાઈમ પોલીસ અને અન્ય સંબંધિત વિભાગો દ્વારા એક સંયુક્ત ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ઘટનાસ્થળે અનેક જહાજો અને હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ જાવા સમુદ્રના આ વિસ્તારમાંથી પસાર થતા અન્ય તમામ જહાજોને પણ એલર્ટ કરીને મુસાફરોના કોઈ ચિહ્નો દેખાય તો તાત્કાલિક જાણ કરવા સૂચના અપાઈ છે. બાંઝારમાસિનના ત્રિસક્તિ પોર્ટ વિસ્તારમાં આ દુર્ઘટનાને સંભાળવા માટે એક વિશેષ ઓપરેશન્સ પોસ્ટ પણ શરૂ કરવામાં આવી છે.



બંઝારમાસિન અને સુરાબાયાના બંદરો પર પોતાના સ્વજનોની રાહ જોઈ રહેલા પરિવારજનોમાં ભારે ચિંતા અને આતુરતા જોવા મળી રહી છે. ઘણા પરિવારજનો પોતાના સગા-સંબંધીઓની ભાળ મેળવવા માટે બંદરે પહોંચી ગયા છે. એક મુસાફરના પરિવારે જણાવ્યું કે પ્રવાસ દરમિયાન છેલ્લી સોશિયલ મીડિયા અપડેટમાં દરિયાના ઊંચા મોજાંઓ વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તંત્ર દ્વારા હાલ બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને તમામ લાપતા મુસાફરોને સુરક્ષિત બહાર લાવવા માટેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

આ દુર્ઘટનાગ્રસ્ત ફેરી સુરાબાયાથી રવાના થઈને સાઉથ કાલિમંતન રાજ્યના બાંઝારમાસિન શહેરમાં જઈ રહી હતી. છેલ્લી માહિતી મુજબ તે બાંઝારમાસિનથી લગભગ 150 કિલોમીટર (૯૩ માઈલ) દક્ષિણમાં હતી. ઓપરેટર પીટી વિર્ગો દ્વારા રવિવારે સવારે 04:10 વાગ્યે પ્રથમ કટોકટી અહેવાલ પ્રાપ્ત થયો હતો. આ જહાજે શનિવારે 10:33 વાગ્યે સુરાબાયાથી રવાના થઇ હતી. રવિવારે બપોરે 14:00 વાગ્યે બાંઝારમાસિન પહોંચવાનું નિર્ધારિત હતું.

આ દુર્ઘટના બાદ ઈન્ડોનેશિયાની સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી, નૌકાદળ, મેરિટાઈમ પોલીસ અને અન્ય સંબંધિત વિભાગો દ્વારા એક સંયુક્ત ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ઘટનાસ્થળે અનેક જહાજો અને હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ જાવા સમુદ્રના આ વિસ્તારમાંથી પસાર થતા અન્ય તમામ જહાજોને પણ એલર્ટ કરીને મુસાફરોના કોઈ ચિહ્નો દેખાય તો તાત્કાલિક જાણ કરવા સૂચના અપાઈ છે. બાંઝારમાસિનના ત્રિસક્તિ પોર્ટ વિસ્તારમાં આ દુર્ઘટનાને સંભાળવા માટે એક ઓપરેશન્સ પોસ્ટ પણ શરૂ કરવામાં આવી છે.

# સાઉદી અરબના સૈન્ય મથક પર હૂથીઓનો ભયાનક મિસાઈલ હુમલો

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

સાઉદી અરબના શારુરાહ સ્થિત સૈન્ય મથક પર યમનના ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહીઓએ ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલો વડે ત્રાટકીને ભારે તબાહી મચાવી છે, જેના કારણે સમગ્ર મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી તંગ સ્થિતિ સર્જાઈ છે અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓ ચરમસીમાએ પહોંચી ગઈ છે.

મધ્ય પૂર્વના દેશોમાં શાંતિ સ્થાપવાના તમામ પ્રયાસો વચ્ચે ફરી એકવાર હિંસાની આગ ભભૂકી ઉઠી છે. યમનના સશસ્ત્ર જૂથો દ્વારા સરહદી વિસ્તારોમાં અવારનવાર હુમલા કરવામાં આવી રહ્યા છે, જેના કારણે ગલ્ફ દેશોની આંતરિક સુરક્ષા સામે મોટો પડકાર ઉભો થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શારુરાહ ક્ષેત્રમાં આવેલા સંવેદનશીલ સૈન્ય મથકને નિશાન બનાવીને કરવામાં આવેલા આ વિસ્ફોટક હુમલાએ સમગ્ર પ્રદેશમાં ખળભળાટ મચાવી દીધો છે. અગાઉ પણ આવા અનેક સરહદી સંઘર્ષો સામે આવ્યા છે, પરંતુ તાજેતરની આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે અને વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર મૂકી દીધું છે.

આ ગંભીર ઘટનાના પ્રારંભિક તબક્કામાં હૂથી સૈન્ય પ્રવક્તા યાહિયા સારીએ સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે તેમના સૈનિકોએ અત્યાધુનિક ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોનો વ્યાપક ઉપયોગ કરીને શારુરાહ સ્થિત લશ્કરી બેઝના શસ્ત્ર ભંડાર અને કમાન્ડ-કંટ્રોલ સેન્ટરને સચોટ નિશાન બનાવ્યા હતા. આ હુમલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સાઉદી ગઠબંધન દ્વારા યમન પર કરવામાં આવી રહેલા સૈન્ય આક્રમણનો જડબાતોળ જવાબ આપવાનો હોવાનું જણાવવામાં આવ્યું છે.

# ઈરાન યુદ્ધ ભારે પડ્યું, ટ્રમ્પ ટેન્શનમાં આવી ગયા, ડીઝલ મોંઘું થતાં આખો ખેલ બગડ્યો!

(એજન્સી) વાશિંગ્ટન । તા. 13

અમેરિકામાં સતત વધી રહેલી મોંઘવારી અને ડીઝલના રેકોર્ડબ્રેક ભાવ વધારાને કારણે દેશના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક તણાવના કારણે વૈશ્વિક ઇંધણ પુરવઠા પર માઠી અસર પડી છે, જેના સીધા પરિણામે અમેરિકન અર્થતંત્ર પર ગંભીર દબાણ સર્જાયું છે અને સામાન્ય જનજીવન વ્યાપકપણે પ્રભાવિત થયું છે.

શ્રમ વિભાગના તાજેતરના આંકડાઓ મુજબ, અમેરિકામાં મોંઘવારી હજુ પણ ઊંચા સ્તરે યથાવત છે. ઓગસ્ટ મહિનામાં ગ્રાહક ભાવાંકમાં (Consumer Price Index) ગત વર્ષની સમાન અવધિની સરખામણીએ ૩.૪% નો મોટો વધારો નોંધાયો છે. જ્યારે માસિક ધોરણે જુલાઈથી ઓગસ્ટ દરમિયાન કિંમતોમાં ૦.૪% નો ઉછાળો આવ્યો છે, જે અગાઉના મહિનામાં માત્ર ૦.૧% હતો. કોવિડ-૧૯ મહામારી બાદ પહેલીવાર મોંઘવારીનું આ સ્તર યુએસ ફેડરલ રિઝર્વ માટે એક મોટો પડકાર બની ગયું છે. ખાસ કરીને મધ્યાવધિ ચૂંટણીઓ નજીક હોવાથી ટ્રમ્પ પ્રશાસનની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે.



અમેરિકામાં ઇંધણના ભાવોએ તમામ હદો વટાવીને નવી સર્વોચ્ચ સપાટી સ્પર્શી છે. યુએસ-ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક ઇંધણ માર્કેટ ખોરવાતા ડીઝલની સરેરાશ કિંમત ૬ ડૉલર પ્રતિ ગેલોનથી વધુ થઈ ગઈ છે. મોટર ક્લબ ટ્રિપલ એ (AAA) ના સત્તાવાર અહેવાલ મુજબ, રાષ્ટ્રીય સરેરાશ કિંમત વધીને ૬.૦૫ ડૉલર રહી છે, જે ગયા અઠવાડિયે ૫.૮૫ ડૉલર અને ગત વર્ષની સમાન અવધિમાં માત્ર ૩.૭૦ ડૉલર પ્રતિ ગેલોન હતી. ડીઝલ આટલું મોંઘું થવાથી દેશમાં પરિવહન અને માલસામાનની હેરફેરનો ખર્ચ અસહ્ય રીતે વધી ગયો છે, જેની સીધી અસર રોજિંદી ઉપયોગી વસ્તુઓની કિંમતો પર પડી રહી છે.

આ ઉપરાંત, ઇંધણના ઊંચા ભાવો અને વધતી વ્યાજદરોના આ માહોલ વચ્ચે અમેરિકામાં આવાસ બજાર એટલે કે ઘરોના વેચાણની પ્રવૃત્તિ પણ મંદ પડી ગઈ છે. વ્યવસાયોએ ગ્રાહકો પર બોજ ઘટાડવા અથવા વહન કરવા માટે ઓનલાઈન ઓર્ડર અને ડિલિવરી પર વધારાના ચાર્જ લગાવવાનું શરૂ કરી દીધું છે, જે સીધી રીતે સામાન્ય નાગરિકોના ખિસ્સા પર આર્થિક ભાર વધારી રહ્યો છે.


**એઆઈ** | AIના દુરુપયોગને રોકવા માટે સ્વતંત્ર મૂલ્યાંકનકર્તાઓની નિયુક્તિ અને વૈશ્વિક સહયોગની હિમાયત કરાઈ

# 'AI ને રોકો નહીંતર તબાહી આવશે...' એન્થ્રોપિકના CEO ની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ટેકનોલોજીની આ દુનિયામાં હાલ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) સૌથી વધુ ચર્ચિત અને શક્તિશાળી વિષય બની ગયો છે. દરરોજ AI ને વધુ પાવરફુલ બનાવવાની રેસ ચાલી રહી છે, પરંતુ આ વચ્ચે ટેક વર્લ્ડના ત્રણ સૌથી મોટા દિગ્ગજોએ AI ની સ્પીડ પર બ્રેક લગાવવાની આવશ્યકતા પર એકમત દર્શાવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. એન્થ્રોપિક (Anthropic) ના CEO ડારિયો અમોડેઈએ AI કંપનીઓને ટેકનોલોજીના ઝડપી વિકાસને થોભો આપવાની અપીલ કરી છે, જેને OpenAI ના CEO સેમ ઓલ્ટમેન અને xAI ના પ્રમુખ ઈલોન મસ્કનું પણ સમર્થન મળ્યું છે.

શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર પોતાના વિચારો વ્યક્ત કરતા અમોડેઈએ જણાવ્યું હતું કે, જેમ-જેમ AI મોડલની ક્ષમતાઓ અત્યંત ઝડપથી વધી રહી છે, તેમ-તેમ કંપનીઓને તેની સુરક્ષા વધુ મજબૂત કરવા માટે પૂરતા સમયની અનિવાર્ય જરૂરિયાત છે. તપાસ વગર થઈ રહેલા આડેધડ



વિકાસને રોકવા માટે તેમણે મોટી AI કંપનીઓમાં કર્મચારીઓ જેવી જ એક્સેસ ધરાવતા સ્વતંત્ર મૂલ્યાંકનકર્તાઓને તહેનાત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે ગ્લોબલ સ્તરે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારીને જ સંભવિત જોખમોને ટાળી શકાશે.

ડારિયો અમોડેઈનો આ પ્રસ્તાવ એન્થ્રોપિકના એવા જ એક સંવેદનશીલ ગુપ્ત ઈન્ટેલિજન્સ રિપોર્ટના થોડા દિવસો બાદ સામે આવ્યો છે, જેમાં ખુલાસો થયો હતો કે કેટલાક અસામાજિક તત્વો દ્વારા 'ક્લોડ' (Claude) AI મોડલનો ઉપયોગ ઘાતક હથિયારો બનાવવા, સાઈબર હુમલાઓ કરવા, ગુપ્ત દેખરેખ અને છેતરપિંડી માટે કરવામાં આવ્યો છે. અમોડેઈએ ગંભીર ચેતવણી આપતા લખ્યું હતું કે, ઝડપથી વિકસતા AI મોડલ્સ ભવિષ્યમાં ઓટોનોમસ સિસ્ટમનું મોટું ઝૂંડ તૈયાર કરી શકે છે, જેનાથી ભયંકર નુકસાન થઈ શકે છે. તેમણે ડર વ્યક્ત કર્યો હતો કે આગામી ૬ થી ૧૨ મહિનામાં જો આ સ્થિતિ રહી તો આવું ઝૂંડ આખા ઈન્ટરનેટ પર કબજો કરી શકે છે, જેનાથી સેંકડો અબજ ડોલરનું આર્થિક નુકસાન થઈ શકે છે.

અમોડેઈના આ પ્રસ્તાવને ખુલ્લા દિલથી ટેકો આપતા OpenAI ના CEO સેમ ઓલ્ટમેને જણાવ્યું હતું કે, મોરચાની રફતારને નિયંત્રિત કરવાની ખરેખર જરૂર છે અને તાજેતરના સપ્તાહોમાં તેમની કંપનીની બેઠકોનો આ જ મુખ્ય મુદ્દો રહ્યો છે. તેમણે સ્વતંત્ર મૂલ્યાંકનકર્તાઓને અંદરની એક્સેસ આપવાના વિચારને શ્રેષ્ઠ ગણાવ્યો હતો. બીજી તરફ, ઈલોન મસ્કે પણ ટૂંકી અને સચોટ પ્રતિક્રિયા આપતા લખ્યું હતું કે, "ડારિયો તદ્દન સાચું કહી રહ્યા છે."

# ભારતની વિનંતી છતાં રશિયાના યુક્રેન પર હુમલા : ત્રણનાં મોત

(એજન્સી) કીવ । તા. 13

ભારત દ્વારા રશિયા સમક્ષ યુદ્ધ અટકાવવા અને શાંતિ સ્થાપવા માટે ખાસ વિનંતી કરવામાં આવી હોવા છતાં, રશિયાએ પોતાની આક્રમક નીતિ યથાવત રાખી છે. રશિયાએ આ વિનંતીને કાને ન ધરતા યુક્રેન પર ભીષણ હુમલા જારી રાખ્યા છે, જેના કારણે તાજેતરના હુમલાઓમાં યુક્રેનના ત્રણ નાગરિકોના મોત નીપજ્યા છે અને ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દરમિયાન રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશોને ચેતવણી આપતા જણાવ્યું છે કે જો યુક્રેનમાં યુરોપનું લશ્કર મોકલવામાં આવશે, તો તેને રશિયા પર સીધું આક્રમણ ગણવામાં આવશે.

સ્થાનિક અધિકારીઓ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, યુક્રેનના ઝાપોરિઝિયા શહેરમાં રશિયા દ્વારા કરવામાં આવેલા ઘાતક ડ્રોન હુમલામાં બે નાગરિકોના મોત થયા છે જ્યારે એક વ્યક્તિ ઈજા પામી છે. આ ઉપરાંત, ક્રીવ્યી રિહ શહેરમાં થયેલા હુમલામાં અન્ય એક વ્યક્તિનું મોત થયું છે અને ત્રણ લોકો ઘાયલ થયા છે. રશિયા દ્વારા જેટ પાવર્ડ ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરીને આ ભીષણ હુમલાઓ કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનની પાવર ગ્રિડ અને પાયાની માળખાકીય સુવિધાઓને નષ્ટ કરીને નાગરિકોની હાલાકીમાં વધારો કરવાનો છે. બ્લેક સી પોર્ટ ઓડેસા અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા જબરદસ્ત હુમલામાં કુલ ૨૮ લોકોને ઈજા પહોંચી હોવાનું રિજનલ હેડ ઓલેહ કિપરે જણાવ્યું હતું. દિલ્હીમાં ચાલી રહેલી બ્રિક્સ સમિટમાં હાજરી આપવા આવેલા રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને પત્રકારો સાથે વાતચીત કરતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી.

## ઈસરોના સેટેલાઈટે પ્રશાંત મહાસાગરમાં અલ નીનોના પ્રારંભિક સંકેતો પકડયા

# દુનિયા પર અલ નીનોનું મોટું જોખમ : ઈસરોની ચેતવણી

નવી દિલ્હી : ભારતના અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટે વૈજ્ઞાનિકોને પ્રશાંત મહાસાગરમાં દુનિયાભરમાં હલચલ મચાવનારા 'અલ નીનો'ના પ્રારંભિક સંકેતો નોંધ્યા છે. આ સંકેતોએ દુનિયામાં ગોડઝીલા અલ નીનોથી વરસાદની પેટર્ન તથા ભારતીય હવામાન પર ગંભીર અસર થવાની ચેતવણી આપી છે. વિશ્વ હવામાન સંગઠનની ચેતવણીનું સમર્થન કરતા ઈસરોના ડેટાથી ખુલાસો થયો છે કે પ્રશાંત મહાસાગરમાં ક્લોરફિલ-એના પ્રમાણમાં ભારે ઘટાડો આવ્યો છે અને સમુદ્રી હવાઓની દિશા બદલાઈ છે, જે આગામી સમયમાં હવામાન વધુ જોખમી બનશે તેવા સંકેત આપે છે.અવકાશમાં ૭૪૧ કિ.મી.ની ઊંચાઈ પર તૈનાત ઈસરોના સેટેલાઈટ ઈઓએસ-૦૯એ મહાસાગરમાં વિકસિત થઈ રહેલા ગોડઝિલા અલ નીનોના સંકેતોની ભાળ મેળવી છે. પરંપરાગત તાપમાન આધારિત માપદંડોથી ઘણા સમય પહેલા મળેલા સંકેતો મુજબ આગામી મહિનાઓમાં અલ



નીનો વધુ વિકરાળ સ્વરૂપ લઈ શકે છે, જેનાથી વૈશ્વિક જળવાયુ પર અસર થવાની સાથે ભારતીય હવામાન અને કૃષિ ક્ષેત્ર સામે પણ મોટું સંકટ ઊભું થઈ શકે છે.વૈજ્ઞાનિકો મુજબ ક્લોરોફિલ-એના સ્તરમાં આવેલો ઘટાડો સૌથી ચિંતાજનક સંકેત છે. હૈદરાબાદ સ્થિત રાષ્ટ્રીય રિમોટ સેન્સિંગ કેન્દ્ર (એનઆરએસસી)ના વિશ્લેષણ મુજબ વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ની સરખામણીમાં ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગરની સપાટી પર ક્લોરોફિલના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સિવાય ઉપગ્રહે સમુદ્રી હવાઓની દિશા પૂર્વથી બદલીને પશ્ચિમી થતી હોવાનું નોંધ્યું છે, જે અલ નીનો વિકસવાનું મુખ્ય લક્ષણ છે.ઈસરોના આ ડેટાની સૌથી મોટી વિશેષતા એ છે કે ક્લોરોફિલ મહાસાગરમાં થતા પરિવર્તનો પર તુરંત પ્રતિક્રિયા કરે છે. પારંપરિક તાપમાન આધારિત માપદંડોની સરખામણીમાં આ ટેક્નોલોજી વૈજ્ઞાનિકોને અલ-નીનોની ઔપચારિક જાહેરાત ઘણા સમય પહેલા ચેતવણી આપી શકે છે.ભારત માટે અલ નીનો અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તેનો સંબંધ મોટાભાગ દક્ષિમ-પશ્ચિમ ચોમાસામાં નબળા વરસાદ સાથે જોવામાં આવે છે. જોકે, દરેક વખતે અલ નીનો આવવાથી દુષ્કાળ નથી પડતો, પરંતુ મજબૂત અલ નીનો સમયે ઓછો વરસાદ, જમીનમાં ભેજની અછત, ખેતી પર દબાણ અને જળ સંશાધનો અંગે ચિંતા વધી જાય છે.દરમિયાન અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં અલ નીનોની આંશિક અસર જોવા મળી રહી છે. દક્ષિણ કેલિફોર્નિયામાં સમુદ્રની લહેરોએ દરિયા કિનારાના વિસ્તારોમાં ભારે નુકસાન કર્યું છે. લોન્ગ બીચ પેનિનસૂલામાં સમુદ્રની લહેરોએ બીચને અદ્રશ્ય કરી દીધો છે અને પાણીને રોકતી દિવાલ પણ વટાવી દીધી છે. તેનાથી બોર્ડવોકના અનેક ભાગ તૂટી ગયા છે તથા સમુદ્ર કિનારે બનેલા ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ઓછામાં ઓછા ૨૪ ઘરોને ખાલી કરવા માટે તંત્રએ આદેશ આપ્યો છે.કેલિફોર્નિયામાં હરિકેન મૈરી પછી ઉઠેલી લહેરોની અસર માલિબૂથી લઈને સાન ડિએગો સુધી જોવા મળી છે. સેન ક્લેમેન્ટમાં સમુદ્રના કાપના કારણે રેલવે લાઈનને ફરી બંધ કરવી પડી છે. નેશનલ વેધર સર્વિસે દરિયા કિનારાના વિસ્તારોમાં તિવ્ર ઊંચી લહેરો અને પૂરની ચેતવણી આપી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જે નુકસાન થયું છે તે આગામી સમયમાં હવામાનમાં વધનારા જોખમોનો સંકેત હોઈ શકે છે.

## News Brief

### PM મોદીના સ્કૂલ ટાઈમના મિત્રની જમીન પર ભાજપ નેતાએ જ કબજો કર્યો, CBI તપાસની કરી માગ



(એજન્સી) નવી દિલ્હી | તા.13

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળપણના મિત્ર અને મહારાષ્ટ્રના મીરા રોડ વિસ્તારમાં રહેતા 81 વર્ષીય અસગરઅલી વોહરાએ દાયકાઓ જૂના જમીન વિવાદમાં ન્યાય મેળવવા અને સીબીઆઈ (CBI) તપાસની માગણી સાથે વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી. વડનગરની બી. એન. હાઈસ્કૂલમાં વડાપ્રધાન સાથે અભ્યાસ કરી ચૂકેલા વોહરાએ ગત આઠમી સપ્ટેમ્બરના રોજ પીએમ મોદીને મળીને આ મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. પીએમ મોદી તરફથી સારો પ્રતિસાદ મળ્યા બાદ તેને ન્યાય મળવાની આશા પુનઃ જીવંત થઈ છે. અસગરઅલી વોહરાએ વર્ષ 1989માં મુંબઈ નજીક ભાયંદર પૂર્વના નવઘર વિસ્તારમાં રજિસ્ટર્ડ કરાર દ્વારા આશરે 2,810 ચોરસ મીટર જમીન ખરીદી હતી. તેણે દાવો કર્યો છે કે, વર્ષ 2011માં સ્વયં બિલ્ડર્સ અને સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન્સે આ જમીન પર કથિત રીતે ગેરકાયદે કબજો કરી લીધો હતો. મૂળ માલિકને અંધારામાં રાખીને બોગસ દસ્તાવેજોના આધારે જમીનને બે ભાગમાં વહેંચી બિલ્ડરો અને સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન્સની માલિકી દર્શાવવામાં આવી છે. અસગરઅલી વોહરાએ આ સમગ્ર મામલે વર્ષ 2015માં ફરિયાદ (FIR) દાખલ કરવામાં આવી હતી અને હાલ આ કેસ કોર્ટમાં છે. અસગરઅલી વોહરા ત્યારથી સતત મહેસૂલ વિભાગ, સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે.

# 50 કિલોમીટર, અસંખ્ય લાભાર્થીઓ: મિઝોરમની રેલવે લાઈફલાઈનને સફળતાનું 1 વર્ષ પૂર્ણ કર્યું

## માત્ર 1 વર્ષની અંદર, બૈરાબી-સાઈરાંગ રેલવે લાઈને મિઝોરમમાં પ્રવાસ, પ્રવાસન અને લોજિસ્ટિક્સમાં પરિવર્તન આવ્યું, પહાડી રાજ્યના વિકાસને પ્રોત્સાહન મળ્યું

13 સપ્ટેમ્બર 2025ના રોજ, ભારતના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 51.38 કિમી લાંબી બૈરાબી-સાઈરાંગ રેલવે લાઈન અને સાઈરાંગ રેલવે સ્ટેશનના ઉદ્ઘાટને મિઝોરમ માટે પ્રગતિ અને વિકાસના એક નવા પ્રકરણની શરૂઆત કરી. માત્ર 1 વર્ષની અંદર, રેલવે લાઈને આ દૂરના પહાડી રાજ્યમાં પરિવર્તનકારી વિકાસ આવ્યો છે, અને રેલવે નકશા પરની માત્ર એક લાઈનમાંથી સુધારેલી ગતિશીલતા, બજારો સુધી મોટી પહોંચ, ઉન્નત પ્રવાસન અને નવી તકો તરફના પ્રવેશદ્વારમાં પરિવર્તિત થઈ છે. મહત્વનો તબક્કો: જ્યારે રેલ પહાડો સુધી પહોંચી : પેઢીઓથી, મિઝોરમનો મુશ્કેલ ભૂપૃષ્ઠ દૂર-અંતરની અવરજવર માટે રસ્તાઓ પર ભારે નિર્ભર બનાવતો હતો, જેનાથી મુસાફરી ખૂબ સમય લેનારી, અસ્વસ્થતાભરી અને અવિશ્વસનીય બની જતી હતી. બૈરાબી-સાઈરાંગ નવી રેલવે લાઈન ચાલુ થવાથી પરિદ્રશ્ય સંપૂર્ણપણે બદલાઈ ગયું. બૈરાબી સાઈરાંગ રેલવે લાઈન એન્જિનિયરિંગની એક અજાયબી છે, જે મિઝોરમના સીધા ઢોળાવવાળા પહાડો, ઊંડી ખીણો અને કોતરોમાંથી પસાર થાય છે. આ પ્રોજેક્ટમાં 153 પુલોનો સમાવેશ થાય છે, જેમાં 55 મોટા પુલો, 88 નાના પુલો અને 10 રોડ ઓવર બ્રિજ/રોડ અંડર બ્રિજનો સમાવેશ થાય છે. 6 જેટલા પુલો 70 મીટરથી વધુ ઊંચાઈ ધરાવે છે, જેમાં સૌથી ઊંચો પુલ 114 મીટર સુધી ઊંચો છે, જે દિલ્હીના કુતૂબ મિનાર કરતાં 42 મીટર વધુ ઊંચો છે. આ અલાઈનમેન્ટ લગભગ 16 કિલોમીટર સુધી ફેલાયેલી 45 ટનલમાંથી પણ પસાર થાય છે. રેલ કોરિડોર રાષ્ટ્રીય રેલવે નેટવર્કને બૈરાબીથી આગળ હોર્ટોકી, કવન્પુઈ, મુઆલખાંગ અને અંતે સાઈરાંગ રેલવે સ્ટેશનના નવા વિકસિત ચાર સ્ટેશનો સાથે જોડે છે, જેથી મિઝોરમની રાજધાની આઈઝોલના આંગણા સુધી રેલ કનેક્ટિવિટી પૂર્ણ થાય છે. આમ, 13 સપ્ટેમ્બર 2025ના રોજ બૈરાબી સાઈરાંગ રેલવે લાઈનના ઉદ્ઘાટને મિઝોરમના લોકોના લાંબા સમયના સ્વપ્નને પૂર્ણ કર્યું, અને રાજ્યના વસ્તી, વહીવટ, શિક્ષણ અને વાણિજ્યના સૌથી મોટા કેન્દ્રની નજીક વિશ્વસનીય રેલવે મુસાફર અને માલવાહક સેવાઓ લાવી. પેસેન્જર ગતિશીલતા: આંકડા વિશ્વાસની વાર્તા કહે છે : ત્રણ મહત્વપૂર્ણ લાંબા અંતરની ટ્રેન સેવાઓ હવે મિઝોરમની રાજધાનીને ગુવાહાટી, કોલકાતા અને દિલ્હીના શહેરો સાથે જોડે છે. સાઈરાંગ - આનંદ વિહાર રાજધાની એક્સપ્રેસે મિઝોરમને રાષ્ટ્રીય રાજધાની સાથે તેનું પ્રથમ સીધું પ્રીમિયમ રેલવે કનેક્શન આપ્યું, જ્યારે ગુવાહાટી અને કોલકાતા સેવાઓએ દેશના પૂર્વ અને ઉત્તર ભાગોમાં મુખ્ય શૈક્ષણિક, વ્યાપારી અને તબીબી કેન્દ્રો સાથે ભરોસાપાત્ર લિંક્સ બનાવી. વધુમાં, સાઈરાંગ - સિલચર પેસેન્જર ટ્રેન સેવા, જેનું જાન્યુઆરી 2026માં આદરણીય કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ઉદ્ઘાટન કરવામાં



આવ્યું હતું, તેણે સાઈરાંગને અસમના બરાક વેલી સાથે જોડતી નિયમિત અને વિશ્વસનીય પેસેન્જર ટ્રેન સેવા પૂરી પાડી.છેલ્લા 1 વર્ષના સમયગાળા દરમિયાન, આ ટ્રેન સેવાઓએ 1100થી વધુ ટ્રિપ્સ પૂર્ણ કરી છે, જે મિઝોરમના લોકોના જીવનનો એક અભિન્ન ભાગ બની ગઈ છે. આ ટ્રેન સેવાઓના મહત્વનું સૌથી મજબૂત સમર્થન ખુદ મુસાફરો તરફથી મળ્યું છે, જેને 15 લાખથી વધુ મુસાફરોનો સાથ-સહકાર મળ્યો છે. આ ટ્રેનો માટે મુસાફરોની માંગ સતત ખૂબ જ ઊંચી રહી છે, તમામ ટ્રેનો દરેક ટ્રિપ પર 100% થી વધુ ક્ષમતા પર દોડી રહી છે. સાઈરાંગથી કોલકાતા સુધીની ત્રિ-સાપ્તાહિક ટ્રેન સેવામાં સરેરાશ 140% થી વધુ ઓક્યુપન્સી લેવલ નોંધાયું છે, જ્યારે સાઈરાંગથી ગુવાહાટી સુધીની દૈનિક ટ્રેન સેવામાં ઓક્યુપન્સી સતત 110% થી ઉપર રહી છે. સાઈરાંગ આનંદ વિહાર રાજધાની એક્સપ્રેસે પણ સમાન રીતે 145% થી વધુની સરેરાશ ઓક્યુપન્સી પ્રાપ્ત કરી છે. આ ટ્રેન સેવાઓએ ભારતીય રેલવે માટે કુલ 54 કરોડનું ટિકિટ વેચાણ પણ જનરેટ કર્યું છે.આ છેલ્લા 1 વર્ષ દરમિયાન, સાઈરાંગ રેલવે સ્ટેશને 5.54 લાખથી વધુ મુસાફરોની અવરજવરને સફળતાપૂર્વક પૂરી કરી છે, જેમાં દરરોજ સરેરાશ 3300 મુસાફરો સ્ટેશનની મુલાકાત લે છે. રેલવે સ્ટેશન માત્ર મુસાફરોની મુસાફરી માટે એક મહત્વપૂર્ણ હબ તરીકે જ નહીં, પરંતુ આસપાસના વિસ્તારમાં સામુદાયિક જીવનના એક અભિન્ન અંગ તરીકે પણ ઉભરી આવ્યું છે, જેમાં સ્થાનિક રહેવાસીઓ સ્ટેશન પરિસરની આસપાસ વૃક્ષારોપણ અને અન્ય પર્યાવરણીય પહેલો કરી રહ્યા છે. માલવાહક પરિવર્તન: આઈઝોલ સુધી રેલ કાર્ગો : બૈરાબી સાઈરાંગ રેલવે લાઈને મિઝોરમમાં માલસામાનના પરિવહનમાં પણ પરિવર્તનકારી ફેરફાર આણ્યો છે, જેનાથી આવશ્યક ચીજવસ્તુઓ, ઓટોમોબાઈલ્સ અને બાંધકામ સામગ્રી સહિતનો માલસામાન સુરક્ષિત, સમયબદ્ધ અને ખર્ચ-અસરકારક રીતે આઈઝોલ પહોંચી શક્યો છે.પ્રથમ રેલવે કાર્ગો ટ્રેન નવી લાઈનના ઉદ્ઘાટનના માત્ર 1 દિવસ પછી, 14 સપ્ટેમ્બર 2025ના રોજ ગુવાહાટી નજીક ટેટેલિયા ખાતે સ્ટાર સિમેન્ટ સિડિંગ પરથી 26000 થી વધુ સિમેન્ટની ગુણોનો કન્સાઈનમેન્ટ લઈને સાઈરાંગ પહોંચી હતી. આ કાર્ગો ટ્રેનની આઈઝોલમાં સિમેન્ટના ભાવ પર તાત્કાલિક અસર પડી હતી, જેણે સ્પષ્ટપણે દર્શાવ્યું હતું કે રેલવે કેવી રીતે લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે અને સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસમાં યોગદાન આપી શકે છે. તદુપરાંત, સીધી માલવાહક ટ્રેન સેવાઓ ઓટોમોબાઈલ્સ મેળવવામાં રહેલા તફાવતને પૂરે છે, આથી લેન્ડિંગ કોસ્ટ ઘટાડે છે, જે અંતિમ ગ્રાહકો માટે વધુ પોસાય તેવી (પોકેટ ફ્રેન્ડલી) બને છે. અન્ય એક નોંધપાત્ર સીમાચિહ્નમાં, ગુવાહાટી નજીકના ચાંગસારીથી 119 મારુતિ કાર સમાવતું પ્રથમ ઓટોમોબાઈલ કન્સાઈનમેન્ટ ડિસેમ્બર 2025માં રેલ દ્વારા સાઈરાંગ પહોંચ્યું હતું, જેણે આ પ્રદેશમાં ઓટોમોબાઈલ લોજિસ્ટિક્સમાં પરિવર્તન આવ્યું હતું.છેલ્લા 1 વર્ષમાં, 2500 થી વધુ રેલવે માલવાહક વેગન સાઈરાંગ ખાતે પહોંચાડવામાં આવ્યા છે. આમાંથી, લગભગ 70% કાર્ગોમાં સિમેન્ટ, પથ્થર અને રેતી જેવી બાંધકામ સામગ્રીનો સમાવેશ થતો હતો, આ ચીજવસ્તુઓએ મિઝોરમમાં હાઉસિંગ અને જાહેર કામોને ટેકો આપ્યો છે, જે રાજ્યમાં ઓછા ખર્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પ્રોત્સાહન આપે છે તેમજ સામગ્રીને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે જરૂરી સમય ઘટાડે છે. સાઈરાંગ ખાતેના અન્ય રેલવે કાર્ગોમાં ચોખા અને ખાતર સહિતની આવશ્યક ચીજવસ્તુઓ તેમજ ઓટોમોબાઈલ્સ ધરાવતા 156 વેગનનો સમાવેશ થાય છે. ઓટોમોબાઈલ રેક્સે વાહનો માટે વધુ સુરક્ષિત અને ઉચ્ચ ક્ષમતા ધરાવતી સપ્લાય ચેન બનાવી છે, જ્યારે ખાતર અને અનાજે રાજ્યમાં કૃષિ અને સ્થાનિક PDS વિતરણમાં દદ કરી છે, જેનાથી મોટા જથ્થાની અવરજવર લાંબા રોડ ટ્રાન્સપોર્ટથી કાર્યક્ષમ રેલવે પરિવહનમાં શિફ્ટ થઈ છે. રેલવે મિઝોરમના લોકો માટે શૈક્ષણિક અને પ્રવાસનની તકો વધારે છે:

દિલ્હી, કોલકાતા, ગુવાહાટી અને સિલચરથી ઉપડતી સીધી ટ્રેનોએ સ્થાનિક મુસાફરો માટે મિઝોરમ પહોંચવું સરળ બનાવ્યું છે. રેલવેએ એવા મુલાકાતીઓ માટે પરવડે તેવું પ્રવેશદ્વાર પૂરું પાડ્યું છે જેઓ અગાઉ સંપૂર્ણપણે હવાઈ અથવા લાંબી રોડ મુસાફરી પર નિર્ભર હતા. રેલવેની શરૂઆત પછી મિઝોરમમાં પ્રવાસનમાં 86% થી વધુનો એકંદરે ગ્રોથ થયો છે.

# ભારતીય રેલવેએ ઓગસ્ટ 2026માં મુસાફર કનેક્ટિવિટી અને ફ્રેટ ક્ષમતાનો વિસ્તાર કર્યો

## ઓગસ્ટ 2025ની સરખામણીમાં માલસામાનના લોડિંગમાં 5.4% નો ગ્રોથ થયો

ઓગસ્ટ 2026માં દેશભરમાં રેલવે કનેક્ટિવિટી અને સેવાઓમાં નોંધપાત્ર વિસ્તાર જોવા મળ્યો, જેમાં ભારતીય રેલવેએ મુસાફરોની અવરજવર અને ફ્રેટ લોડિંગ બંનેમાં વૃદ્ધિ નોંધાવી છે. મહિના દરમિયાન, 14 અમૃત ભારત સેવાઓને નિયમિત કરવામાં આવી હતી, જેણે કેટલાક મહત્વપૂર્ણ માર્ગો પર મુસાફરોને વધુ પરવડે તેવા અને આરામદાયક પ્રવાસના વિકલ્પો પૂરા પાડ્યા હતા, જ્યારે ઉદ્યોગો માટે લાસ્ટ-માઈલ ફ્રેટ કનેક્ટિવિટી સુધારવા માટે 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ (GCTs) કાર્યરત કરવામાં આવ્યા હતા. ભારતીય રેલવેએ ફ્રેટ લોડિંગમાં પણ 5.4 ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે, જે અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાંથી સતત માંગ દર્શાવે છે. તહેવારોની મોસમ દરમિયાન માંગમાં થયેલા ઉછાળાને પહોંચી વળવા માટે વધારાની સ્પેશિયલ ટ્રેન સેવાઓ ચલાવવામાં આવતાં મુસાફરોની અવરજવરમાં પણ વધારો થયો છે.

### વધુ માલસામાનની અવરજવર, ઉદ્યોગ અને અર્થતંત્રને ટેકો આપે છે

ભારતીય રેલવેએ ઓગસ્ટ 2025માં 130.9 મિલિયન ટનની સરખામણીએ ઓગસ્ટ 2026 દરમિયાન 137.9 મિલિયન ટન માલસામાનનું લોડિંગ કર્યું હતું, જે વાર્ષિક ધોરણે 5.4 ટકાનો ગ્રોથ નોંધાવે છે.માલસામાનની અવરજવરમાં થયેલો આ વધારો કોલસો, આયર્ન ઓર, સ્ટીલ, ખાતરો અને અન્ય ચીજવસ્તુઓ જેવા મુખ્ય ક્ષેત્રોમાંથી વધતી જતી માંગને દર્શાવે છે. ઉચ્ચ રેલ ફ્રેટ અવરજવર ઉદ્યોગોને ભરોસાપાત્ર પરિવહન મેળવવામાં મદદ કરે છે જ્યારે પ્રદેશોમાં આવશ્યક ચીજવસ્તુઓની અવરજવરને ટેકો આપે છે.ઓગસ્ટ 2026 દરમિયાન ફ્રેટ રેવેન્યુma ઓગસ્ટ 2025ની સરખામણીમાં 6.27 ટકા વધી છે, જે ભારતીય રેલવેના ફ્રેટ બિઝનેસમાં સતત મજબૂતીકરણ સૂચવે છે.

### મુખ્ય ચીજવસ્તુઓની ઉચ્ચ અવરજવર ઉદ્યોગ અને આવશ્યક સપ્લાય ચેઈનને ટેકો આપે છે


ઓગસ્ટ 2026 દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ કમોડિટી જૂથોએ હેલ્ધી ગ્રોથ નોંધાવ્યો હતો. આયર્ન ઓર લોડિંગમાં 12.1 ટકા, ક્લિન્કરમાં 10.4 ટકા, ડોમેસ્ટિક કન્ટેનરમાં 9.2 ટકા અને કોલસામાં 6 ટકાનો વધારો થયો છે. ફિનિશ્ડ સ્ટીલ લોડિંગમાં 4.9 ટકા, મિનરલ ઓઈલમાં 3.1 ટકા, ખાતરોમાં 1.6 ટકા અને બાકીના અન્ય માલસામાનમાં 8.2 ટકાનો વધારો થયો છે. આ વિભાગોમાં ગ્રોથ ઉદ્યોગો માટે રેલ-આધારિત સપ્લાય ચેઈનને મજબૂત કરે છે અને દેશભરમાં આવશ્યક ઈનપુટ્સ અને ફિનિશ્ડ ગુડ્સની અવરજવરને ટેકો આપે છે. ખાસ કરીને વધેલી કન્ટેનરની અવરજવર, રેલ નેટવર્ક દ્વારા વિવિધ માલસામાનના વધુ કાર્યક્ષમ પરિવહનને ટેકો આપે છે.

### ફ્રેટ કનેક્ટિવિટી સુધારવા માટે 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ

ઓગસ્ટ 2026માં 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ કાર્યરત કરવામાં આવ્યા હતા, જેનાથી 31 ઓગસ્ટ 2026ના રોજ કાર્યરત GCTની કુલ સંખ્યા 149 પર પહોંચી ગઈ છે.

### નવા કાર્યરત થયેલા ટર્મિનલ્સ અહીં છે -

શિવલખા, ગુજરાત
નલ્લી, તમિલનાડુ
શક્તિનગર, ઉત્તર પ્રદેશ
દેઓરાગ્રામ,મધ્ય પ્રદેશ
બ્રજરાજનગર, ઓડિશા



ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ નેટવર્કનો વિસ્તાર ઉત્પાદન અને વપરાશના કેન્દ્રોની નજીક ફ્રેટ-હેન્ડલિંગ સુવિધાઓ લાવે છે. માલસામાનના વધુ સીધા અને કાર્યક્ષમ હેન્ડલિંગને સક્ષમ કરીને, આ ટર્મિનલ્સ અટકાવી શકાય તેવી અવરજવર ઘટાડી શકે છે, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરી શકે છે અને ઔદ્યોગિક તથા વ્યાપારી સ્થળોએથી માલસામાનની ઝડપી નિકાસ/અવરજવરને સુગમ બનાવી શકે છે. વધતું જતું GCT નેટવર્ક ભારતના વ્યાપક લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે રેલવેના એકીકરણને મજબૂત બનાવવામાં પણ મદદ કરી રહ્યું છે, જેનાથી ઉદ્યોગોને રેલ-આધારિત માલવાહક પરિવહનની વધુ પહોંચ મળે છે.

### પરવડે તેવી રેલ કનેક્ટિવિટી વિસ્તૃત કરવા અમૃત ભારતની 14 સેવાઓ નિયમિત કરવામાં આવી

ઓગસ્ટ 2026 એ મુસાફર કનેક્ટિવિટીના નોંધપાત્ર વિસ્તારને ચિહ્નિત કર્યો, જેમાં મહિના દરમિયાન અમૃત ભારતની 14 સેવાઓને સ્પેશિયલ ટ્રેનમાંથી નિયમિત ટ્રેનમાં રૂપાંતરિત કરીને નિયમિત કરવામાં આવી હતી, જેનાથી અમૃત ભારત સેવાઓની કુલ સંખ્યા 86 થઈ ગઈ છે. આ સેવાઓ ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને દેશના અન્ય મહત્વપૂર્ણ ભાગો સહિત દેશના કેટલાક મુખ્ય શહેરો અને પ્રદેશોને જોડે છે.

### આ સેવાઓમાં સમાવેશ થાય છે:

સુબેદારગંજ - લોકમાન્ય તિલક ટર્મિનસ
ગોરખપુર - બાંદ્રા ટર્મિનસ
ગોરખપુર - દિલ્હી જંક્શન
અમદાવાદ - ભાગલપુર
લોકમાન્ય તિલક ટર્મિનસ - પ્રયાગરાજ જંક્શન
પ્રયાગરાજ જંક્શન - ઉધના જંક્શન
ધનબાદ - કોઈમ્બતુર, અન્ય સેવાઓ સાથે.

આ નવી સેવાઓ મુસાફરોને મુસાફરીના વધુ વિકલ્પો, મુખ્ય શહેરી કેન્દ્રો અને પ્રાદેશિક ગંતવ્યો વચ્ચે સુધારેલી કનેક્ટિવિટી તથા પરવડે તેવી લાંબા અંતરની રેલ મુસાફરી પૂરી પાડે તેવી અપેક્ષા છે.પૂર્વાંચલ અને પૂર્વ ઉત્તર પ્રદેશ માટે, ગોરખપુરથી બાંદ્રા ટર્મિનસ અને દિલ્હીની સેવાઓ બે મુખ્ય મેટ્રોપોલિટન પ્રદેશો માટે વધારાની કનેક્ટિવિટી પૂરી પાડે છે, જેનાથી રોજગાર, શિક્ષણ, વ્યાપાર અને પારિવારિક હેતુઓ માટે મુસાફરી કરતા મુસાફરોને લાભ થાય છે.એ જ રીતે, અમદાવાદ-ભાગલપુર કનેક્ટિવિટી ગુજરાત અને બિહાર વચ્ચેની રેલ લિંકને મજબૂત કરે છે, જે બંને પ્રદેશોના મુસાફરોને સીધો મુસાફરીનો અન્ય એક વિકલ્પ પૂરો પાડે છે. ધનબાદ-કોઈમ્બતુર સેવા પૂર્વ ભારત અને દક્ષિણ ભારત વચ્ચેની લાંબા અંતરની કનેક્ટિવિટી સુધારે છે, ખાસ કરીને ઔદ્યોગિક અને રોજગાર કેન્દ્રો વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને લાભ આપે છે.પ્રયાગરાજ અને ઉધના વચ્ચે તથા પ્રયાગરાજ અને મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટી ઉત્તર પ્રદેશના પશ્ચિમ ભારત તરફ મુસાફરી કરતા મુસાફરો માટે પ્રવાસના વિકલ્પોને વધુ વિસ્તાર આપે છે.

# બાકી રહેલા બેંકના કામ આજે જ પતાવી લો, 14 થી 20 સપ્ટેમ્બર દરમિયાન 4 દિવસ બેંક રહેશે બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા.13

૧૪ થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન તહેવારો અને રવિવારને લીધે દેશના વિવિધ શહેરોમાં બેંકો ૪ દિવસ બંધ રહેશે. જો કે, ગ્રાહકો માટે તમામ ઓનલાઈન અને ડિજિટલ બેંકિંગ સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. જો તમે આગામી અઠવાડિયે બેંક સંબંધી કોઈ મહત્વપૂર્ણ કામકાજ પતાવવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે અત્યંત ઉપયોગી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના રજા કેલેન્ડર મુજબ, ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન દેશના વિવિધ પ્રંતોમાં બેંકો ચાર દિવસ માટે બંધ રહેશે. સ્થાનિક તહેવારો, ઉત્સવો અને સાપ્તાહિક રજાઓને ધ્યાનમાં રાખીને આ રજાઓ જુદા-જુદા શહેરોમાં લાગુ થાય છે.

આ અઠવાડિયે બેંક શાખાઓની રજાઓનું સમયપત્રક નીચે મુજબ છે:

૧૪ સપ્ટેમ્બર (સોમવાર): ગણેશ ચતુર્થી, હરતાલિકા અને વિનાયક વ્રત જેવા તહેવારોના કારણે બેલાપુર, બેંગલુરુ, ભુવનેશ્વર, ચેન્નાઈ, હૈદરાબાદ, મુંબઈ, નાગપુર, પણજી અને વિજયવાડામાં બેંકો બંધ રહેશે.૧૫ સપ્ટેમ્બર (મંગળવાર): સંવત્સરી, નુઆખાઈ અને ગણેશ ચતુર્થીના બીજા દિવસ નિમિત્તે અમદાવાદ, ભુવનેશ્વર અને પણજી ખાતે બેંક શાખાઓનું કામકાજ બંધ રહેશે.૧૮ સપ્ટેમ્બર (શુક્રવાર): એકતા વર્ષગાંઠ દિવસના અવસર પર શિલોંગમાં બેંકો બંધ રહેશે.

૨૦ સપ્ટેમ્બર (રવિવાર): સાપ્તાહિક રજા હોવાના કારણે સમગ્ર ભારતભરમાં બેંકો બંધ રહેશે.

# સિદ્ધૂ મૂસેવાલાના મિત્ર પંજાબી સિંગરના ઘર પર હુમલો! 3 બદમાશો અંધાધૂંધ ફાયરિંગ કરી ફરાર

(એજન્સી) પંજાબ | તા.13

પંજાબના બરનાલામાં મોડી રાત્રે સિંગર ગુલાબ સિદ્ધુના ઘર પર ફાયરિંગ થતાં અફડાતફડી મચી ગઈ હતી. ગામ ફરવાહી ખાતે બાઈક પર આવેલા ત્રણ નકાબપોશ યુવકોએ ઘરના મુખ્ય ગેટ પર આશરે 7 થી 8 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સદનસીબે ઘરમાં હાજર પરિવારના કોઈ સભ્યને ઈજા પહોંચી નથી. ઘટના સમયે ગુલાબ સિદ્ધુ વિદેશમાં હતા. તેઓ દિવંગત પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાના નજીકના મિત્ર માનવામાં આવે છે. ફાયરિંગના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. સોશિયલ મીડિયા પર ગેંગસ્ટર ડોની બલના નામે એક કથિત ઓડિયો વાયરલ થયો છે, જેમાં હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. પોલીસે તપાસ શરૂ કરી છે. ઘટના સમયે ગુલાબ સિદ્ધુના પરિવારજનો ઘરમાં જ હાજર હતા. પોલીસે CCTV ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે આરોપીઓની ઓળખ કરવા અને તેમની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ફાયરિંગ બાદ વાઈરલ થયેલા ઓડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે, ગુલાબ સિદ્ધુ મૂસેવાલાના નામે પ્રમોશન મેળવી રહ્યા હતા અને મૂસેવાલાના હત્યારાઓના મિત્રોના લગ્નમાં હાજરી આપી રહ્યા હતા. જોકે, પોલીસે આ વાઈરલ ઓડિયો કે કોઈ ચોક્કસ ગેંગની સંડોવણી અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરી નથી.

**નકલી સિક્કા** | **બજારમાં ₹20 ના નકલી સિક્કાઓ પણ ફરતા થયા....**

# ઉત્તરપ્રદેશના સહારનપુરમાંથી મળ્યા ₹1.20 લાખના નકલી સિક્કા

(એજન્સી) ઉત્તરપ્રદેશ | તા.13

સહારનપુર પોલીસે 20ના નકલી સિક્કાઓનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. કુલદીપ અને વિપિન નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ આશરે 1.20 લાખના નકલી સિક્કા બજારમાં વટાવતા હતા. તેઓને 4,000ના સિક્કા વટાવવા બદલ 400 કમિશન મળતું હતું. પોલીસે સિક્કાના મુખ્ય સપ્લાયર અને ઉત્પાદન સ્થળની તપાસ શરૂ કરી છે.અત્યાર સુધી સામાન્ય રીતે 500 રૂપિયાની નકલી નોટોના કિસ્સાઓ સામે આવતા હતા, પરંતુ હવે બજારમાં 20 ના નકલી સિક્કાઓ પણ ફરતા થઈ ગયા છે. સહારનપુર પોલીસ અને SOGની સંયુક્ત ટીમે આશરે 1.20 લાખની કિંમતના 20 રૂપિયાના નકલી સિક્કા ઝડપી લીધા છે. 4,000 ના સિક્કા વટાવવા પર મળતા હતા 400 પોલીસ



પૂછપરછમાં નકલી સિક્કાઓને બજારમાં અને દુકાનો પર વટાવવા બદલ કમિશન આપવામાં આવતું હોવાની વિગત સામે આવી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ કુલદીપ અને વિપિન તરીકે થઈ છે. આરોપી કુલદીપે ખુલાસો કર્યો કે 4,000 રૂપિયાના નકલી સિક્કા દુકાનો પર વટાવવા બદલ તેને 400 રૂપિયાનું કમિશન મળતું હતું. બંને આરોપીઓ જાતે સિક્કા બનાવતા નહોતા, પરંતુ બહારથી માલ મેળવીને બજારમાં ફેરવવાનું કામ કરતા હતા.હવે પોલીસનું મુખ્ય ધ્યાન સિક્કાઓનો સપ્લાય કરનાર મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા પર છે. આ નકલી સિક્કા ક્યાં તૈયાર થતા હતા, સહારનપુર સુધી કેવી રીતે પહોંચ્યા અને અત્યાર સુધીમાં કેટલો જથ્થો બજારમાં ઘૂસાડવામાં આવ્યો છે, તે દિશામાં સઘન તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ સહારનપુરની PNB માંથી 17.29 કરોડની નકલી નોટો મળી આવવાના હાઈપ્રોફાઈલ કેસની તપાસ હાલ NIA કરી રહી છે. તેવામાં હવે 20 ના નકલી સિક્કાઓ મળી આવતા નકલી કરન્સીના કાળા કારોબારને લઈને ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે.

CONN PLEX CINEMAS

**કોનપ્લેક્સ સિનેમાઝ લિમિટેડ**

(અગાઉ વીસીએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)

[CIN: L74110GJ2015PLC111882]

રજિસ્ટર્ડ ઓફિસ: બ્લોક C-1001, ક્રિશ ક્યુબિકલ, એવલોન હોટેલની સામે, ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, થલતેજ, અમદાવાદ, દસક્રોઈ, ગુજરાત, ભારત, 380059

ઈમેઈલ: cs@theconnplex.com; વેબસાઈટ: www.theconnplex.com

ટેલિફોન: +91 079 35289865

**જાહેર સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે કોનપ્લેક્સ સિનેમાસ લિમિટેડ ('કંપની') (અગાઉ VCS ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) ના સભ્યોની અસાધારણ સામાન્ય સભા (EGM) શુક્રવાર, 09 ઓક્ટોબર, 2026 ના રોજ બપોરે 16:00 કલાકે (IST) વિડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજવામાં આવશે. આ સભા કંપનીઝ એક્ટ, 2013 અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ની લાગુ પડતી જોગવાઈઓ તેમજ MCA પરિપત્ર ક્રમાંક 09/2024 (તારીખ 19 સપ્ટેમ્બર, 2024) અને SEBI પરિપત્ર ક્રમાંક SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 (તારીખ 03 ઓક્ટોબર, 2024) ના અનુસંધાનમાં EGM ની સૂચનામાં દર્શાવેલ કામકાજ હાથ ધરવા માટે યોજાશે.

કંપની ઉપર જણાવેલ પરિપત્રોના પાલનમાં સભ્યોને VC/OAVM દ્વારા સભામાં હાજર રહેવાની અને સભા દરમિયાન ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડતા આનંદ અનુભવે છે. કટ-ઓફ તારીખે શેર ધરાવતા સભ્યો EGM ની સૂચનામાં આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરીને તેમનો મત આપી શકે છે.

EGM ની સૂચના ફક્ત તે જ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે, જેમનાં નામ 11 સપ્ટેમ્બર, 2026 ના રોજ સંબંધિત ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા સભ્યોના રજિસ્ટર/લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે અને જેમનાં ઈમેલ સરનામાં કંપની/ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે. તેથી, જે સભ્યોએ તેમનું ઈમેલ આઈડી (email ID) રજીસ્ટર કરાવ્યું નથી, તેમને કંપની તરફથી ઈ-કોમ્યુનિકેશન (e-communication) મેળવવા માટે નીચે જણાવેલ પ્રક્રિયા અનુસરીને તે રજીસ્ટર કરાવવા વિનંતી કરવામાં આવે છે:

a. જે સભ્યો પાસે ફિઝિકલ મોડ (physical mode) માં શેર છે, તેમને વિનંતી છે કે તેઓ તેમનું ઈમેલ સરનામું રજીસ્ટર કરાવવા માટે ફોલિયો નંબર (Folio no.), સભ્યનું નામ અને પાન કાર્ડ (PAN Card) તથા આધાર કાર્ડ (Aadhar Card) ની સ્વ-પ્રમાણિત નકલ જેવી જરૂરી વિગતો સાથે cs@theconnplex.com પર ઈમેલ મોકલે.

b. જે સભ્યો પાસે ડીમેટ મોડ (Demat mode) માં શેર છે, તેમને વિનંતી છે કે તેઓ ઈમેલ સરનામાં રજીસ્ટર કરાવવા માટે તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (Depository Participant) નો સંપર્ક કરે.

કંપનીની EGM (અસાધારણ સામાન્ય સભા) ની નોટિસ કંપનીની વેબસાઈટ https://theconnplex.com/ અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ https://www.nseindia.com/ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કોનપ્લેક્સ સિનેમાઝ લિમિટેડ માટે
(અગાઉ VCS ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું)
Sd/-
અનિશ તુલશીભાઈ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 07823715

સ્થાન: અમદાવાદ
તારીખ: ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

સિટી એક્સપ્રેસ
MONDAY 14 SEPTEMBER-2026
AHMEDABAD

## અમદાવાદમાં અકસ્માતના બે અલગ-અલગ બનાવમાં 2ના મોત

અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ભારે તેમજ બેફામ દોડતા વાહનોને કારણે સર્જાયેલા બે અલગ-અલગ અકસ્માતમાં બે લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે. વટવા જીઆઈડીસીમાં ત્રિકમપુરા પાટિયા પાસે ઈકો કારે સાયકલ સવારોને ટક્કર મારતાં કંપની કર્મચારીનું મોત થયું હતું, જ્યારે પીપળજ નજીક સુરતથી આવેલા 19 વર્ષીય યુવકને પુરઝડપે આવેલા ડમ્પરે અડફેટે લેતાં ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. બંને કેસમાં 'જે' અને 'કે' ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુના નોંધી ફરાર વાહનચાલકો સામે તપાસ હાથ ધરી છે.

## રખિયાલમાં બ્રાન્ડેડ કંપનીના બનાવટી ખાદ્ય તેલનો જથ્થો ઝડપાયો

અમદાવાદ | ખાનગી કંપનીમાં નોકરી કરતા ફરિયાદી ભુષણ દાણીને બાતમી મળી હતી કે રખિયાલ વિસ્તારમાં આવેલા ગુજરાત બેકરી પાસેની ઘાણીવાળા ટ્રેડર્સ નામની દુકાનમાં તેની કંપનીના કપાસિયા તેલના ડુપ્લિકેટ ડબ્બા વેચવામાં આવી રહ્યા છે. આ માહિતીના આધારે 12મી સપ્ટેમ્બરના રોજ ફરિયાદીએ રખિયાલ પોલીસને સાથે રાખીને દુકાનમાં તપાસ કરી હતી. ત્યાં દુકાનમાંથી અમિત કુશવાહ નામનો શખસ મળી આવ્યો હતો. તેની દુકાનમાં તપાસ કરતા કપાસિયા તેલના લેબલ, બારકોડ અને લાલ રંગના ડુપ્લિકેટ સીલ મારેલા કુલ 44 ડબ્બા મળી આવ્યા હતા.



### ૩૦ બેડના અદ્યતન ડાયાલિસીસ સેન્ટર સહિત મેડિકલ અને સર્જિકલ ICUનું વિસ્તરણ....

# સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ નવીનતમ સુવિધાઓનું લોકાર્પણ કરતા DMCY હર્ષ સંઘવી...!

સુરત : નવી સિવિલ હોસ્પિટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરતના કિડની બિલ્ડિંગ ખાતે આજરોજ વિવિધ નવી આરોગ્ય સુવિધાઓના લોકાર્પણ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે તથા આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. તેમની સાથે ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ તથા મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પારૂલ વડગામા પણ ઉપસ્થિત રહ્યા હતા.

નવી સિવિલ હોસ્પિટલ ખાતે ૩૦ બેડના અધતન ડાયાલિસીસ સેન્ટર, મેડિકલ ICUનું ૧૦ બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, સર્જિકલ ICUનું ૧૦ બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, ઓર્ગન ડોનેશનના દર્દીઓ માટે આઈસોલેશન ICU, અપગ્રેડેડ ઈમરજન્સી વિભાગ તથા સાકેત ગ્રુપ દ્વારા હેલ્પ ડેસ્ક સહિતની વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોસ્પિટલનો પરિવાર દરરોજ ૪૫૦૦ થી ૫૦૦૦ લોકોને OPDના માધ્યમથી સારવાર આપે છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં જેટલા દર્દીઓની સારવાર થાય છે તેના કરતાં પણ વધારે દર્દીઓની સારવાર કરીને તેમને સ્વસ્થ કરી ઘરે મોકલવાનું મહત્વપૂર્ણ કાર્ય સિવિલ હોસ્પિટલનો પરિવાર અને નર્સિંગ ટીમ કરી રહી છે. ૧૫૦૦ બેડના દર્દીઓને સેવા આપવા માટે સિવિલ હોસ્પિટલની ટીમ દરરોજ અડીખમ ઊભી રહે છે.

સિવિલ હોસ્પિટલમાં એવા અનેક દર્દીઓ આવે છે જેમનો કોઈ પરિવાર હોતો નથી અથવા તેમનો પરિવાર તેમને છોડીને ચાલ્યો ગયો હોય છે. આવા સમયે નર્સિંગ સ્ટાફના ભાઈ-બહેનો તેમના પરિવારજનો બનીને નિ:સ્વાર્થ ભાવે તેમની સેવા કરે છે. નિરાધાર દર્દીઓ અને પરિવારથી વિખૂટા પડેલા લોકોની સારવાર ઉપરાંત તેમની અન્ય જરૂરિયાતોમાં પણ નર્સિંગ સ્ટાફ પરિવારના સભ્યની જેમ જવાબદારી નિભાવે છે.

વધુમાં તેમણે કહ્યું કે, સુરતમાં એક સમયે માત્ર એક જ ડાયાલિસિસ સેન્ટરની સુવિધા હતી, જ્યારે આજે ૩૦થી વધુ ડાયાલિસિસ સેન્ટરની સુવિધા ઊભી કરવામાં આવી છે. તેમણે આરોગ્ય ક્ષેત્રમાં સતત વિસ્તરી રહેલી સુવિધાઓને મહત્વપૂર્ણ ગણાવી હતી.

તેમણે કોરોના મહામારીના સમયને યાદ કરતાં જણાવ્યું હતું કે, જ્યારે કોરોનાની તકલીફ વધી રહી હતી સ્ટેમસેલ અને કિડની બિલ્ડિંગોમાં ઝડપથી કોરોના માટેના વોર્ડ ઊભા કરી દર્દીઓને બચાવવાનું કાર્ય થયું હતું. તે સમયે સિવિલ હોસ્પિટલની તબીબી અને નર્સિંગ ટીમે દિવસ-રાત એક કરીને કરેલી કામગીરીને યાદ કરીને સૌને અભિનંદન પાઠવ્યા હતા.

સિવિલ હોસ્પિટલની ઓર્ગન ડોનેશન ટીમની કામગીરીને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, જીવનદાન બચાવવાના ક્ષેત્રમાં સિવિલ





હોસ્પિટલની ટીમે અદભુત કાર્ય કર્યું છે. સિવિલ હોસ્પિટલની ટીમમાં સેવા કરવાની માનવતા અને એક ટીમ બનીને આગળ વધવાની ભાવના ખૂબ મોટું ભગીરથ કાર્ય છે. તેમણે સમગ્ર સિવિલ હોસ્પિટલને સ્વચ્છ બનાવવાનો અને સમગ્ર દેશમાં સારી સારવાર મળે તેવો સંકલ્પ કરવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ કોરોના કાળ દરમિયાન તેમણે નિષ્ઠાપૂર્વક બજાવેલી ફરજને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના સમગ્ર સ્ટાફ અને તબીબોની કામગીરીથી તેમને પોતાના 'સિવિલ પરિવાર' પર ગર્વ છે. હોસ્પિટલમાં સ્વચ્છતા, સારો વ્યવહાર અને દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે દિશામાં સતત કામગીરી થઈ રહી છે.

નર્સિંગ ક્ષેત્રને સેવાભાવપૂર્ણ ગણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે, નર્સ તરીકે સેવા આપવીએ ગૌરવની બાબત છે. સુરત અને અમદાવાદ સિવિલ હોસ્પિટલની ટીમોએ અંગદાનના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર કામગીરી કરી છે. સિવિલ હોસ્પિટલના સ્ટાફ, તબીબો અને નર્સિંગ ટીમને સુરતનો દરેક વ્યક્તિ ગર્વથી જુએ તેવું વાતાવરણ ઊભું કરવાનો સંકલ્પ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં કામરેજ ખાતે ૧૫૦૦ બેડની હોસ્પિટલ બનાવવા માટેની ચાલી રહેલી કામગીરીની વિગતો આપી હતી. આરોગ્ય ક્ષેત્રના તબીબો, કર્મચારીઓને અંત્યોદય સુધી નિષ્ઠાપૂર્વક આરોગ્ય સેવા પહોંચે તેવા પ્રયાસો કરવાનો અનુરોધ કર્યો હતો.

તબીબી ક્ષેત્રમાં રેગિંગની ઘટનાઓને ગંભીર ગણાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિનિયર દ્વારા જુનિયરનું રેગિંગ કોઈપણ રીતે સ્વીકારી શકાય નહીં. તબીબી ક્ષેત્રે સૌએ શિસ્ત અને જવાબદારી સાથે શ્રેષ્ઠ કામગીરી કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, અહીંથી હજારો દર્દીઓ સારવાર મેળવી આશીર્વાદ આપીને જાય છે. નિષ્ઠાપૂર્વક કરવામાં આવતું કાર્ય સમાજમાં હંમેશાં યાદ રહેતું હોવાનું કહ્યું હતું. તેમણે સેવાભાવના, સ્વચ્છતા અને ઉત્તમ સારવારને કેન્દ્રમાં રાખીને સિવિલ હોસ્પિટલને વધુ શ્રેષ્ઠ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ અવસરે મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પારૂલ વડગામાએ સ્વાગત પ્રવચન કરીને સિવિલ હોસ્પિટલમાં આરોગ્યક્ષેત્રે થઈ રહેલા બદલવા, અપગ્રેડેશન અંગેની વિગતો આપી હતી.

# દીવનો દરિયો તોફાની, 10 ફૂટ ઊંચા મોજા ઉછળ્યા

### જાફરાબાદના બંદરે 3 નંબરનું સિગ્નલ, અમદાવાદમાં વરસાદ વચ્ચે મકાન ધરાશાયી થતા ત્રણ દટાયા; સુરત સહિત 4 જિલ્લામાં આજે રેડ એલર્ટ

અમદાવાદ | એક સાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થતા આજે 13 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં છુટા છવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે વડોદરા, અમદાવાદ, આણંદ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. એ સાથે રાજ્યમાં આ સિઝનમાં જ્યાં સૌથી વધુ વરસાદની ઘટ છે એવા દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં આવતીકાલે 14મીએ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

આજે સવારે 6થી બપોરના 2 વાગ્યા સુધીમાં 134 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારીના વાંસદામાં સવા ત્રણ ઈંચ, ધરમપુર અને અંબિકામાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે રાજ્યના 21 તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તો અમરેલી જિલ્લાના જાફરાબાદના બંદરે ભયજનક ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે દાસના જણાવ્યા અનુસાર, 14 અને 15 સપ્ટેમ્બરે કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. એ સાથે જ પવનની ગતિ 60થી 70 કિમિ ઝડપે રહેવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. આજે 13 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ત્યારે દરિયામાં ભારે મોજા ઉછળવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલ 3,13,099 એમસીએફટી (93.72 ટકા) પાણીનો સંગ્રહ છે, જેમાં 50,145 ક્યુસેક આવક સામે 33,705 ક્યુસેક જાવક ચાલુ છે. આ સિવાય રાજ્યના અન્ય 206 જળાશયમાં કુલ ક્ષમતાના 65.42 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના કુલ 17 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે, 1 ડેમ 70 ટકાથી વધુ અને 25 ડેમ 50 ટકા થી 70 ટકા વચ્ચે ભરાયેલા છે. રાજ્યના 34 ડેમ માટે 'હાઈ એલર્ટ' (જેમાં ધાતરવડી, પિગુત, ઢોલી, કેલિયા, જૂજ, લાલપરી, દોસવાડા વગેરે સામેલ છે). 11 ડેમ માટે 'એલર્ટ' અને 13 ડેમ માટે 'વોર્નિંગ' આપવામાં આવી છે

રાજ્યમાં સિઝનનો સરેરાશ 75 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જો કે, 25 જિલ્લામાં હજી પણ 1 ટકાથી લઈ 88 ટકા સુધી વરસાદની ઘટ વર્તાઈ રહી છે. આગામી બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી હોય આ ઘટ પૂરાવાની સૌ કોઈ આશા સેવી રહ્યા છે.

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં પણ અંધારપટ છવાયો છે. શાહીબાગ, મેઘાણીનગર, સરસપુર, બાપુનગર, દૂધેશ્વર, દરિયાપુર, શાહપુર સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે.

અમદાવાદ શહેરના ખાડિયા ચાર રસ્તા પાસે લાલાભાઈની બારી નજીક એક મકાન પડવાની ઘટના બની છે.

# BRTS-AMTSના ડ્રાઈવરની બબાલ, બસોને રોકી મુસાફરોને ઉતાર્યા...




અમદાવાદ | અમદાવાદના ઈસ્કોન ચાર રસ્તા પાસે આજે સવારના સમયે AMTS અને BRTS બસ ચાલક વચ્ચે બોલાચાલી થતા AMTS બસ ડ્રાઈવર કોરિડોરમાં જ બસ અધવચ્ચે મૂકી જતો રહ્યો હતો. ડ્રાઈવરે અન્ય બસોને રોકીને પણ મુસાફરોને નીચે ઉતાર્યા હતા. જેના કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

BRTS કોરિડોરમાં AMTS બસ ચાલકે ઓવરટેક કરવા જતા BRTS બસ ચાલક ઉગ્ર થતાં મામલો ગરમાયો હતો. ઘટનાની જાણ એમટીએસ અને બીઆરટીએસના ઉચ્ચ અધિકારીઓને થતા દોડધામ મચી હતી. બંનેના ડ્રાઈવરોને સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો અને બસ સેવા રાબેતા મુજબ શરૂ થઈ હતી. AMTS અને BRTS બસના ડ્રાઈવર વચ્ચે માથાકૂટ થતા ટ્રાન્સપોર્ટ સુવિધા અટકી પડી હતી. બસના ડ્રાઈવરોએ અન્ય બસોને પણ રોકી મુસાફરોને બસમાંથી ઉતાર્યા હતા. બીજી તરફ ઘટનાને લઈ જાણ કરતા વિજિલન્સ વિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસને જાણ કરતા સેટેલાઈટ પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી હતી.

## ગુજરાતમાં 635 કરોડના મહાકૌભાંડનો રેલો ગાંધીનગર પહોંચ્યો

ગાંધીનગર | ગુજરાતના સૌથી મોટા 635 કરોડ રૂપિયાના ફ્રોડ નેટવર્કનો રેલો ગાંધીનગર સુધી પહોંચ્યો છે. આ મામલે યુવકે પોતાની સાથે રોકાણના નામે 2.50 લાખની ઠગાઈ થયાની સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ પ્રકરણમાં પોલીસે અત્યાર સુધીમાં 6 આરોપીઓની ધરપકડ કરી છે. કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મહેસાણાનો ધવલ પટેલ હાલમાં ફરાર છે.

આ ઠગ ટોળકીએ ગાંધીનગરના કુડાસણ સ્થિત VTC કોમ્પ્લેક્સના પાંચમા માળે ઓફિસ ખોલીને પણ અનેક રોકાણકારોને નિશાન બનાવીને મોટી ઠગાઈ આચરી હતી. ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ ગાંધીનગરના સેક્ટર-13એ વિસ્તારમાં રહેતા અને કુડાસણ ખાતે પ્રમુખ આર્કેડમાં લોન અપાવવાનું કામકાજ કરતા સ્મિતકુમાર ગિરીશભાઈ શ્રીમાળી નામના યુવક સાથે આ પ્રકારે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો.

આ કૌભાંડનો સિલસિલો 10 જુલાઈ 2025થી 12 સપ્ટેમ્બર 2026 દરમિયાન ચાલ્યો હતો.

# રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬માં નાગરિકો પણ બની શકશે સહભાગી : નાગરિકો માટે નિ:શુલ્ક ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે વિશેષ વેબસાઈટ લોન્ચ

એકતા નગર | ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક તથા આધુનિક ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતા નગર ખાતે *'રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬*ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરવામાં આવશે.

આ વર્ષે રાષ્ટ્રીય એકતા પરેડને વિશાળ ફલક પર આયોજિત કરવામાં આવી રહી છે. પરેડમાં દેશભરના પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો, વિવિધ રાજ્યોના પોલીસ દળો, કલાકારો તથા વિવિધ બેન્ડ દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે.પરેડના માધ્યમથી ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોકકલા, પરંપરા અને રાષ્ટ્રીય એકતાના વૈવિધ્યસભર રંગોનું ભવ્ય નિદર્શન કરવામાં આવશે.

પોલીસ અને અર્ધલશ્કરી દળોના આશરે ૧૦,૦૦૦ જવાનોની ભવ્ય પરેડ દેશના વિવિધ રાજ્યોના આશરે ૪,૭૦૦ કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ

ભારતીય વાયુસેના દ્વારા શાનદાર ફ્લાયપાસ્ટ વિવિધ બેન્ડ દ્વારા દેશભક્તિપૂર્ણ પ્રસ્તુતિમાનનીય પ્રધાનમંત્રીશ્રીનું સંબોધન આ વર્ષની રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ભવ્ય, આકર્ષક અને યાદગાર બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણી દરમિયાન ભારતની એકતા, શક્તિ, અખંડિતતા અને વિવિધતામાં એકતાની ભાવનાનું ભવ્ય પ્રદર્શન જોવા મળશે.

*નાગરિકો પણ બની શકશે રાષ્ટ્રીય એકતા પરેડના સાક્ષી* રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ની ઉજવણીને જનભાગીદારી સાથે જોડવાના ઉદ્દેશ્યથી ગત વર્ષની જેમ આ વર્ષે નાગરિકોને પણ રાષ્ટ્રીય એકતા પરેડમાં ઉપસ્થિત રહીને આ ભવ્ય રાષ્ટ્રીય પર્વના સાક્ષી બનવાની અનમોલ તક મળી છે.

નાગરિકો વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી જરૂરી માહિતી તથા દસ્તાવેજો અપલોડ કરી શકશે. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓથોરિટી દ્વારા નોંધાયેલા ઈ-મેઈલ સરનામે કન્ફર્મેશન/એન્ટ્રી પાસ મોકલવામાં આવશે.રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિ:શુલ્ક રહેશે અને નોંધણી 'વહેલા તે પહેલાં'ના ધોરણે કરવામાં આવશે.

પરેડનો પ્રારંભ નર્મદા માતા પ્રતિમા થી રેપ્લિકા ગાર્ડન, SRP કોલોની નજીક પૂર્ણ થશે..

રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ તથા તા. ૧ નવેમ્બર ૨૦૨૬ થી તા. ૧૫ નવેમ્બર ૨૦૨૬ દરમ્યાન આયોજિત *'ભારત પર્વ-૨૦૨૬'*માં ભાગ લેવા અને આ ભવ્ય ઉજવણીનો અનુભવ કરવા આવનારા પ્રવાસીઓ માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (TCGL) દ્વારા એકતા નગર ખાતે વિશેષ 'ડોમ સિટી' વિકસાવવાનું આયોજન છે, આ રહેણાક સુવિધા ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. પ્રવાસીઓ માટે ઉપલબ્ધતાના આધારે વિવિધ રહેણાક વિકલ્પોનું બુકિંગ કરી શકાશે. રહેણાક બુકિંગ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી શ્રી અમિત અરોરાએ જણાવ્યું હતું કે: "આપણા સૌ માટે આ વર્ષ અત્યંત ગૌરવપૂર્ણ અને મહત્વપૂર્ણ છે.

# દીકરીને પરીક્ષા અપાવવા આજીજી કરતા વાલીને ધક્કો મારી બહાર કાઢ્યા:ગુજરાત કોલેજના ગેટ પાસે કહ્યું-જીવતા જીવ મરી ગયા હોય તેવું લાગ્યું, NDA-CDSની પરીક્ષા

અમદાવાદ | અમદાવાદ સહિત દેશભરના વિવિધ પરીક્ષા કેન્દ્રો UPSC દ્વારા પરીક્ષાનું આયોજન કરાયું હતું. ડિફેન્સ સર્વિસમાં જોડાવવા માંગતા યુવાનો માટે નેશનલ ડિફેન્સ એકેડેમી(NDA) અને કમ્બાઉન્ડ ડિફેન્સ સર્વિસ(CDS)ની પરીક્ષાનું આયોજન કરાયું હતું. જોકે પરીક્ષા દરમિયાન ગુજરાત કોલેજ ખાતે આવેલા સેન્ટર પર વિવાદ સર્જાયો હતો.

ગુજરાત કોલેજમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણ બિલ્ડિંગમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા સેન્ટર થોડા મોડા પહોચતા તેમને પરીક્ષા સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો નહતો. એક વાલીને શ્વાસની તકલીફ હોવાથી સેન્ટર પહોંચવામાં મોડું થઈ ગયું હતું. દીકરીને પરીક્ષા અપાવવા માટે વાલી કેમ મોડું થયું તે સાંભળવામાં આવે તેવી આજીજી કરતા રહ્યા હતા. રજૂઆત સાંભળ્યા બાદ યોગ્ય લાગે તો જવા દેવામાં આવે તેવી વિનંતી કરતા રહ્યા પરંતુ તેમની દીકરીને પરીક્ષા સેન્ટર પર એન્ટ્રી ન આવતા અંતે નિરાશ થઈને જવું પડ્યું હતું. વાલી નિલેશ બારોટે જણાવ્યું હતું કે,જીવતા જીવ મરી ગયા હોય તેવું લાગ્યું.

NDA-NA II માટે કુલ 394 જગ્યાઓ જાહેર કરવામાં આવી હતી. બીજી તરફ CDS-II 2026માં કુલ 451 જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હતી. NDA-NA પરીક્ષા દ્વારા આર્મી, નેવી અને એરફોર્સમાં પ્રવેશ માટે જ્યારે CDS દ્વારા IMA, INA, એર ફોર્સ એકેડેમી અને ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે.

નેશનલ ડિફેન્સ એકેડેમી એન્ડ નેવલ એકેડેમી એક્ઝામિનેશન (II) માટેનું પ્રથમ પેપર સવારે 10 વાગ્યાથી શરૂ થઈને 12.30 વાગ્યા સુધી છે. ત્યારબાદ બપોરના સત્રમાં બીજું પેપર 2.00 વાગ્યાથી 4.30 વાગ્યા સુધી જનરલ એબિલિટી ટેસ્ટ (GAT) છે.

કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ એક્ઝામિનેશન (II)નું આયોજન દિવસ દરમિયાન 3 તબક્કામાં કરવામાં આવ્યું છે. જેમાં સવારે 9 વાગ્યાથી 11 વાગ્યા સુધી અંગ્રેજી વિષયનું પ્રથમ પેપર લેવામાં આવ્યું છે. ત્યારબાદ બીજા તબક્કામાં બપોરે 12.30 વાગ્યાથી 2.30 વાગ્યા સુધી જનરલ નોલેજનું પેપર અને અંતિમ તબક્કામાં સાંજે 4 વાગ્યાથી 6 વાગ્યા સુધી એલિમેન્ટરી મેથેમેટિક્સની પરીક્ષા.

વાલી નિલેશભાઈ બારોટે જણાવ્યું હતું કે, મારી દીકરીની આજે પરીક્ષા હતી પરંતુ મને શ્વાસની તકલીફ થતા હું ઘરેથી 10 મિનિટ મોડો નીકળ્યો હતો. જોકે સેન્ટર પર 9 વાગ્યાનો ટાઈમ હતો પરંતુ હું 8.45 એ આવી ગયો હતો. હવે અમને એન્ટ્રી પણ આપતા નથી અને કોઈ અધિકારીને મળવા પણ દેતા નથી. જેથી હવે મારી દીકરી સાથે બહાર ઊભો છું. આજે જીવતા જીવ મરી ગયા હોય તેવું લાગ્યું છે. હું એક સામાન્ય ડ્રાઈવર છું અને દીકરીને ખૂબ મજૂરી કરીને ભણાવી છે. અમે કોઈ રૂપિયા વાળા નથી. અમને ગેટની અંદર પણ જવા દેતા નથી અને કોઈ અધિકારી સાથે મળવા પણ દેતા નથી.

# અમદાવાદની સાબરમતીમાંથી તરતા હાડપિંજર બાદ યુવકની લાશ મળી : બંને ઘટના રહસ્યમય

અમદાવાદ | અમદાવાદની સાબરમતી નદીમાંથી આજે (13 સ્ટેમ્બર)યુવકની તરતી લાશ મળી આવી છે. મૃતદેહની તપાસ કરતા હાથમાં મોબાઈલ નંબર અને 'મેરે પાપા કો મેરી બોડી પહોંચા દેના' તેવું લખાણ મળી આવ્યું હતું. પોલીસે મોબાઈલ નંબર પર મૃતકના પિતાને જાણ કરીને મૃતદેહ સોંપવા તજવીજ હાથ ધરી છે. નોંધનીય છે કે, ગઈકાલે પણ સાબરમતી નદીમાંથી એક હાડપિંજર મળી આવ્યું હતું.



સાબરમતી નદીમાં સવારના 10:30 વાગ્યાની આસપાસ એક યુવકની તરતી લાશ દેખાતી હતી, જેની ફાયર અને પોલીસને જાણ થતા તાત્કાલિક બંને ટીમ રિવરફ્રન્ટ પહોંચી હતી. ફાયરની રિવર રેસ્ક્યૂ ટીમે યુવકની લાશ બહાર કાઢી હતી. લાશ પાસેથી તપાસ કરતા કોઈ ડોક્યુમેન્ટ મળી આવ્યા ન્હોતા, પરંતુ મૃત યુવકના હાથ પરથી લખાણ મળી આવ્યું હતું, જેમાં હિન્દીમાં લખ્યું હતું કે, મેરે પાપા કો મેરી બોડી પહોંચા દેના અને મોબાઈલ નંબર પણ લખવામાં આવ્યો હતો. રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે તપાસ કરતા મૃત યુવકનું નામ રોહિત પ્રજાપતિ હતું, જે રાજસ્થાનના ડુંગરપુરનો રહેવાસી છે. પોલીસે મૃતક યુવકના પરિવારને ફોન કરીને જાણ કરી છે. આ સાથે જ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. હાલ તો પોલીસે યુવકે આપઘાત કર્યો કે અન્ય કોઈ કારણો છે?.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...